અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૩ જુલાઈ ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, અષાઢ વદ ૧૪ | અંક : ૨૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### આર્ટિકલ 67(A)નો આપ્યો હવાલો

# ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે અચાનક પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું

## સ્વાસ્થ્ય સંભાળને પ્રાથમિકતા આપવા અને તબીબી સલાહનું પાલન કરવા માટે, હું બંધારણની કલમ 67 (A) મુજબ તાત્કાલિક અસરથી ભારતના ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપું છું



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. જાણકારી અનુસાર, તેમણે સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓના કારણે રાજીનામું આપ્યું છે. મળતી માહિતી અનુલાર જગદીપ ધનખડે સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓના કારણે પોતાના પદ પરથી રાજીનામું આપ્યું છે. તેમણે પોતાના રાજીનામામાં કલમ ૬૭ (A)નો ઉલ્લેખ કર્યો છે. તેમણે લખ્યું છે કે, સ્વાસ્થ્ય સંભાળને પ્રાથમિકતા આપવા અને તબીબી સલાહનું પાલન કરવા માટે, હું બંધારણની કલમ 67 (A) મુજબ તાત્કાલિક અસરથી ભારતના ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપું છું. રાષ્ટ્રપતિને સંબોધિત પત્રમાં તેમણે લખ્યું કે, 'હું ભારતના માનનીય રાષ્ટ્રપતિના પ્રતિ અતૂટ સમર્થન અને મારા કાર્યકાળ દરમિયાન બનેલા સુખદ અને અદ્ભુત કાર્યકારી સંબંધો માટે ઊંડો આભાર વ્યક્ત કરું છું.' હું માનનીય પ્રધાનમંત્રી અને તેમના માનનીય મંત્રી પરિષદનો ઊંડો આભાર વ્યક્ત કરું છું. પ્રધાનમંત્રીનો સહકાર અને સમર્થન અમૂલ્ય રહ્યું છે અને મેં મારા કાર્યકાળ દરમિયાન તેમની પાસેથી ઘણું શીખ્યું છે.

તેમણે આગળ લખ્યું કે, 'સંસદના તમામ માનનીય સભ્યો તરફથી મને મળેલી હૂંફ, વિશ્વાસ અને સ્નેહ હંમેશા મારી સ્મૃતિમાં રહેશે. હું આપણા મહાન લોકશાહીમાં ઉપરાષ્ટ્રપતિ તરીકે મળેલા અમૂલ્ય અનુભવો માટે હું ખૂબ આભારી છું.' આ સમય દરમિયાન ભારતની પ્રગતિ અને વિકાસનો સાક્ષી બનવું અને તેમાં ભાગ લેવો મારા માટે એક લહાવો રહ્યો છે. આપણા રાષ્ટ્રના ઈતિહાસના આ પરિવર્તનશીલ યુગમાં સેવા આપવી મારા માટે ખરેખર સન્માનની વાત રહી છે. આ પ્રતિષ્ઠિત પદ છોડતી વખતે, હું ભારતના વૈશ્વિક ઉદય અને અભૂતપૂર્વ સિદ્ધિઓ પર ગર્વ અનુભવું છું અને તેના ઉજ્જ્વળ ભવિષ્યમાં અતૂટ વિશ્વાસ અનુભવું છું. સંવિધાનનું આર્ટિકલ ૬૭ ઉપરાષ્ટ્રપતિના કાર્યકાળ સાથે સંબંધિત છે અને આર્ટિકલ ૬૭ની સેક્શન A મુજબ, એક ઉપરાષ્ટ્રપતિ, રાષ્ટ્રપતિને સંબોધિત તેમની સહી સહિત પત્ર (રાજીનામું) લખીને તેમના પદ પરથી રાજીનામું આપી શકે છે. આર્ટિકલ ૬૭ના અન્ય એક સેક્શન અનુસાર ઉપરાષ્ટ્રપતિ તેમના કાર્યકાળની સમાપ્તિ પછી પણ તેમના અનુગામી પદ સંભાળે ત્યાં સુધી પદ પર રહેશે.

### રાજ્યસભાના ઉપસભાપતિ હરિવંશને મળશે મોટી જવાબદારી?

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડના રાજીનામાં બાદ રાજ્યસભાના ઉપ સભાપતિ હરિવંશ નારાયણને મોટી જવાબદારી સોંપવાની અટકળો વહેતી થઈ છે. હરિવંશ નારાયણે આજે રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ સાથે મુલાકાત કરી હતી. તેમની આ મુલાકાત બાદ અત્યંત મહત્ત્વની છે. તેઓ ઉપરાષ્ટ્રપતિની રેસમાં પણ આગળ છે. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડના અચાનક રાજીનામા બાદ આગામી ઉપરાષ્ટ્રપતિ કોણ બનશે તે અંગે ચર્ચા ચાલી રહી છે. રાજ્યસભાના ઉપ સભાપતિ હરિવંશ નારાયણ સિંહને આ પદ માટે સંભવિત ચહેરો માનવામાં આવી રહ્યો છે. જગદીપ ધનખડનો કાર્યકાળ ૧૧ ઓગસ્ટ ૨૦૨૭ સુધીનો હતો. જોકે, તેમણે સ્વાસ્થ્યના કારણોસર રાજીનામું આપ્યું હતું. બીજી બાજુ કોંગ્રેસનું કહેવું છે કે ભાજપે જ નીતિશ કુમારને પ્રમોટ કરવા માટે જગદીપ ધનખડ પર રાજીનામું આપવા દબાણ કર્યું હતું. રાજ્યસભાના સભાપતિનું પદ ખાલી થયા બાદ હરિવંશ નારાયણ સિંહે કાર્યકારી સભાપતિ તરીકેની જવાબદારી સંભાળી લીધી છે.

### વિપક્ષી સાંસદોએ બેનર સાથે દેખાવો કર્યા

# સંસદમાં સતત હોબાળાના કારણે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત રખાઇ

## સત્ર શરૂ થતાં જ વિપક્ષી સાંસદોએ 'ઓપરેશન સિંદૂર' પર ચર્ચાની માંગણી સાથે ગૃહમાં સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા હતા



। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૨ ।

સંસદમાં ચાલી રહેલા ચોમાસુ સત્રના બીજા દિવસે પણ વિપક્ષોએ ભારે હંગામો કર્યો છે, જેના કારણે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી આવતીકાલ (૨૩ જુલાઈ) સુધી સ્થગિત કરી દેવાઈ છે. સત્રના પ્રથમ દિવસે વિપક્ષે પહલગામ આતંકી હુમલો અને ઓપરેશન સિંદૂર પર ચર્ચાની માંગ ઉઠાવી હતી,

ત્યારબાદ ભાગે હંગામાના કારણે બંને ગૃહોની કાર્યવાહી સ્થગિત કરવી પડી હતી. જોકે સોમવારે (૨૧ જુલાઈ) ચર્ચા બાદ રાજ્યસભાએ શિપિંગ ક્ષેત્રને લગતા 'કેરેજ બિલ ૨૦૨૫'ને ધ્વનિ મત દ્વારા મંજૂરી આપી છે.

આજે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી બુધવાર સુધી સ્થગિત કરી દેવાઈ છે. વિપક્ષના સાંસદોએ બંને ગૃહોમાં વિવિધ મુદ્દાઓ પર જોરદાર હંગામો કર્યો હતો. વિપક્ષોએ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડના રાજીનામા મુદ્દે પણ હંગામો કર્યો હતો.

ગૃહોમાં બિહારમાં SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન-મતદારોની યાદીનું પુનઃનીરિક્ષણ) મુદ્દે પણ હંગામો થયો હતો. આજના દિવસે કુલ ત્રણ વખત ગૃહની કાર્યવાહી શરૂ કરવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ વિપક્ષના હંગામો અને વિરોધ-પ્રદર્શનના કારણે થોડી જ મિનિટોમાં કાર્યવાહી સ્થગિત કરવાની નોબત આવી હતી. સત્ર શરૂ થતાં જ વિપક્ષી સાંસદોએ 'ઓપરેશન સિંદૂર' પર ચર્ચાની માંગણી સાથે ગૃહમાં સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા હતા. બેનરો સાથે વિરોધ કરી રહેલા વિપક્ષી સાંસદોએ સરકાર પર સંવેદનશીલ મુદ્દાઓ પર ચર્ચા ટાળવાનો આરોપ લગાવ્યો હતો. વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ એવો પણ આરોપ લગાવ્યો કે, મારો બંધારણીત અધિકાર છતાં મને ગૃહમાં બોલવા દેવાતો નથી.

### હેલ્થ ચેકઅપનો કાયદાકીય અધિકાર મળવો જોઈએ: રાઘવ



। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૨ ।

આમ આદમી પાર્ટી (AAP)ના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાએ સંસદમાં જનહિતની માંગણી ઉઠાવી છે. તેમણે કેન્દ્ર સરકારને વિનંતી કરી છે કે દરેક ભારતીય નાગરિકને વાર્ષિક આરોગ્ય તપાસનો કાનૂની અધિકાર આપવામાં આવે. આ અંગે રાઘવ ચઢ્ઢાએ કહ્યું છે કે કોવિડ-૧૯ પછી હાર્ટ ફેઈલ અને અન્ય રોગોના કેસમાં ભારે વધારો થયો છે, આવી સ્થિતિમાં સમયસર તપાસ કરીને ઘણા લોકોના જીવ બચાવી શકાય છે. રાઘવ ચઢ્ઢાએ 'જો તપાસ થાય છે, તો જીવન છે'નો નારો આપતા કહ્યું કે, જો શરૂઆતના તબક્કામાં રોગ શોધી કાઢવામાં આવે, તો સારવાર સરળ બને છે અને જીવન બચાવી શકાય છે. ઘણા દેશોમાં, સરકાર નાગરિકોના વાર્ષિક આરોગ્ય તપાસનો ખર્ચ ઉઠાવે છે.

### દિલ્હી સરકારનો મોટો નિર્ણય

# ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતનારને મળશે ૭ કરોડ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૨ ।

દિલ્હી સરકારે એક મહત્વનો નિર્ણય લીધો છે. ઓલમ્પિકમાં જીતનાર ખેલાડીઓને મળતી રોકડ રકમમાં વધારો કર્યો છે.

આ ઉપરાંત એશિયાડ, કોમન વેલ્થ ગેમ્સ અને નેશનલ ગેમ્સમાં પણ મેડલિસ્ટને મળતી ઈનામની રકમમાં વધારો કરવામાં આવ્યો છે. પહેલા ઓલિમ્પિક જીતવા પર ૩ કરોડ, ૨ કરોડ અને ૧ કરોડ મળતા જેમાં હવે વધારો કરવામાં આવ્યો છે. ગોલ્ડ મેડલ માટે ૭ કરોડ, સિલ્વર મેડલ માટે ૫ કરોડ અને બ્રોન્ઝ મેડલ માટે ૩ કરોડ અપાશે. આ સાથે જ ઓલિમ્પિકમાં ગોલ્ડ, સિલ્વપ જીતનારને ગ્રુપ એની નોકરી અને ઓલિમ્પિકમાં બ્રોન્ઝ જીતનારને ગ્રુપ બીની નોકરી અપાશે. અન્ય રમતોમાં પણ જીતનારને એ, બી અને સી કેટેગરીમાં નોકરી અપાશે.

આ ઉપરાંત જેઓ ધોરણ ૧૦માં સારા માર્કસથી પાસ થશે તેને લેપટોપ અપાશે. દિલ્હી સરકાર ૧૭૫ સરકારી શાળાઓમાં કમ્પ્યુટર લેબ પણ બનાવશે. તેઓ ICT લેબ્સ સ્થાપશે જે CBSE દ્વારા માન્ય પરિમાણો પર હશે. આ લેબમાં ૪૦ કોમ્પ્યુટર્સ હશે. મહત્વનું છે કે દિલ્હીમાં ૧૦૭૪ સરકારી શાળાઓ છે જેમાં ક્યાંય પણ કોમ્પ્યુટર લેબ નથી.

# સીએમ યોગી સાથે ભાજપના પૂર્વ સાંસદ બ્રિજભૂષણે કરી મુલાકાત

## આદિત્યનાથ અને બ્રિજભૂષણ શરણ સિંહ વચ્ચેના સંબંધો સારા રહ્યા નથી, બ્રિજભૂષણ શરણ સિંહ અચાનક લખનઉમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાને પહોંચ્યા

। (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૨૨ ।

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને બ્રિજભૂષણ શરણ સિંહ વચ્ચેના સંબંધો સારા રહ્યા નથી. પરંતુ સોમવારે (૨૧મી જુલાઈ) બ્રિજભૂષણ શરણ સિંહ અચાનક લખનઉમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાને પહોંચ્યા અને લગભગ અડધો કલાક સીએમ યોગી આદિત્યનાથ સાથે વાતચીત કરી હતી. હવે ભાજપના પૂર્વ સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહે પ્રતિક્રિયા આપી છે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથેની મુલાકાત બાદ મીડિયા સાથે વાત કરતા બ્રિજભૂષણ શરણ સિંહે જણાવ્યું હતું કે, 'જીવનમાં ઉતાર-ચઢાવ આવતા હોય છે. હું લગભગ ૩૧ મહિના પછી સીએમ યોગીને મળ્યો છું. જાન્યુઆરી ૨૦૨૩માં મારા પર આરોપ લાગ્યા ત્યારથી મેં મુખ્યમંત્રી સાથે



વાત કરી નહોતી. જ્યારે મારા પર આરોપ લાગ્યો ત્યારે મેં નક્કી કર્યું હતું કે આ લડાઈ મારી છે અને હું તેને લડીશ.'

ભાજપના પૂર્વ સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહે જણાવ્યું હતું કે, 'જાન્યુઆરી ૨૦૨૩માં મુખ્યમંત્રીનો કાર્યક્રમ રદ કરવામાં આવ્યો હતો, ત્યારથી મેં તેમની પાસેથી અંતર બનાવી લીધું છે. મેં કહ્યું હતું કે જ્યારે તે મને ફોન કરશે ત્યારે જ હું તેમને મળવા જઈશ, હવે જ્યારે તેમણે મને ફોન કર્યો ત્યારે હું તેમને મળવા ગયો. આ બેઠકમાં પરિવારના બે સભ્યોએ પોતાનું દુઃખ અને ફરિયાદ શેર કરી હતી, આમાં કંઈ રાજકીય નથી.'

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને બ્રિજભૂષણ શરણ સિંહ વચ્ચેની આ મુલાકાતને ખાસ રહી હતી. કારણ કે, વર્ષ ૨૦૨૭ના ચૂંટણી સમીકરણોની દ્રષ્ટિએ આ મુલાકાત ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, બ્રિજભૂષણ શરણ સિંહ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા ના પ્રમુખ રહી ચૂક્યા છે. તેમણે રામ મંદિર આંદોલનમાં પણ સક્રિય ભૂમિકા ભજવી હતી. મહિલા પહેલવાનોના આરોપો બાદ ગત લોકસભા ચૂંટણીમાં તેમની ટિકિટ કાપવામાં આવી હતી. જોકે, તેમના પુત્ર કરણ ભૂષણને ટિકિટ મળી અને તે ચૂંટણી જીતી ગયો હતો.

### રિલાયન્સ રિટેલની સ્વદેશનો વધુ એક ફ્લેગશીપ સ્ટોરનુ ઉદ્ઘાટન થશે

। મુંબઈ, તા.૨૨ ।

રિલાયન્સ રિટેલનો નવી ફ્લેગશીપ બ્રાન્ડ 'સ્વદેશ'નો સ્ટોર આગામી ૨૫ જુલાઈ, ૨૦૨૫ના રોજ મુંબઈના ઈરોસમાં શરૂ થવા જઈ રહ્યો છે. ભારતની પરંપરાગત કલા અને કલાકારોને પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધ 'સ્વદેશ'ના નવા સ્ટોરની શરૂઆતના ભાગરૂપે આયોજિત પૂજા-હવનમાં નીતા અંબાણી, તેમની દીકરી ઈશા, પુત્રવધૂ શ્લોકા, અને રાધિકાએ હાજરી આપી હતી.

# ભારતમાં ગૂગલ અને મેટાની મુશ્કેલીમાં વધારો થયો

। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।

ભારતમાં ગૂગલ અને મેટાની મુશ્કેલીમાં સતત વધારો થઈ રહ્યો છે. ED દ્વારા તેમને ફરી સમન્સ મોકલવામાં આવ્યાં છે. ગૂગલ અને મેટા પર ગેરકાયદેસર સટ્ટાબાજીની એપ્લિકેશનની એડ્સ ચલાવવા માટે બંને કંપનીઓને ૨૮ જુલાઈએ ED દ્વારા હાજરી આપવા માટે સમન્સ મોકલવામાં આવ્યાં છે. આ પહેલાં ગૂગલ અને મેટાએ કાયદાકીય દસ્તાવેજો ચોક્કસ ન હોવાથી હાજરી આપવા માટે તૈયારી નહોતી દેખાડી અને નવી તારીખની માગણી કરી હતી. આથી હવે તેમને જરૂરી પેપરની સાથે ૨૮ જુલાઈએ હાજર રહેવા માટે કહેવામાં આવ્યું છે.EDને તેમની તપાસમાં જાણવા મળ્યું હતું કે ગૂગલ અને મેટાનો ઉપયોગ ખોટી બ્રાન્ડના પ્રચાર અને ઓનલાઈન સટ્ટાબાજી ચલાવનાર એપ્લિકેશનની એડ્સ માટે કરવામાં આવતો હતો. આ એપ્લિકેશન પ્રતિબંધ હોવા છતાં દેશભરના કરોડો યુવાનોને ગેરમાર્ગે દોરવાનું કામ કરે છે. સટ્ટાબાજીની આ એપ્લિકેશન યુવાનોમાં નશાની જેમ કામ કરી રહી છે અને તેમને એની લત લાગી ગઈ છે. ભારતમાં કુલ ૨૨ કરોડ લોકો આ પ્રકારની સટ્ટાબાજીની એપ્લિકેશન સાથે જોડાયેલા છે.

# પાયલટે રનવે પર જ હાઈ સ્પીડ પ્લેનને ટેક ઓફ પહેલા રોક્યું

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૨ ।

દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટના રનવે પર દોડતી એક ફ્લાઈટમાં સોમવારે એટલે કે ૨૧ જુલાઈના રોજ ટેકનિકલ ખામી સર્જાઈ હતી. પાયલોટે બહાદુરી અને સમજદારીપૂર્વક ટેકઓફ કરતા પહેલા લગભગ ૧૫૫ કિલોમીટરની ઝડપે દોડતા વિમાનને રોકી દીધું હતું. આ પછી ફ્લાઈટમાં બેઠેલા મુસાફરો અને એરપોર્ટ અધિકારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે ટેકઓફ થયાની થોડીક સેકન્ડમાં જ પાઈલટને ટેકનિકલ ખામી વિશે ખબર પડી ગઈ હતી. આ પછી પાયલોટે ટેકઓફ કરતા પહેલા વિમાનને રોકી દીધું હતું. આ પછી એરપોર્ટ પર તપાસ કર્યા પછી એર ઈન્ડિયાની ફ્લાઈટ ૨૪૦૩ રદ્દ કરવામાં આવી હતી. સોમવારે દિલ્હીથી કોલકાતા જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ છૈ૨૪૦૩ રનવે પર દોડી રહી હતી. ત્યારબાદ પાઈલટને ફ્લાઈટમાં ટેકનિકલ ખામી લાગી. આને લઈને પાયલોટે ઈમરજન્સી બ્રેક લગાવીને ૧૫૫ કિમીની ઝડપે દોડતી ફ્લાઈટને રોકી દીધી. સૂત્રોના જણાવ્યા મુજબ પાયલોટે જોખમ લઈને આ પગલું ભર્યું હતું. એર ઈન્ડિયાએ આ મામલે એક નિવેદન જાહેર કર્યું છે.

### SCમાં ચૂંટણી પંચની દલીલ

# મતદાર પાત્રતા સાબિત કરવા આધાર કાર્ડ, વોટર ID, રેશન કાર્ડ પર ભરોસો ન કરાય

। (એજન્સી) બિહાર, તા.૨૨ ।

બિહારમાં ભારતીય ચૂંટણી પંચના આદેશને લઈને વોટર લિસ્ટ રિવિઝનનું કામ શરૂ કરવામાં આવ્યું છે. વળી, બીજી બાજુ વિપક્ષ આ પ્રક્રિયા દ્વારા મતદારોને મતદાનથી વંચિત કરવાનો આરોપ લગાવી રહ્યા છે. જોકે, ચૂંટણી પંચે બિહારમાં મતદાર યાદીમાં ચેડાં કરવાના આરોપોને નકારી દીધા છે. બિહારમાં SIR મુદ્દે સુપ્રીમ કોર્ટમાં દાખલ પોતાના જવાબમાં ચૂંટણી પંચે કહ્યું કે, 'અમે મતદાર યાદીમાંથી નકલી મતદારોને દૂર કરવા પોતાની બંધારણીય જવાબદારી નિભાવી રહ્યા છે, જેનાથી મતદારોને કોઈ તકલીફ નથી.' વળી, ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં કહ્યું છે કે આધાર કાર્ડ, મતદાર ઓળખ કાર્ડ અને રાશન કાર્ડ બિહારમાં મતદાર યાદી રિવિઝન માટે માન્ય દસ્તાવેજો નથી. કારણ કે આ દસ્તાવેજો પર ભરોસો કરી શકાય નહીં. ચૂંટણી પંચે કહ્યું કે, આધાર કાર્ડ ફક્ત એક ઓળખ પ્રમાણ છે. દેશમાં મોટી સંખ્યામાં નકલી રાશન કાર્ડ છે. જેથી હાજર મતદાર કાર્ડ પર નિર્ભર રહેવાથી વિશેષ અભિયાન નિરર્થક બની જશે. જોકે, ચૂંટણી પંચે એ વાત પર ભાર મૂકતા કહ્યું કે, મતદાર યાદીમાં નામ ન હોવાના કારણે કોઈ વ્યક્તિની નાગરિકતા સમાપ્ત નહીં થાય. મોડી સાંજે સુપ્રીમ કોર્ટમાં દાખલ એક વિસ્તૃત સોગંદનામામાં ચૂંટણી પંચે કહ્યું કે, આ પ્રક્રિયામાં કોઈપણ કાયદો અને મતદાતાઓના મૌલિક અધિકારોનું ઉલ્લંઘન નથી થયું. SIR પ્રક્રિયા હેઠળ, કોઈ વ્યક્તિની નાગરિકતા એ આધાર પર સમાપ્ત કરવામાં નહીં આવે કે તેને મતદાર યાદીમાં નોંધણી માટે અયોગ્ય જાહેર કરવામાં આવ્યો છે.

# રશિયાથી ઓઇલ ખરીદવા મામલે અમેરિકાના નેતાની ભારત-ચીનને ધમકી

## ડોનાલ્ડ ટ્રમ્પે આગામી ૫૦ દિવસની અંદર યુક્રેન સાથે યુદ્ધ બંધ નહીં કરે તો રશિયા પર ૧૦૦ ટકાનો સેકેન્ડરી ટેરિફ લાદવાનું એલર્ટ આપ્યું હતું

। નવીદિલ્હી, તા.૨૨ ।

અમેરિકા અને ભારત વચ્ચે ચાલી રહેલી વેપાર મંત્રણા વચ્ચે ટ્રમ્પ સરકાર તરફથી ૫૦૦ ટકા ટેરિફ લાદવાની ચેતવણી મળી છે. ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટતંત્રના સેનેટર્સ લિન્ડેસે ગ્રેહામ અને રિચાર્ડ બ્લૂમેન્થલે રશિયા સાથે વેપાર કરતાં ભારત સહિત અન્ય દેશો પર ૫૦૦ ટકા ટેરિફ લાદવાની ચીમકી આપી છે. રશિયા સાથે બિઝનેસ કરનારા દેશોની અર્થવ્યવસ્થાને હચમચાવી દેવા નિર્ણય લીધો છે. નોંધનીય છે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આગામી ૫૦ દિવસની અંદર યુક્રેન સાથે યુદ્ધ બંધ નહીં કરે તો રશિયા પર ૧૦૦ ટકાનો સેકેન્ડરી ટેરિફ લાદવાનું એલર્ટ આપ્યું હતું.

ગ્રેહામ અને બ્લૂમેન્થલના સંયુક્ત નિવેદન અનુસાર, રશિયા પાસેથી સસ્તા દરે ઓઈલ અને ગેસ ખરીદતાં ચીન, ભારત, બ્રાઝિલ સહિત અન્ય દેશો પર રશિયાની મદદ કરવા બદલ ૫૦૦ ટકા ટેરિફ લાદવામાં આવશે. આ યુદ્ધનો અંત લાવવા માટેનો અંતિમ હથોડો ચીન, ભારત અને બ્રાઝિલ જેવા દેશો સામે ટેરિફ લાદવાનો હશે. જેઓ સસ્તા દરે રશિયા પાસેથી ઓઈલ અને ગેસ ખરીદીને પુતિનના યુદ્ધ મશીનને ટેકો આપી રહ્યા છે. જો આગામી ૫૦ દિવસમાં શાંતિ કરાર ન થાય તો રશિયા પાસેથી ખરીદી કરતાં દેશો પર ૧૦૦ ટકા સેકેન્ડરી ટેરિફ લાગુ કરવામાં આવશે. રાષ્ટ્રપતિ ટ્રમ્પનો નિર્ણય પક્ષકારોને વાટાઘાટોના ટેબલ પર લાવવા માટે એક વાસ્તવિક કાર્યકારી માર્ગ છે. તેને મદદ કરતાં દેશો પર ઊંચો ટેરિફ લાદવાથી તે દેશોની અર્થવ્યવસ્થા ખોટવાશે, જેથી તેઓ પણ રશિયાને શાંતિ કરાર કરવા અપીલ કરશે. આ જોગવાઈનો ઉદ્દેશ ટેરિફ અને પ્રતિબંધો લાદવાનો નહીં, પણ શાંતિ કરારને સમર્થન આપવાનો છે. NATO ચીફ સાથેની બેઠકમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે, તે રશિયાથી નારાજ છે.

જો ૫૦ દિવસની અંદર શાંતિ કરાર કરવામાં નહીં આવે તો રશિયા પર ૧૦૦ ટકા ટેરિફ લાદવામાં આવશે. દ્રર્છ્ ચીફે પણ ચીન, બ્રાઝિલ અને ભારતને ધમકી આપી હતી કે, રશિયા સાથે વેપાર વ્યવહાર બંધ કરો નહીં તો મસ મોટા ટેરિફનો સામનો કરવો પડશે. ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે આ મુદ્દે જવાબ આપ્યો હતો કે, ભારતીય એમ્બેસી અને એમ્બેસેડર રશિયા પર બિલ સંબંધિત બાબતે સેનેટર ગ્રેહામ સાથે સંપર્કમાં છે, ભારત જાહેર હિતને ધ્યાનમાં લઈને નિર્ણય લેશે. NATOની ધમકી પર સત્તાવાર જવાબ આપતાં વિદેશ સચિવ રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, અમે રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા પર સેકેન્ડરી પ્રતિબંધોના અનેક અહેવાલો જોયા છે. તેના પર અમે ફોકસ કરી રહ્યા છીએ. હું સ્પષ્ટપણે કહીશ કે, અમારા નાગરિકોની ઉર્જા જરૂરિયાતો પૂરી કરવી એ અમારા માટે હંમેશા પ્રાથમિકતા રહી છે.

## સુરતની કઠોદરા શાળાના શિક્ષકની બદલીનો વિવાદ ગાંધીનગર પહોંચ્યો

। (એજન્સી) સુરત, તા.૨૨ ।

સુરત પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની કઠોદરા પ્રાથમિક શાળામાં સિક્યુરિટી કૌભાંડ હવે રાજકીય રંગ પકડી રહ્યું છે. કૌભાંડ બાદ સમિતિએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. શાળાના કૌભાંડમાં શિક્ષક ભૂમિકા હોય કલ્પેશ પટેલની બદલી કરતા કોન્ટ્રાક્ટરની પત્નીએ વાલીઓને હાથો બનાવી આંદોલન કર્યું હતું. આ અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી અને હવે વિદ્યાર્થીઓનો ઉપયોગ આંદોલન માટે કરવા બદલ ગાંધીનગર મહિલા અને બાળ વિકાસ વિભાગને ફરિયાદ કરવામાં આવી છે. જેમાં બાળકોનું શિક્ષણ બગાડવા બદલ પગલા ભરવા અને સામાજિક તત્ત્વોને પ્રા.શાળામાં એન્ટ્રીની પણ પાબંધી માટે પણ થઈ માગણી કરવામાં આવી છે. સુરતના કઠોદરા વિસ્તારમાં શિક્ષણ મંત્રીએ શાળાનું લોકાર્પણ કર્યું ત્યારબાદથી આ શાળામાં સિક્યુરિટી કૌભાંડ ચાલી રહ્યું છે. એક ગાર્ડની હાજરી પુરીને ત્રણ ગાર્ડનો પગાર લેવામાં આવતો હોવાનું બહાર આવતા શાસનાધિકારીએ ફરિયાદ કરી હતી. પાલિકામાં વિવાદી કામગીરી કરતાં કોન્ટ્રાક્ટર સામે ૩.૬૭ લાખની પેનલ્ટી કરી પોલીસ કેસ કરવામાં આવ્યો હતો. આ કેસમાં ઈન્ચાર્જ આચાર્યની પણ ભૂમિકા બહાર આવતાં શિક્ષણ સમિતિએ તપાસમાં વિઘ્ન ન આવે તે માટે તેની બદલી કરી દીધી હતી. શનિવારે (૧૯ જુલાઈ) વિદ્યાર્થીઓએ રોડ બ્લોક કરીને કલ્પેશ પટેલની બદલી સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને લસકાણા પોલીસ દોડતી થઈ હતી. પોલીસની કામગીરી દરમિયાન કોન્ટ્રાક્ટર કાળુની પત્ની રિંકલ જે સ્કૂલ મેનેજમેન્ટ કમિટી સભ્ય છે તેની ઉશ્કેરણી બહાર આવી હતી.

### દર્દીઓના સગાઓ માટે રાહતના સમાચાર

# સિવિલ કેમ્પસમાં જ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ રેન બસેરા તૈયાર

**દર્દીઓના સગાઓ માટે રહેવા, જમવા અને નહાવા-ધોવાની સંપૂર્ણ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

ગુજરાતભરમાંથી રોજના હજારો દર્દીઓ સારવાર માટે આવતી એશિયાની સૌથી મોટી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓના સગાઓ માટે ખૂબ જ રાહતના સમાચાર છે.

સિવિલ કેમ્પસમાં જ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ 'રેન બસેરા' તૈયાર થઈ ગયું છે, જે ટૂંક સમયમાં જ દર્દીઓના સગાઓ માટે ખુલ્લું મૂકવામાં આવશે. આ 'રેન બસેરા' ૧૨૦૦ બેડની હોસ્પિટલની સામે, નવા પોસ્ટમોર્ટમ રૂમની બાજુમાં નવનિર્માણ પામ્યું છે. અહીં દર્દીઓના સગાઓ માટે રહેવા, જમવા અને નહાવા-ધોવાની સંપૂર્ણ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ૮૦૦ થી વધુ લોકો રહી શકે તેવી ડોરમેટરીની વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક પાર્ટિશનમાં બેડ સાથે વ્યક્તિગત સામાન મૂકવા માટે તિજોરી, બેડ પાસે ચાર્જિંગ પ્લગ, લાઈટ અને પંખાની સુવિધા ઉપલબ્ધ છે. દરેક ફ્લોર પર ભાઈઓ અને બહેનો માટે અલગ ટોઈલેટની વ્યવસ્થા છે. આ ઉપરાંત, દરેક ફ્લોર પર ત્રણ બાથરૂમ અને ત્રણ શૌચાલય બનાવવામાં આવ્યા છે. ગ્રાઉન્ડ ફ્લોર પર એક વિશાળ ડાઈનિંગ હોલ બનાવવામાં આવ્યો છે, જ્યાં એકસાથે ૩૦૦ લોકો જમી શકે તે માટે ટેબલ-ખુરશીઓ અને વોશિંગ એરિયાની સુવિધા છે.

આ રેન બસેરાને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે અને ટૂંક સમયમાં જ તેનું લોકાર્પણ કરવામાં આવશે. આ સુવિધાથી દૂર-દૂરથી આવતા દર્દીઓના સગાઓને રહેવા-જમવાની પડતી મુશ્કેલીઓનો અંત આવશે અને તેમને સિવિલ કેમ્પસમાં જ રાહત મળશે. ડો. રાકેશ જોષીનું નિવેદન પણ આ સંદર્ભે સામે આવ્યું છે, જોકે તેમના નિવેદનની વિગતો ઉપલબ્ધ નથી.

### માછીમારોને દરિયો ન ખેડવા હવામાન વિભાગ દ્વારા સૂચના

# ગુજરાતમાં ચાલુ વર્ષે મોસમનો કુલ સરેરાશ ૫૩ ટકાથી વધુ વરસાદ નોંધાયો

**કોઈપણ કટોકટીને પહોંચી વળવા NDRFની ૧૨ અને SDRFની ૨૦ ટુકડીઓ વિવિધ જિલ્લામાં ખડેપગે**

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૨ ।

ગુજરાતમાં અત્યાર સુધીમાં ચાલુ વર્ષે મોસમનો કુલ સરેરાશ વરસાદ ૫૩.૩૯ ટકા નોંધાયો છે. જેમાં સૌથી વધુ કચ્છ રિજિયનમાં ૬૩.૩૫ ટકા, દક્ષિણ ગુજરાત રિજિયનમાં ૫૬.૩૨ ટકા, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં ૫૨ ટકાથી વધુ અને પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૫૦.૦૬ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે. ચોમાસા દરમિયાન રાજ્યના ૧૪૧ તાલુકામાં ૨૫૧થી ૫૦૦ મિમિ સુધી, ૫૫ તાલુકામાં ૫૦૧થી ૧૦૦૦ મિમિ અને ૧૮ તાલુકામાં ૧૦૦૦ મિમિથી વધુ એટલે કે ૪૦ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં જૂનાગઢ જિલ્લાના માંગરોળ અને જોડિયા સાડા ત્રણ ઈંચથી વધુ, જૂનાગઢ શહેર, જૂનાગઢ તાલુકામાં અઢી ઈંચ કરતા વધુ વરસાદ અને વાપી તાલુકામાં બે ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે.

ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ વરસવાની આગાહી છે. દરમિયાનમાં ૨૨મીએ માછીમોરાને દરિયો ન ખેડવાની સૂચના પણ જારી કરવામાં આવી છે. ચોમાસાની કોઈપણ સંભવિત કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે આગોતરા આયોજનના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા NDRFની ૧૨ અને SDRFની ૨૦ ટુકડી વિવિધ જિલ્લામાં ડીપ્લોય કરાઈ છે. જ્યારે NDRFની વધુ ટુકડીઓ અને SDRFની ૨૦ ટીમ સિવાય ૧૩ ટીમને હેડ ક્વાર્ટર ખાતે રીઝર્વ મૂકાઈ છે.

આ ચોમાસાની સિઝન દરમિયાન ભારે પવન સાથે વરસેલા વરસાદમાં રાજ્યના કુલ ૧૪,૫૧૫ ગામોમાં વીજ પુરવઠો પ્રભાવિત થયો હતો. આ તમામ ગામોમાં યુદ્ધના ધોરણે વીજ પુરવઠો પૂર્વવત કરી દેવામાં આવ્યો છે.

## ગૂજરાત વિદ્યાપીઠમાં નવું લેંગ્વેજ સિલેક્શન સ્ટ્રક્ચર તૈયાર કરાયું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો યુજી-પીજીમાં આ વર્ષથી વિધિવત અમલ શરૂ કરાતાં વિદ્યાર્થીઓ માટે જરૂરી એબિલિટી એન્ડ સ્કિલ્સ કોર્સ માટે નવું લેન્ગવેજ સીલેકશન સ્ટ્રકચર તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં હવે ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ અંગ્રેજી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષા ક્રેડિટ માટે શીખશે. જ્યારે અન્ય નવી ૧૮ ભાષાનો પણ સમામેવશ કરાયો છે. જે શીખી વિદ્યાર્થી જરૂરી ૧૮ ક્રેડિટ મેળવી શકશે. ગુજરાત વિદ્યાપીઠ દ્વારા તૈયાર કરવામા આવેલા અને શરુ કરાયેલા નવા લેન્ગવેજ સિલેકશન સ્ટ્રકચરમાં યુજીના વિવિધ કોર્સના વિદ્યાર્થીઓને યુજીસી ગાઈડલાઈન મુજબની જરૂરી ૮ ક્રેડિટ મેળવવા માટે ભાષાનું સિલેકશન અપાશે. જેમાં ગુજરાતી સહિતના વિવિધ માધ્યમના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી ફોર કોમિન્યુકેશન રહેશે અને અંગ્રેજી સહિતના વિવિધ માધ્યમનો વિદ્યાર્થીઓ માટે વ્યવહાર ભાષા ગુજરાતી રહેશે. અત્યાર સુધી વિદ્યાર્થીને હિન્દી, સંસ્કૃત,અંગ્રેજી અને ગુજરાતી એમ ચાર ભાષાનો જ વિકલ્પ મળતો હતો. પરંતુ હવે આ ચાર ઉપરાંત અન્ય નવી ૧૮ ભાષાના વિકલ્પો મળશે. વિદ્યાર્થીએ ચાર સેમેસ્ટર પૂરા થતાં સુધીમાં કોઈ પણ ભાષાનું સિલેકશન કરીને તેનો કુલ ૩૦ કલાકનો કોર્સ કરી ૮ ક્રેડિટ મેળવવાની રહેશે. અન્ય નવી ભાષામાં મરાઠી, પંજાબી, મલયાલમ, કનન્ડ, તેલુગુ, તમિલ, ઉર્દુ, સિંધી, બેંગાલી, ફ્રેન્ચ, સ્પેનિશ, જર્મન, ચાઈનીઝ, જાપાનીઝ અને અપભ્રંશ, પાલી, પ્રાકૃત જેવી પુરાતત્ત્વીય ભાષાઓ પણ શીખવાડાશે.

### બેન્ક કરતા અડધા વ્યાજે

# ૧૦૦ કરોડની લોનનું કહીને ગઠિયા ૩૫ લાખ મેળવી રફૂચક્કર

**રૂપિયા લેવા બોલાવીને ત્રણેય ગઠિયા બહાના બતાવીને એક બાદ એક ઓફિસમાંથી ભાગી ગયા**

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

આસામના જોરહાટ ખાતે યુનિવર્સિટી ધરાવનાર વ્યક્તિને બેન્ક કરતા અડધા વ્યાજે ૧૦૦ કરોડની લોન આપવાનું કહીને ત્રણ ગઠિયાઓએ છેતરપિંડી આચરી છે. આ ગઠિયાઓએ ભોગ બનનારની સાથે મીટિંગ કરી હતી. જે બાદ એગ્રિમેન્ટ સહી કરવાના બહાને ફરી બોલાવ્યા હતા. જે બાદ ૩૫ લાખ સ્ટેમ્પ ડ્યૂટીનું પેમેન્ટ આપશો એટલે ૧૦૦ કરોડ ટ્રાન્સફર થઈ જશે તેમ કહીને નાણાં મેળવી લીધા હતા. બાદમાં બંને શખ્સો બહાના બતાવીને ઓફિસમાંથી નીકળીને રફુચક્કર થઈ ગયા હતા. બોડકદેવ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આસામના બસંતકુમાર કેતન જોરહાટ ખાતે યુનિવર્સિટી ધરાવે છે. ગત તા.૧૭ ફેબ્રુઆરીએ તેમને રાજેન્દ્ર વાઘેલા નામના શખ્સે ફોન કરીને ફંડ બાબતે વાત કરી હતી. બસંતકુમારને આસામમાં ઈથેનોલ પ્રોજેક્ટ બનાવવા માટે ૧૦૦ કરોડના ફંડની જરૂર હોવાથી તેમણે રાજેન્દ્રનો સંપર્ક કર્યો હતો.

બસંતકુમારે તેમના પ્રોજેક્ટની વાત કરતા રાજેન્દ્રએ ૧૦૦ કરોડની લોનની સહમતી દર્શાવી હતી. રાજેન્દ્રએ કંપનીના પ્રોજેક્ટના પેપરો મગાવીને બસંતકુમારને બોપલ આંબલી રોડ પર નવરત્ન કોર્પોરેટ પાર્ક ખાતેની ઓફિસે તેના બોસ વિપુલ શાહને મળવા બોલાવ્યા હતા. વિપુલ શાહે મીટિંગ દરમિયાન અમારી કંપનીનો માણસ તમારી કંપનીની જગ્યા, ઘર અને ડોક્યુમેન્ટ જોવા જોરહટ આવશે તેમ કહીને બસંતકુમાર પાસે પ્લેનની ટિકિટ બુક કરાવડાવી હતી. રાજેન્દ્ર વાઘેલાએ આસામ જઈને તપાસ પણ કરી હતી. જે બાદ ૧૦૦ કરોડની લોન બેન્ક કરતા અડધા વ્યાજે આપવાનું કહીને એક એગ્રિમેન્ટ મોકલી આપ્યો હતો. એગ્રિમેન્ટમાં સહી કરીને સ્ટેમ્પ ડ્યૂટીનું પેમેન્ટ કરશો ત્યારે ૧૦૦ કરોડ ટ્રાન્સફર કરીશું તેવી લાલચ આપી હતી. જેથી બસંતકુમાર તેમના મેનેજર અને ફાઈનાન્સ એડવાઈઝર સાથે અમદાવાદ આવ્યા હતા અને ૩૫ લાખ ટ્રાન્સફર કર્યા હતા.

## વડોદરામાં દબાણ હટાવ ઝુંબેશની સામે આક્રોશ

। (એજન્સી) વડોદરા, તા.૨૨ ।

બેરોજગારોને સ્વાવલંબી બનાવવા માટે સરકાર દ્વારા આર્થિક સહાય અને લોન આપવામાં આવે છે, જ્યારે બીજી બાજુ લારી ગલ્લા પથારા દ્વારા બેરોજગારો વેપાર ધંધો કરે છે ત્યારે દબાણ શાખાની ટીમ આવા હંગામી દબાણો હટાવીને માલ સામાન કબજે કરીને પાલિકા સ્ટોરમાં જમા કરાવે છે. જ્યાં દંડની રકમ ભરવાથી આવા બેરોજગારોને પોતાનો માલ સામાન પરત મળતો હોય છે. માલ સામાન દબાણ શાખા દ્વારા કબજે કર્યા હતા લોનના આપતા કેવી રીતે ભરવા એ બેરોજગારો માટે પ્રશ્નાર્થ ખડો કરે છે. દરમિયાન આજે વોર્ડ નંબર ૩માં ફતેગંજ મેઈન રોડથી પેવેલિયન રોડ પર અને ફતેગંજ ઈએમઈ સર્કલ થઈને અમિત નગર સર્કલ સુધીના હંગામી દબાણો સહિત ૪ થી ૫ જેટલા પ્લાસ્ટિક નાખેલા શેડના દબાણો ખસેડીને દબાણ શાખા દ્વારા એક ટ્રક જેટલો માલ સામાન કબજે લેવાયો હતો.

**વિશેષ** | **એપીટી ૨.૦ નો ઉદ્દેશ્ય ટપાલ સેવાઓનું આધુનિકીકરણ, કાર્યક્ષમતા, પારદર્શિતા અને છેવાડાના વ્યક્તિ સુધી સારી સેવા પૂરી પાડવાનો છે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ**

# ગુજરાતની તમામ પોસ્ટ ઓફિસમાં એડવાન્સ્ડ પોસ્ટલ ટેકનોલોજી ૨.૦ અમલમાં, પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ દ્વારા અમદાવાદ જીપીઓમાં શુભારંભ

**પોસ્ટ ઓફિસોમાં એપીટી ૨.૦ ના અમલીકરણ સાથે, હવે યુપીઆઈ-આધારિત ડિજિટલ ચુકવણી સુવિધા ક્યુઆર કોડ સ્કેન કરીને કરી શકાય છે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ**









। અમદાવાદ ।

દેશભરની પોસ્ટ ઓફિસો વધુ સ્માર્ટ અને ડિજિટલ બનવા તરફ આગળ વધી રહી છે. પોસ્ટ વિભાગે ૨૨ જુલાઈ, ૨૦૨૫ ના રોજ આઈ.ટી ૨.૦ આધુનિકીકરણ પ્રોજેક્ટ હેઠળ ગુજરાત પરિમંડળની તમામ ૮,૮૮૪ પોસ્ટ ઓફિસોમાં એડવાન્સ્ડ પોસ્ટલ ટેકનોલોજી એપીટી ૨.૦ લાગુ કર્યું. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે અમદાવાદ જીપીઓ અને નવરંગપુરા હેડ પોસ્ટ ઓફિસ ખાતે એપીટી ૨.૦ લોન્ચ કર્યું. આ સાથે, લોકો હવે પોસ્ટ ઓફિસમાં ક્યુઆર કોડ સ્કેન કરીને યુપીઆઈ-આધારિત ડિજિટલ ચુકવણી કરી શકે છે, જેનાથી સ્પીડ પોસ્ટ, રજિસ્ટર્ડ પોસ્ટ, પાર્સલ, આંતરરાષ્ટ્રીય મેઈલ અને ઈલેક્ટ્રોનિક મની ઓર્ડર જેવી ઘણી સેવાઓ માટે રોકડ ચૂકવણી કરવાની જરૂરિયાત દૂર થશે. આ પ્રસંગને યાદગાર બનાવવા માટે, પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે પ્રવર ડાક અધિક્ષક શ્રી ચિરાગ મહેતા અને જીપીઓ સિનિયર પોસ્ટમાસ્ટર શ્રી અલ્પેશ આર. શાહ સાથે એપીટી ૨.૦ પર એક ખાસ વીરૂપણ પણ બહાર પાડ્યું, જે જાહેર જાગૃતિ માટે તમામ પોસ્ટલ વસ્તુઓ પર સ્ટેમ્પ અંકિત કરવામાં આવ્યું.

શુભારંભ બાદ પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે એપીટી ૨.૦ નો ઉદ્દેશ્ય ડાક સેવાઓને આધુનિક બનાવવા, કાર્યક્ષમતા, પારદર્શિતા અને અંતિમ સ્તર સુધી ઉત્તમ સેવા પ્રદાન કરવાનો છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રની તમામ ૨,૨૫૮ પોસ્ટ ઓફિસોમાં લાગુ કરવામાં આવ્યું છે, જેમાં ૦૯ મુખ્ય પોસ્ટ ઓફિસ, ૩૪૪ સબ પોસ્ટ ઓફિસ અને ૧,૯૦૫ શાખા પોસ્ટ ઓફિસનો સમાવેશ થાય છે. શ્રી યાદવે માહિતી આપી કે, માહિતી અને ટેકનોલોજીના આ યુગમાં, પોસ્ટ વિભાગ દ્વારા આગામી પેઢીના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ, ઉત્તમ યુઝર અનુભવ, ઝડપી સેવા વિતરણ અને વધુ વપરાશકર્તા-મૈત્રીપૂર્ણ ઈન્ટરફેસ પ્રદાન કરવા માટે ડિઝાઈન કરાયેલ એડવાન્સ્ડ પોસ્ટલ ટેકનોલોજી (એપીટી) ૨.૦, સ્માર્ટ, કાર્યક્ષમ અને ભવિષ્ય માટે તૈયાર કામગીરી પ્રદાન કરવાની અમારી અતૂટ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આ 'ડિજિટલ ઈન્ડિયા' અને 'કેશલેસ ઈન્ડિયા' તરફ 'કસ્ટમર ફ્રેન્ડલી' પગલું છે, જેના દ્વારા દૂરના વિસ્તારોમાં સ્થિત પોસ્ટ ઓફિસોને પણ હાઈટેક બનાવવામાં આવી રહી છે. આ ડિજિટલ શ્રેષ્ઠતા અને રાષ્ટ્ર નિર્માણ તરફ એક મોટું પગલું છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આ સિદ્ધિ ફક્ત એક ટેકનોલોજીકલ અપગ્રેડ કરતાં વધુ છે - તે નવીનતા, ગ્રાહક સંતોષ અને કાર્યકારી કાર્યક્ષમતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. ઉત્તમ સિસ્ટમો, સહજ ગ્રાહક ઈન્ટરફેસ અને ઝડપી પ્રક્રિયા સાથે, આઈટી ૨.૦ ગ્રાહકોને સેવા આપવાની અમારી રીતને ફરીથી વ્યાખ્યાયિત કરશે અને સેવાઓને પહેલા કરતા વધુ વિશ્વસનીય, સુલભ અને ગ્રાહક મૈત્રીપૂર્ણ બનાવશે. નવી સિસ્ટમના અમલીકરણ સાથે, ઈન્ડિયા પોસ્ટ ડિજિટલ પરિવર્તન અને ગ્રાહક સંતોષના સંદર્ભમાં અન્ય સરકારી સેવાઓ માટે એક માપદંડ સ્થાપિત કરવાની આશા રાખે છે. આ પ્રસંગે લોકો સાથે વાતચીત કરતા પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે એપીટી ૨.૦ પહેલા, સેપ અને દર્પણ ૨.૦ સોફ્ટવેર દ્વારા તમામ પ્રકારની પોસ્ટલ સેવાઓ પૂરી પાડવામાં આવતી હતી. સેપ એ એક ખાનગી કંપની દ્વારા વિકસાવવામાં આવેલી એપ્લિકેશન છે, જ્યારે દર્પણ ૨.૦ પોસ્ટ વિભાગ દ્વારા વિકસાવવામાં આવી છે. આઈટી આધુનિકીકરણ- ૨.૦ હેઠળ, પોસ્ટ વિભાગના સેન્ટર ફોર એક્સેલન્સ ઈન પોસ્ટલ ટેકનોલોજી, મૈસુર દ્વારા તૈયાર કરાયેલ ઓનલાઈન પોર્ટલ એપીટી ૨.૦ વિવિધ સોફ્ટવેરમાં થઈ રહેલા કાર્યને જોડીને સિંગલ વિન્ડો પ્લેટફોર્મ પૂરું પાડે છે, જે પોસ્ટલ કર્મચારીઓ માટે કામ કરવાનું ખૂબ જ સરળ બનાવશે અને ગ્રાહકોને ઝડપી સેવા પણ મળશે. હવે ગ્રાહકો ક્યુઆર કોડ સ્કેન કરીને યુપીઆઈ આધારિત ડિજિટલ ચુકવણી કરી શકશે. એપીટી ૨.૦ હેઠળ ગ્રાહકોને પૂરી પાડવામાં આવતી અન્ય નવી સુવિધાઓમાં બુકિંગથી ડિલિવરી સુધીના રીઅલ ટાઈમ એસએમએસ અપડેટ્સ સાથે એન્ડ-ટુ-એન્ડ કન્સાઈનમેન્ટ ટ્રેકિંગ, જીપીએસ સુવિધાયુક્ત પોસ્ટમેન અને ઓટીપી આધારિત ડિલિવરી સિસ્ટમનો પ્રારંભ સામેલ છે. ઉપરાંત, વધુ વિશ્વસનીય ડિલિવરી માહિતી માટે પોસ્ટમેન દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓ સામે વાસ્તવિક સમયમાં ફોટો પ્રૂફ કેપ્ચર કરવામાં આવશે. બલ્ક બુકિંગ માટે સેલ્ફ-બુકિંગ, પિક-અપ અને ડ્રોપ સુવિધા અને ઈન્ટિગ્રેટેડ યુપીઆઈ પેમેન્ટ સુવિધા પણ ઉપલબ્ધ છે. ભવિષ્યમાં, ડિજીપિન (નવી પિન કોડ સિસ્ટમ) પણ તેમાં સામેલ કરવામાં આવશે.નોંધનીય છે કે ગુજરાતમાં પ્રથમ તબક્કામાં, ૮ જુલાઈ, ૨૦૨૫ ના રોજ પોસ્ટલ વિભાગની તમામ વહીવટી કચેરીઓ સાથે મહેસાણા, રાજકોટ અને નવસારી પોસ્ટલ મંડળમાં એપીટી ૨.૦ શરૂ કરવામાં આવ્યું હતું. હવે ૨૨ જુલાઈના રોજ, તે ગુજરાત પરિમંડળની તમામ પોસ્ટ ઓફિસોમાં લાગુ કરવામાં આવ્યું છે. આઈટી ૨.૦ લાગુ કરતા પહેલા, ગુજરાતના ૨૬,૦૦૦ થી વધુ કર્મચારીઓને ખાસ તાલીમ આપવામાં આવી હતી. ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં, દેશભરની તમામ પોસ્ટ ઓફિસો તેના હેઠળ કામ કરવાનું શરૂ કરશે.

આ પ્રસંગે અમદાવાદ શહેર મંડળના પ્રવર ડાક અધિક્ષક શ્રી ચિરાગ મહેતા, જીપીઓ સિનિયર પોસ્ટમાસ્ટર શ્રી અલ્પેશ આર. શાહ, નવરંગપુરા હેડ પોસ્ટ ઓફિસ સિનિયર પોસ્ટમાસ્ટર શ્રી પી.જે. સોલંકી, ડેપ્યુટી પોસ્ટલ સુપરિન્ટેન્ડેન્ટ શ્રી એસ.કે. વર્મા, આઈપીપીબી અમદાવાદના રિજનલ હેડ શ્રી. અભિજીત જીભકાટે, આઈપીપીબી સીનિયર મેનેજર શ્રી સ્નેહલ મેશ્રામ, આઈપીપીબી જીપીઓ બ્રાંચ મેનેજર સુશ્રી મોના ગોસ્વામી, સહાયક નિર્દેશક શ્રી એમ.એમ. શેખ, રિતુલ ગાંધી, શ્રી વારિસ વહોરા, સહાયક અધિક્ષક શ્રી આર ટી પરમાર, શ્રી હાર્દિક રાઠોડ, શ્રી અલ્કેશ પરમાર, શ્રી એચ જે પરીખ, શ્રી વિશાલ ચૌહાણ, શ્રી જિનેશ પટેલ, શ્રી રમેશ પટેલ, શ્રી રોનક શાહ, શ્રી ભાવિન પ્રજાપતિ, ડાક નિરીક્ષક સુશ્રી પાયલ પટેલ, શ્રી યથાર્થ દુબે, શ્રી વિપુલ ચડોતરા, શ્રી યોગેન્દ્ર રાઠોડ અને અન્ય ઘણા અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### વર્ષ ૨૦૨૨માં કુલ ૩.૨૦ લાખ એચ૧બી વિઝા આપવામાં આવ્યા હતા

# ટ્રમ્પ સરકારની H-1B વિઝા માટે લોટરી સિસ્ટમ બંધ કરવાની તૈયારી




। (એજન્સી) વોશિંગ્ટનડીસી, તા.૨૨।

ટેરિફ, યુદ્ધવિરામ અને ઈમિગ્રેશન નીતિને લઈને સતત ચર્ચામાં રહેતાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હવે H1-B શ્રેણી હેઠળ ભરતી માટેની નવી પ્રક્રિયા અમલી બનાવવાની દિશામાં કામ કરી રહ્યાં છે. આ નવી પ્રક્રિયા એચ-૧બીના (કેપ્ડ)ટોચમર્યાદાના ભાગમાં લાગુ કરાશે તથા લોટરી સિસ્ટમ રદ કરી વેઈટેજ સિસ્ટમ લાગુ કરાય તેવી સંભાવના છે. એચ૧બી વિઝા પ્રોગ્રામ અમેરિકન કંપનીઓ ખાસ કરીને આઈટી ક્ષેત્રની કંપનીઓ માટે અત્યંત મહત્વનો છે. આ વિઝા થકી તેઓ ઉચ્ચ કુશળતા ધરાવતાં આઈટી પ્રોફેશ્નલ્સની ભરતી કરે છે, જેમાં ભારતીય પ્રોફેશ્નલ્સનો હિસ્સો ઘણો નોંધપાત્ર છે. એચ૧બી વિઝાની પ્રક્રિયામાં થનારા કોઈ પણ ફેરફારથી ભારતીયોને સૌથી વધુ અસર થશે. ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી(DHS) એ આ પ્રસ્તાવને વ્હાઈટ હાઉસ ઓફિસ ઓફ ઈન્ફર્મેશન એન્ડ રેગ્યુલેટરી અફેર્સને સમીક્ષા માટે મોકલી આપ્યો છે. વર્ષ ૨૦૨૬ના વર્ષ માટે પૂરતી અરજીઓ સબમિટ થઈ હોવાનું જાહેર કરી USCISએ શુક્રવારે પ્રક્રિયા બંધ કરવાની જાહેરાત કરી હતી, જેનો અર્થ કે નાણાં વર્ષ ૨૦૨૬માં લોટરી પ્રક્રિયા નહીં યોજાય. વર્તમાન પદ્ધતિ અનુસાર, દર વર્ષે વિઝા જારી કરવાની સંખ્યાની ટોચમર્યાદાને આધારે રેન્ડમ લોટરીની પ્રક્રિયા હાથ ધરાય છે. લોટરી પછી જે કંપનીઓ કે નોકરીદાતાઓનું નામ તેમાં હોય તેઓ શ્રમિકો કે કર્મચારીઓને સ્પોન્સર કરવા માટે અરજી કરે છે. ત્યારબાદ આ કર્મચારીઓ તેમની કંપનીમાં ભરતી થાય છે. ડોનાલ્ડ ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન ડીએચએસે રેન્ડમ લોટરીના સ્થાને પદ માટે ઓફર કરવામાં આવતાં વેતનને આધારે ૫ સંદગીની પ્રક્રિયા રજૂ કરી હતી. જેથી કંપનીઓ તેમની ખાલી જગ્યાઓ ભરવા માટે ઓછું વેતન ધરાવતાં વિદેશી શ્રમિકોને સ્થાને વધુ કુશળતા ધરાવતાં શ્રમિકોની ભરતી કરી શકે. જોકે પાછળથી ૨૦૨૧માં બાઈડેન વહીવટતંત્રએ આ પ્રક્રિયાને રદ કરી હતી. કોઈ કંપની કે અરજદારને કોઈ પણ પ્રકારની તરફેણનો લાભ ના થાય તે માટે લોટરી સિસ્ટમ લાગુ કરાઈ હતી. જોકે તેમાં પણ મોટી કંપનીઓ વધુ વિઝા માટે અરજી કરી શકે છે અને તેમને વધુ એચ૧બી વિઝા જારી પણ કરાય છે. જાન્યુઆરીમાં અમેરિકાની ધ ઈન્સ્ટિટ્યૂટ ફોર પ્રોગેસ નામની થિન્ક ટેન્કે એચ૧બી વિઝા માટેની લોટરી સિસ્ટમ દૂર કરવાનો વિચાર રજૂ કર્યો હતો.ટોચમર્યાદા એ દર વર્ષે કેટલી સંખ્યામાં એચ-૧બી વિઝા જારી કરવા તે અંગે અમેરિકન કોંગ્રેસ દ્વારા નિર્ધારીત કરાતી કાનૂની મર્યાદા છે. હાલ આ મર્યાદા ૮૫,૦૦૦ સ્લોટની છે, જેમાં ૨૦,૦૦૦ માસ્ટર ડિગ્રી ધરાવતા કર્મચારીઓ માટે અનામત રાખવામાં આવ્યા છે. આ ટોચમર્યાદામાંથી યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓને મુક્તિ અપાઈ છે.વર્ષ ૨૦૨૨માં જારી કરાયેલાં કુલ ૩.૨૦ લાખ એચ૧બી વિઝા પૈકીના ૭૭ ટકા ભારતીય નાગરિકોને અપાયાં હતાં. આ ટ્રેન્ડ નાણાકીય વર્ષ ૨૦૨૩ માં પણ જળવાઈ રહ્યો હતો. ૨૦૨૩માં જારી કરાયેલા ૩૮૬,૦૦૦ વિઝામાં ભારતીયોનો હિસ્સો ૭૨.૩% રહેવા પામ્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### કાશ્મીર અને હિમાચલમાં લેન્ડસ્લાઇડથી ૪ લોકોનાં મોત

। જમ્મુ-કાશ્મીર, તા.૨૨ ।

જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના કેટલવાક વિસ્તારમાં ભારે ભૂસ્ખલન અને મૂસળધાર વરસાદનો કહેર છે. સોમવારે એક ૫ વર્ષના બાળક સહિત ૪ લોકોના મોત થઈ ગયા છે. જમ્મુ-કાશ્મીરના વૈષ્ણોદેવી મંદિર જતા જુના રસ્તા પર ભયાનક ભૂસ્ખલન થતા એક ૭૦ વર્ષના તીર્થયાત્રીનું મોત થયુ હતુ અને નવ લોકોને ગંભીર ઈજા પહોંચી હતી. ત્રિકુટા પહાડ પર સ્થિત તીર્થયાત્રીયો માટે એક શીબીર આવેલી છે જ્યાં મોટા ભાગે મુસાફરો વિસામો લેતા હોય છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ભૂસ્ખલનમાં એક સ્કુલને મોટુ નુકસાન થયુ હતુ. એક વિદ્યાર્થીનુ મોત થયુ હતુ અને ૫ લોકો ઘાયલ થયા હતા. કટરા શહેરમાં ભારે વરસાદથી જનજીવન ખોરવાયુ હતુ. ઉપરાજ્યપાલ મનોજ સિન્હા અને ઝસ ઉમર અબ્દુલાએ જાનમાલના નુકસાન અંગે દુખ વ્યક્ત કર્યુ હતુ. હિમકોટિ નજીક એક ભૂસ્ખલન થવાના કારણે રસ્તાઓ બંધ થયા છે. જમ્મુ-કાશ્મીરમાં હાલ ચટ્ટાન પડવી, ભૂસ્ખલન થવાની ઘટનાઓ વધી છે કેમકે આ વખતે ચોમાસાને કારણે ભારે વરસાદ થઈ રહ્યો છે. ૪૦૧ રસ્તાઓ બંધ થઈ ગયા છે. હવામાન વિભાગે ૧૨ જિલ્લાઓમાંથી ૫ જિલ્લા શિમલા, કાંગડા, ચંબા, સિરમૌર અને મંડીમાં ભારેથી અતીભારે વરસાદનુ એલર્ટ આપ્યુ છે. ૨૦ જૂને ચોમાસાની શરૂઆત થઈ હતી. રાજ્યભરમાં વરસાદના કારણે અત્યાર સુધીમાં ૭૨ લોકોનાં મોત થયા છે. ૩૪ લોકો ગુમ થયા છે. હિંમાચલ પ્રદેશમાં આ વરસાદી સીઝનમાં અત્યાર સુધીમાં ૩૪ વખત પૂર આવ્યુ છે.

### લેન્ડિંગ બાદ એર ઈન્ડિયાના વિમાનમાં આગ લાગી

। નવીદિલ્હી, તા.૨૨ ।

દિલ્હી એરપોર્ટ પર આજે(૨૨ જુલાઈ) એક મોટી દુર્ઘટના જોવા મળી છે. જ્યાં, હોંગકોંગથી દિલ્હી એરપોર્ટ પર લેન્ડ કરનારા એર ઈન્ડિયાના વિમાનમાં આગ લાગી હતી. કહેવામાં આવી રહ્યું છે કે આ આગ વિમાનના ઓક્સિલરી પાવર યુનિટમાં લાગી હતી. રાહતની વાત એ છે કે તમામ મુસાફરોને સમયસર સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. ક્રૂ મેમ્બર્સ પણ સુરક્ષિત છે. મળતી માહિતી અનુસાર, AI ૩૧૫માં લેન્ડિંગ અને ગેટ પર પાર્કિંગ કર્યા પછી તરત જ ઓક્સિલરી પાવર યુનિટમાં સામાન્ય આગ લાગી હતી. આ ઘટના લેન્ડિંગ બાદ બની હતી. ઉડ્ડયન કંપનીએ આ વાતની પુષ્ટિ કરી છે. એર ઈન્ડિયાએ એક નિવેદન જારી કરીને કહ્યું છે કે મુસાફરોએ વિમાનમાં ઉતરવાનું શરૂ કરી દીધું હતું. સિસ્ટમ ડિઝાઈન મુજબ, APU ઓટોમેટિકલી બંધ થઈ ગયું હતું. વિમાનને થોડું નુકસાન થયું છે, પરંતુ બધા મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે. કંપનીએ કહ્યું કે, હાલ વિમાનને ગ્રાઉન્ડેડ કરી દેવાયું છે અને ઘટનાની તપાસ શરૂ કરી દેવાઈ છે. ઘટના અંગે નિયમનકારી એજન્સીઓને પણ જાણ કરી દેવાઈ છે. વિમાનમાં આગ લાગવાની ઘટના બાદ એરપોર્ટ પર થોડો સમય સુધી અફરાતફરી મચી ગઈ હતી.

### પ્રોપર્ટી ખરીદનારાઓને મળશે મોટી રાહત

# ટીડીએસ પર મળતી ટેક્સ ડિમાન્ડ નોટિસ પર લેવાયો મહત્ત્વનો નિર્ણય

### TDS/TCS ના શોર્ટ ડિડક્શન/કલેક્શનને કારણે પાઠવવામાં આવેલી તમામ ટેક્સ ડિમાન્ડ નોટિસ રદ કરવામાં આવશે

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૨ ।

આવકવેરા વિભાગ દ્વારા ડિડક્ટર્સ અને કલેક્ટર્સ પાસેથી ટીસીએસના શોર્ટ કલેક્શન અને ટીડીએસના શોર્ટ ડિડક્શનના કારણે પાઠવવામાં આવતી ઈનકમ ટેક્સ ડિમાન્ડ નોટિસમાં મોટી રાહત આપી છે. ઈનકમ ટેક્સ ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે, જો ચોક્કસ સમયમર્યાદામાં PAN ફરીથી કાર્યરત કરવામાં આવે તો, TDS/TCS ના શોર્ટ ડિડક્શન/કલેક્શનને કારણે પાઠવવામાં આવેલી તમામ ટેક્સ ડિમાન્ડ નોટિસ રદ કરવામાં આવશે. આવકવેરા વિભાગના આ નિર્ણયથી પ્રોપર્ટી-મકાન ખરીદનારાઓને મોટી રાહત મળશે.

સેક્શન 194-IA હેઠળ રૂ. ૫૦ લાખ કે તેથી વધુ કિંમત પર પ્રોપર્ટીના વેચાણ પર ખરીદદારોએ ૧ ટકા ટીડીએસ ચૂકવવો પડે છે. પરંતુ જો તેમનું પાન બિન-કાર્યક્ષમ હોય તો તેમણે ૨૦ ટકા ટીડીએસ ચૂકવવો પડે છે. જેમાં ઘણીવખત ૧ ટકા ટીડીએસ કપાતના કારણે અન્ય બાકીના ૧૯ ટકા ટીડીએસ માટે આવકવેરા વિભાગ દ્વારા ટેક્સ ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવે છે. નવા પરિપત્ર અનુસાર, જો તેઓ ૩૦ સપ્ટેમ્બર સુધી પાન લિંક કરાવી એક્ટિવ કરે તો તેમને આ નોટિસમાંથી રાહત મળશે.

**આવકવેરા વિભાગે જાહેર કર્યો પરિપત્ર**

આવકવેરા વિભાગે ૨૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ એક પરિપત્ર જાહેર કરી જણાવ્યું હતું કે, નીચેના કિસ્સાઓમાં, કાયદાની કલમ 206AA/206CC હેઠળ કર કપાત/વસૂલી માટે કપાતકર્તા/કલેક્ટર પર કોઈ જવાબદારી રહેશે નહીં:

૧. ૧ એપ્રિલ, ૨૦૨૪થી ૩૧ જુલાઈ, ૨૦૨૫ દરમિયાન ચૂકવવામાં આવેલી રકમ હોય અને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ અથવા તે પહેલાં PAN સક્રિય કરવામાં આવે તો. (આધાર સાથે જોડાણના પરિણામે).

૨. જો રકમ ૧ ઓગસ્ટ, ૨૦૨૫ બાદ કે તે દિવસે જમા અથવા ચૂકવવામાં આવી હોય અને પાનકાર્ડ નંબર ચૂકવણી અને જમા રકમની તારીખથી બે મહિનાની અંદર સક્રિય કરવામાં આવ્યું હોય તો.

૩. પાન-આધાર લિંક્ડ હોવુ જરૂરી છે, જેથી ટીડીએસ-ટીસીએસ ડિડક્ટર અને કલેક્ટરને ટેક્સ ડિમાન્ડ નોટિસમાંથી રાહત મળી શકે.

**શું કહે છે પરિપત્ર?**

આ પરિપત્ર અનુસાર, જે કરદાતાઓના પાન આધાર સાથે લિંક નથી, તેમને ટેક્સ ડિમાન્ડ નોટિસમાં રાહત મળી શકે છે, જો તેઓ નિર્ધારિત સમયમર્યાદાની અંદર પાન કાર્યરત કરે. ટીડીએસના શોર્ટ ડિડક્શન તથા ટીસીએસના શોર્ટ કલેક્શન માટે પાઠવવામાં આવેલી કોઈપણ નોટિસ રદ થઈ શકે છે, જો પાન નિર્ધારિત સમયમર્યાદાની અંદર લિંક્ડ (કાર્યક્ષમ) કરવામાં આવે. ટેક્સ ડિડક્ટર્સ અને કલેક્ટર્સને TRACES પાસેથી ટ્રાન્ઝેક્શન પર નીચો કર લાગુ કરવા અસંખ્ય ટીડીએસ-ટીસીએસ ડિમાન્ડ નોટિસ મળે છે.

### સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારોને પાઠવી નોટિસ

# બિલોને મંજૂરી આપવા રાષ્ટ્રપતિ માટે પણ નક્કી થશે ટાઈમલાઇન?

। (એજન્સી) નવીદિલ્હી,તા.૨૨ ।

રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ દ્વારા વિધાનસભામાં પસાર કરવામાં આવેલા બિલ પર નિર્ણય લેવામાં આવે છે, અત્યાર સુધી બિલ પર મહોર મારવા માટે કોઈ સમયમર્યાદ ન હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે ૮ એપ્રિલના રોજ ઐતિહાસિક નિર્ણય લઈને સમયમર્યાદા નિર્ધારીત કરવાનો નિર્ણય લીધો હતો. ત્યારબાદ રાષ્ટ્રપતિ મુર્મૂએ સુપ્રીમ કોર્ટના નિર્ણયનો વિરોધ કરી બિલની ડેડલાઈન તથા 'પાવર' મુદ્દે ૧૪ સવાલ પૂછ્યા હતા. જોકે સુપ્રીમ કોર્ટે આ ઐતિહાસિક નિર્ણય પર ફેર વિચારણા શરૂ કરી દીધી છે. હવે સુપ્રીમ કોર્ટની પાંચ ન્યાયાધીશોની બેંચ રાષ્ટ્રપતિના ૧૪ સવાલો મામલે આજે (૨૨ જુલાઈ) સુનાવણી હાથ ધરી કેન્દ્ર સરકાર અને તમામ રાજ્ય સરકારોને નોટિસ પાઠવી જવાબ માંગ્યો છે. આગામી સુનાવણી ઓગસ્ટના મધ્યમાં હાથ ધરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક નિર્ણય લઈને રાષ્ટ્રપતિ-રાજ્યપાલોને કોઈપણ વિધેયકને મંજૂરી આપવા માટે સમયમર્યાદા નિર્ધારીત કરવા કહ્યું હતું, ત્યારબાદ રાષ્ટ્રપતિએ કોર્ટના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા હતા. હવે રાષ્ટ્રપતિના ૧૪ સવાલો મામલે આજે સુનાવણી હાથ ધરાઈ હતી, જેમાં મુખ્ય ન્યાયાધીશ બી.આર.ગવઈ, ન્યાયાધીશ સૂર્ય કાંત, ન્યાયાધીશ વિક્રમ નાથ, ન્યાયાધીશ પી.એસ.નરસિમ્હા અને ન્યાયાધીશ એ.એસ. ચંદૂરકરની બેંચે ઓગસ્ટના મધ્યમાં આગામી સુનાવણી હાથ ધરવાનો નિર્ણય લીધો છે.

**સુપ્રીમના ઐતિહાસિક નિર્ણય બાદ રાષ્ટ્રપતિએ શું કહ્યું હતું?**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ બંધારણની કલમ ૧૪૩(૧) હેઠળ સુપ્રીમ કોર્ટને સવાલ કર્યો હતો કે, શું સુપ્રીમ કોર્ટ કલમ ૨૦૧ હેઠળ રાજ્યપાલો દ્વારા અનામત રાખવામાં આવેલા બિલ પર નિર્ણય લેવા માટે રાષ્ટ્રપતિ માટે ત્રણ મહિનાની સમય મર્યાદા નિશ્ચિત કરી શકે છે? જોકે, બંધારણમાં આવી કોઈ જોગવાઈ નથી. ન્યાયાધીશ ભૂષણ રામકૃષ્ણ ગવઈએ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધાના બીજા જ દિવસે રાષ્ટ્રપતિએ સુપ્રીમ કોર્ટ સામે મોટો સવાલ ઊભો કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટે તમિલનાડુ વિ. ગવર્નર કેસમાં ૮ એપ્રિલે ચૂકાદો આપ્યો હતો કે, રાજ્યપાલ કે રાષ્ટ્રપતિ કોઈ બિલને અનિશ્ચિતકાળ સુધી રોકી શકે નહીં.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ બંધારણની કલમ ૧૪૩(૧) હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરતા સુપ્રીમ કોર્ટને પાંચ પાનાના રેફરન્સમાં ૧૪ સવાલ કર્યા છે. આ સાથે રાષ્ટ્રપતિએ વિધાનસભા અને સંસદ દ્વારા પસાર કરેલા બિલો અંગે કલમ ૨૦૦ અને કલમ ૨૦૧ હેઠળ રાજ્યપાલ, રાષ્ટ્રપતિની સત્તાઓ અંગે સુપ્રીમ કોર્ટનો મત માગ્યો છે. સુપ્રીમ કોર્ટ રાષ્ટ્રપતિને કોઈપણ સવાલોનો અથવા બધા સવાલોનો જવાબ આપવાનો ઈનકાર કરી શકે છે. કલમ ૨૦૦ રાજ્ય વિધાનસભા દ્વારા બિલ પસાર કરવા સંબંધિત પરિસ્થિતિઓ અને રાજ્યપાલ પાસે સંમતિ આપવા અથવા સંમતિ રોકવા અથવા બિલને પુનઃ વિચારણા માટે રાષ્ટ્રપતિને મોકલવા સંબંધેના વિકલ્પો અંગે છે. કલમ ૨૦૧ રાજ્યપાલ દ્વારા રાષ્ટ્રપતિને વિચારણા માટે અનામત રાખેલા બિલો સંબંધે છે.

### ખાટુ શ્યામથી દર્શન કરીને આવી રહ્યા હતા શ્રદ્ધાળુઓ

# રાજસ્થાનના બિકાનેરમાં મંગળવારે સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો

### શ્રી ડુંગરગઢ વિસ્તારમાં બે કાર વચ્ચે અથડામણ થઇ જેમાં ૫ લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે

। (એજન્સી) રાજસ્થાન, તા.૨૨ ।

રાજસ્થાનના બિકાનેરમાં મંગળવારે સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો.શ્રી ડુંગરગઢ વિસ્તારમાં બે કાર વચ્ચે અથડામણ થઈ જેમાં ૫ લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે. નેશનલ હાઈવે ૧૧ પર આ ઘટના બની. જેમાં બંને વાહનોના કૂરચેકૂરચા ઉડી ગયા.




પ્રાથમિક માહિતી મુજબ બંને કારના મળીને કુલ ૫ લોકોના મોત થયા. જ્યારે ૪ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત છે. એક કારમાં ૪ શ્રદ્ધાળુઓ ખાટુ શ્યામથી દર્શન કરીને પરત આવી રહ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે જીવ ગુમાવનારા બિકાનેરના રહેનારા હતા. કારમાં એટલી જોરદાર ટક્કર વાગી કે ૨ લોકો તો કારના કાચ તૂટી જતા બહાર રસ્તા પર આવી પડ્યા હતા. મૃતદેહને કાઢવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. એક કારમાં સવાર લોકો ખાટુ શ્યામના દર્શન કરીને બિકાનેર પરત ફરી રહ્યા હતા જ્યારે બીજી કારના લોકો બિગ્ગાના રહેનારા હતા. બંને કારમાં કુલ ૯ લોકો હતા. જેમાં કરણ, દિનેશ, મદન અને સુરેન્દ્રના તો ઘટના સ્થળે જ મોત નીપજ્યા છે. એક ઈજાગ્રસ્તને બિકાનેર હોસ્પિટલ લઈ જતી વખતે જ મોત થયું. ઘટનાને પગલે લગભગ ૨ કલાકનો ટ્રાફિક જામ સર્જાયો હતો. હાલ પોલીસે મૃતદેહને પીએમ માટે ખસેડીને અકસ્માતના કારણોની તપાસ શરૂ કરી છે. તપાસ કરવામાં આવી રહી છે કે શું ડ્રાઈવર નશામાં હતા ? આ હાઈવે પર પહેલા પણ એક્સિડન્ટ થયો છે. હાઈસ્પીડ અને ટ્રાફિક નિયમોની અવગણના કરવાને કારણે અકસ્માતના બનાવો બને છે.

### Aadhaar FaceRD એપ લોન્ચ

# UIDAI એ ગુગલ પ્લે સ્ટોર પર તેની નવી આધાર એપ લોન્ચ કરી

### હવે લોકોને હોટલ, એરપોર્ટ પર, સિમ લેતી વખતે કે બીજે ક્યાંય પણ તેમના આધાર કાર્ડની ફોટોકોપી આપવાની જરૂર રહેશે નહીં

। (એજન્સી) નવીદિલ્હી,તા.૨૨ ।

લાંબા સમય સુધી રાહ જોયા પછી UIDAI એ ગુગલ પ્લે સ્ટોર પર તેની નવી આધાર એપ લોન્ચ કરી છે. તે હાલમાં અર્લી એક્સેસ વર્ઝનમાં એટલે કે હાલમાં ટેસ્ટીંગ ફેઝમાં છે પરંતુ એન્ડ્રોઈડ યુઝર્સ તેને ડાઉનલોડ કરીને તેનો ઉપયોગ શરૂ કરી શકે છે, પરંતુ આઈફોન યુઝર્સે તેના માટે વધુ રાહ જોવી પડશે. હવે પ્રશ્ન એ ઉભો થાય છે કે આ નવી આધાર એપમાં શું નવું અને ખાસ છે અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો? તે જાણીએ. આ વર્ષે એપ્રિલમાં આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે X પર પોસ્ટ કરીને આ નવી આધાર એપ વિશે માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, 'આ નવી એપ, આધાર શેરિંગને ખૂબ જ સુરક્ષિત અને સરળ બનાવવા માટે લોન્ચ કરવામાં આવી છે. હવે લોકોને હોટલ, એરપોર્ટ પર, સિમ લેતી વખતે કે બીજે ક્યાંય પણ તેમના આધાર કાર્ડની ફોટોકોપી આપવાની જરૂર રહેશે નહીં. પરંતુ આ એપ આવતા, આ પ્રક્રિયા સંપૂર્ણપણે ડિજિટલ અને સુરક્ષિત બની ગઈ છે. આ નવી આધાર એપ દ્વારા, કોઈપણ યુઝર હવે પોતાની ઓળખ ડિજિટલ રીતે ચકાસી શકશે.'

આ નવું Aadhaar FaceRD App હાલ Google Play Store પર ઉપલબ્ધ છે. જેને હાલ ડેવલોપર વર્ઝનમાં છે, જેનો માત્ર એન્ડ્રોઈડ યુઝર્સ જ ડાઉનલોડ કરીને ઉપયોગ શરૂ કરી શકે છે.

નવી એપનો ઉપયોગ કરવા માટે, તમારે તેને તે જ મોબાઈલમાં ડાઉનલોડ કરવી જરૂરી છે જેમાં આધાર સાથે લિંક કરેલ સિમ કાર્ડ હોય છે. ફોનમાં એપ ઈન્સ્ટોલ કર્યા પછી, તમારે તમારો આધાર નંબર એડ કરવો પડશે.

આધાર સાથે લિંક કરેલ નંબર પર મળેલો OTP એડ કર્યા પછી તમને ફેસ ઓથેન્ટિકેશનનો વિકલ્પ દેખાશે. ફેસ સ્કેન કર્યા પછી, તમને ૬ અંકનો પિન સેટ કરવાનું કહેવામાં આવશે.

### ૭૦૦ લોકોએ નોકરી ગુમાવી

# યૂકેની KNP લોજિસ્ટિક કંપનીની સિસ્ટમને હેકર્સ દ્વારા હેક કરવામાં આવી

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૨ ।

નબળા પાસવર્ડને કારણે એક હેકર્સ ગેંગ દ્વારા યૂનાઈટેડ કિંગડમની ૧૫૮ વર્ષ જૂની કંપનીને હેક કરી હતી અને એના કારણે ૭૦૦ લોકોએ નોકરી ગુમાવી પડી છે. હેકર્સ હવે કોઈ પણ કંપનીને ટાર્ગેટ કરીને તેમની સિસ્ટમ હેક કરી રહ્યા છે અને પૈસાની ડિમાન્ડ કરી રહ્યા છે. આ સિસ્ટમ ચાલું ન હોય ત્યાં સુધી કામ કરવું શક્ય નથી. તેમજ તમામ ડેટા મેળવવો પણ ખૂબ જ જરૂરી છે. આથી દરેક કંપની માટે હવે સિસ્ટમને હેક થવાથી બચાવવી ખૂબ જ માથાનો દુખાવો બની ગઈ છે.

યૂકેની KNP લોજિસ્ટિક કંપનીની સિસ્ટમને હેકર્સ દ્વારા હેક કરવામાં આવી હતી. એક કર્મચારીનો પાસવર્ડ ધારીને હેકર્સ દ્વારા સિસ્ટમ હેક કરવામાં આવી. આ પાસવર્ડ ખૂબ જ નબળો હોવાથી એ દ્વારા કંપનીના કમ્પ્યુટરની એક્સેસ મેળવી લેવામાં આવી હતી. ત્યાર બાદ સિસ્ટમને હેક કરીને તમામ ડેટા એનક્રિપ્ટેડ કરી નાખવામાં આવ્યા હતા અને ઈન્ટર્નલ સિસ્ટમને પણ લોક કરી દેવામાં આવી હતી. આથી કંપનીના કોઈ પણ કર્મચારી આ ડેટાને જોઈ શકતો નથી અને એક્સેસ પણ કરી શકતો નથી. કંપનીના ડિરેક્ટર પોલ એબોટે જણાવ્યું હતું કે પાસવર્ડ કોમ્પ્રોમાઈઝ થયો હોવાથી સિસ્ટમ હેક થઈ છે. જોકે એ કયા કર્મચારીના કારણે થયું છે એ બાબતે એ કર્મચારીને પણ જાણ કરાઈ નથી.


આ ટ્રાન્સપોર્ટ કંપની ૫૦૦થી વધુ ટ્રક ચલાવે છે અને એ ખૂબ જ જૂની કંપની છે. ઈન્ડસ્ટ્રીના IT સ્ટાન્ડર્ડ અને સાઈબર-અટેક ઈન્સ્યોરન્સ હોવા છતાં આ કંપની રેન્સમવેર અટેકનો શિકાર બની છે. આ સાઈબર અટેક અકિરા ગેંગ દ્વારા કરવામાં આવ્યો છે. કંપનીની સિસ્ટમનું એક્સેસ મેળવીને ડેટાને એનક્રિપ્ટેડ કરવામાં આવ્યો છે અને કર્મચારી એનો એક્સેસ કરી શકતી નથી. આથી એ ડેટા મેળવવા અને ડિક્રિપ્શન કી માટે અકિરા ગેંગ દ્વારા પૈસાની ડિમાન્ડ કરવામાં આવી છે. તેમણે મેસેજ લખ્યો હતો કે 'તમે આ મેસેજ વાંચી રહ્યા છો એનો અર્થ એ થયો કે તમારી કંપનીની ઈન્ટર્નલ સિસ્ટમ સંપૂર્ણ રીતે અથવા તો અર્ધમરી અવસ્થામાં છે. આથી તમે આંસુઓ અને દુખની ચિંતા અમને કરવા દો અને આપણે આનો ઉકેલ લાવવા માટે વાતચીત કરી શકીએ.'

હેકર્સ દ્વારા પૈસાની ડિમાન્ડ જાહેર રીતે કરવામાં નથી આવી, પરંતુ કેટલાક એક્સપર્ટ મુજબ તેમણે પાંચ મિલિયન પાઉન્ડ એટલે કે અંદાજે ૫૮.૧૨ કરોડની ડિમાન્ડ કરી છે.

# ૬૨ વર્ષ બાદ MIG 21ની વિદાય, વિમાનની વિશેષતાએ અનેક યુદ્ધ જીતાડ્યા

।(એજન્સી) નવીદિલ્હી, તા.૨૨।

મિગ ૨૧ સોવિયત યુનિયનનું બનાવવામાં આવેલું લડાકૂ વિમાન હતું. આ વિમાનને ૧૯૬૩માં ભારતીય વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યું હતું. આ ભારતનું પહેલું એવું સુપસોનિક જેટ હતું જે અવાજની ગતિથી વધારે ફાસ્ટ ઉડતું હતુ એ સમયમાં આ વિમાન ભારતની હવાઈ તાકાતનું પ્રતીક હતુ.



૮૭૪ મિગ ૨૧ વિમાનોને વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યા હતા. જેમાંથી લગભગ ૬૦૦ જેટલાં તો વિમાનો ભારતમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા બનાવવામાં આવ્યા હતા.

મિગ-૨૧ એ ઘણાં મોટાં યુદ્ધોમાં ભાગ લીધો હતો

૧૯૬૫ ભારત પાકિસ્તાન યુદ્ધ પહેલી વખત આ વિમાને યુધ્ધમાં ભાગ લીધો અને પાકિસ્તાની વિમાનોને ટક્કર આપી.૧૯૭૧ યુદ્ધઃ પૂર્વી પાકિસ્તાન જેને હાલનું બાંગ્લાદેશ કહેવાય છે. તેની આઝાદીમાં મિગ-૨૧ એ ખાસ ભૂમિકા નિભાવી હતી.૧૯૯૯ કારગિલ યુદ્ધઃ આ વિમાને કારગિલ યુદ્ધ દરમિયાન દુશ્મનોના છક્કા છોડાવી નાખ્યા એ સમયે પાયલોટે આ વિમાન દ્વારા સામાન્ય જીપીએસ દ્વારા જ હુમલાઓ કર્યા અને અંતે યુદ્ધ જીત્યા

૨૦૧૯ બાલાકોટ હુમલોઃ મિગ-૨૧ બાઈસને પાકિસ્તાની ક-૧૬ને તોડી પાડ્યું હતું. કેપ્ટન અંભિનંદને આ મિગ-૨૧ ઉડાવી રહ્યા હતા.

૨૦૨૫ ઓપરેશન સિંદૂર ખાસ મહત્વનું જેમાં મિગ ૨૧એ છેલ્લી વખત પોતાની વિશેષતા બતાવી પહેલગામ આતંકી હુમલાનો જોરદાર જવાબ આપ્યો.અને હવે આ વિમાન વિદાય લેવા જઈ રહ્યું છે.

**મિગ ૨૧ ની વિશેષતાઓ**

મિગ ૨૧ બાઈસનમાં ખાસ ટ્રેક રડાર લગાયેલી છે જે રડાર ગાઈડેડ મિસાલઈલોનો માર્ગ નક્કી કરે છે. બીવીઆર ટેકનિક સાથે વિમાનને તૈયાર કરાયુ જેમાં દૂર દેખાતી મિસાઈલોને પણ તોડી પાડવાની ક્ષમતા ધરાવનાર છે. મિગ-૨૧ની લંબાઈ ૧૫.૭૬ મીટર અને પહોળાઈ ૫.૧૫ મીટર, વગર હથિયારે તેનું વજન ૫૨૦૦ કિલોનું, લોડ બાદ ૮,૦૦૦ વજન સાથે ઉડાન ભરતુ.

૧૮,૦૦૦ મીટરની ઉંચાઈ સુધી ઉડી શકે છે

તેની મહત્તમ ગતિ ૨,૨૩૦ કિલોમીટર પ્રતિ કલાક એટલે કે ૧,૨૦૪ નોટ સુધીની હોઈ શકે છે.

## તંત્રી લેખ...

# શાળાઓને CCTV લગાવવા આદેશ

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડે (CBSE) તમામ શાળાઓમાં રીયલ-ટાઇમ ઑડિયો-વિઝ્યુઅલ રેકોર્ડિંગ સાથેના હાઇ-રિઝોલ્યુશન ઝઝ્ફ કેમેરા લગાવવા માટે ફરજિયાત નિયમ લાગુ કરી દીધો છે. આ નિર્ણય વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત કરવાના વ્યાપક પ્રયાસોનો એક ભાગ છે. આનાથી શાળાઓમાં થતી કોઈપણ પ્રકારની શિસ્તભંગ, અસામાજિક પ્રવૃત્તિ કે સુરક્ષા ભંગ પર તુરંત કાર્યવાહી કરી શકાશે. આ નીતિઓનો મુખ્ય ઉદ્દેશ્ય CBSE બોર્ડની પરીક્ષાઓની પારદર્શિતા, નિષ્પક્ષતા અને સુરક્ષા વધારવાનો છે. વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સીબીએસઈના સચિવ હિમાંશુ ગુપ્તાએ બોર્ડની તમામ શાળાઓમાં આ આદેશ જારી કરી દીધો છે. નિયમ મુજબ હવે તમામ શાળાઓના પ્રવેશ દ્વાર, ગલીઓ, સીડીઓ, વર્ગખંડો, પ્રયોગશાળાઓ, પુસ્તકાલય, કેન્ટીન, સ્ટોર રૂમ, રમતગમત મેદાન અને અન્ય કૉમન એરિયામાં ફરજિયાત સીસીટીવી કેમેરા લગાવવા પડશે. જોકે શૌચાલયને નિયમમાંથી બહાર રખાયું છે. સીબીએસઈએ સ્પષ્ટ કહ્યું છે કે, તમામ સીસીટીવી કેમેરામાં રિયલ ટાઇમ ઑડિયો-વિઝ્યુઅલની સુવિધા હોવી જોઈએ. ઓછામાં ઓછા ૧૫ દિવસનું રેકોર્ડિંગ બેકઅપ રાખવો ફરજિયાત છે, કારણ કે તપાસ એજન્સીઓ અને બોર્ડ અધિકારીઓ જરૂર પડે ત્યારે ઉપયોગ કરી શકે. વર્ષ ૨૦૧૯માં દિલ્હી સરકારે તમામ સરકારી શાળાઓમાં સીસીટીવી કેમેરા લગાવવાનો પ્રોજેક્ટ શરુ કર્યો હતો. ત્યારબાદ આ શાળાઓમાં કુલ ૭૮,૭૪૬ સીસીટીવી કેમેરા લગાવાયા હતા. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન પોતાની ૭૮૬ શાળા પરિસરોમાં ૧૦૭૮૬ સીસીટીવી કેમેરા લગાવવાની યોજનાની ડિસેમ્બર-૨૦૨૩માં જાહેરાત કરી હતી.

### મહારાષ્ટ્રમાં ફિલ્મ અને મીડિયા તાલીમનો વિસ્તાર કરવા માટે FTII અને મહારાષ્ટ્ર ફિલ્મ, સ્ટેજ અને સાંસ્કૃતિક વિકાસ નિગમ લિમિટેડ વચ્ચે MoU પર હસ્તાક્ષર



ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (FTII), પુણે અને મહારાષ્ટ્ર ફિલ્મ, સ્ટેજ અને સાંસ્કૃતિક વિકાસ નિગમ લિમિટેડ (MFSCDCL), મુંબઈએ આજે મહારાષ્ટ્રભરમાં ફિલ્મ અને મીડિયા ક્ષેત્રોમાં કૌશલ્ય વિકાસને આગળ વધારવા માટે એક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા. MFSCDCLના મેનેજિંગ ડિરેક્ટર શ્રીમતી સ્વાતિ મ્હેસે-પાટીલ અને FTIIના વાઇસ ચાન્સેલર શ્રી ધીરજ સિંહ વચ્ચે સૈંનું વિનિમય કરવામાં આવ્યું. આ MoUનો હેતુ ફિલ્મ, મીડિયા અને મનોરંજનના ક્ષેત્રોમાં કુશળ માનવ સંસાધનોનો વિકાસ કરીને ભારતના સર્જનાત્મક અર્થતંત્રને મજબૂત બનાવવાનો છે.

આ હસ્તાક્ષર સમારોહ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ; મહારાષ્ટ્ર સરકારના સાંસ્કૃતિક બાબતો અને આઈટી મંત્રી, એડવોકટ આશિષ શેલાર; FTII ના અધ્યક્ષ, શ્રી આર. માધવન; મહારાષ્ટ્ર સરકારના સાંસ્કૃતિક બાબતો વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી વિકાસ ખડગે; અને FTII, MFSCDCL અને કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ વ્યૂહાત્મક સહયોગનો ઉદ્દેશ FTII ની શૈક્ષણિક કુશળતા અને MFSCDCLની માળખાગત સુવિધાઓ અને આઉટરીચ ક્ષમતાઓ સાથે ભાગીદારીમાં ફિલ્મ નિર્માણ, ટેલિવિઝન નિર્માણ અને સંલગ્ન તકનીકી ક્ષેત્રોમાં ટૂંકા ગાળાના અભ્યાસક્રમો ચલાવવા અને પ્રોત્સાહન આપવાનો છે.

આ પ્રસંગે, શ્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે, "આ સહયોગ એક નવા યુગની શરૂઆત દર્શાવે છે. મહારાષ્ટ્ર સર્જકોના અર્થતંત્ર માટે રાષ્ટ્રીય અને વૈશ્વિક કેન્દ્ર બનવા માટે તૈયાર છે. સર્જનાત્મક જગ્યાઓના ઝડપી મુદ્રીકરણ સાથે, દૂરના વિસ્તારોના વ્યક્તિઓ પણ સામગ્રી સર્જકો તરીકે ઉભરી રહ્યા છે. ઓરેન્જ ઈકોનોમીના વિકાસની ઝડપી ગતિ પર પ્રકાશ પાડતા, શ્રી ફડણવીસે માહિતી આપી હતી કે આ વર્ષે મે ૨૦૨૫માં WAVES દરમિયાન શરૂ કરાયેલ NSE WAVES ઈન્ડેક્સ આટલા ટૂંકા ગાળામાં રૂા.૯૨,૦૦૦ કરોડથી વધીને રૂા.૧ લાખ કરોડ થયો છે. આ તકનીકી રીતે કુશળ અને પ્રમાણિત વ્યાવસાયિકોની જરૂરિયાત પર ભાર મૂકે છે, તેમણે ઉમેર્યું હતું. મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ ઔપચારિક તાલીમ અને પ્રમાણપત્રના મહત્વ પર વધુ ભાર મૂક્યો હતો અને નોંધ્યું હતું કે ઘણા પ્રતિભાશાળી વ્યક્તિઓ માન્ય ઓળખપત્રોના અભાવને કારણે વ્યાવસાયિક તકો સુધી પહોંચનો અભાવ ધરાવે છે. આ MoU માળખાગત તાલીમ અને પ્રમાણપત્ર કાર્યક્રમો ઓફર કરીને આ અંતરને દૂર કરશે.

આ પહેલના સમાવેશી પ્રકૃતિ પર પ્રકાશ પાડતા, મહારાષ્ટ્ર સરકારના સાંસ્કૃતિક બાબતો અને મંત્રી, એડવોકેટ આશિષ શેલારે જણાવ્યું હતું કે, આ સહયોગ ગ્રામીણ મહારાષ્ટ્રના વિદ્યાર્થીઓને ફિલ્મ ઉદ્યોગમાં કારકિર્દી બનાવવા માટે સક્ષમ બનાવશે. તે રોજગારની તકો પણ ખોલશે અને પ્રોત્સાહન આપશે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે મહારાષ્ટ્રના પ્રતિષ્ઠિત ફિલ્માંકન સ્થળો ગોરેગાંવ, કોલ્હાપુર, પ્રભાદેવી અને કર્જત ખાતેના MFSCDCL કેન્દ્રો પર આપવામાં આવનારા આ સહયોગી કૌશલ્ય વિકાસ અભ્યાસક્રમો રોજગારની તકો સર્જશે. FTII ના અધ્યક્ષ શ્રી આર. માધવને પહેલની પરિવર્તનશીલ સંભાવના પર પ્રતિબિંબ પાડતા કહ્યું હતું કે "નાના શહેરોના પ્રતિભાશાળી વ્યક્તિઓ ઈતિહાસ રચી રહ્યા છે. સ્થાનિક વાર્તા કહેવાથી લઈને વૈશ્વિક કથાઓ સુધી, ભારતના સર્જનાત્મક અવાજો ભવિષ્યને આકાર આપવા માટે તૈયાર છે." મહારાષ્ટ્ર સરકારના સાંસ્કૃતિક બાબતો વિભાગના અધિક મુખ્ય સચિવ, શ્રી વિકાસ ખડગેએ રોડમેપની રૂપરેખા આપતા કહ્યું હતું કે, "હાલમાં અમે એવા અભ્યાસક્રમોની યોજના બનાવી રહ્યા છીએ જે વિદ્યાર્થીઓને ફિલ્મ નિર્માણ, સિનેમેટોગ્રાફી, ડિજિટલ પ્રોડક્શન, છૈં ટૂલ્સ, ડબિંગ, વોઈસઓવર વગેરેમાં કારકિર્દી માટે તૈયાર કરશે."

આ એમઓયુ FTII ની શૈક્ષણિક શ્રેષ્ઠતાને MFSCDCLના માળખાગત સુવિધાઓ અને આઉટરીચ સાથે સંકલિત કરીને એક મજબૂત ઈકોસિસ્ટમના વિકાસની પણ કલ્પના કરે છે. આ સહયોગ કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ જોડાણના રાષ્ટ્રીય ઉદ્દેશ્યો સાથે સંકલિત ઉદ્યોગસાહસિકતા, ઈન્ક્યુબેશન અને સાંસ્કૃતિક પહેલને ટેકો આપશે.

### ઋતુઓની રાણી વર્ષાનું આગમન પ્રકૃતિને નવચેતન બક્ષી રહ્યું હતું

# પાર્વતી બા કોનાં ગમનનાં વાવડથી દુઃખી હતાં? અને એનું દુઃખ કોનાં આગમનથી ગયું?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**વહુ બેટા! ગામને પાદર આવતી શહેરની બસનો અવાજ દૂર દૂર સંભળાય છે, ગગો આવવામાં જ હશે! તો થોડા રૂપ રંગ સરખા કરી લેજો, આ ચૂલાની મશ ઉડી હશે! અને હા હવે તમે પણ થોડો આરામ કરો, આ ભાભાને તો હું વાળું કરવા આપી દઈશ! એ હા બા એમ કરીને ચંપા ઓરડા તરફ ચાલી.**

મિત્રો અત્યારે ચોમાસું બરોબર જામી રહ્યું છે, અને એનું આગમન આપણને રોમાંચિત બનાવી દે છે. અનરાધાર અગન વર્ષા પછીનો વરસાદ તો જાણે તપતી ધરતીને ઠારવા આવ્યો હોય એમ! આમપણ પ્રકૃતિમાં એક ઋતુ જાય અને પછી બીજી આવે, એમ જ વ્યક્તિગત જીવનમાં પણ કોઈ વાર બળબળતો ઉનાળો, તો કોઈ વાર હર્યુંભર્યું ચોમાસુ, આમ જ સૌનું જીવન એક યા બીજા ભાવની પૂર્તિ કરતું વીતતું હોય છે. પરંતુ આપણી નજર કોઈ વાર ગમન પર, એટલે કે જીવનમાં શું શું ગુમાવ્યું એની પર એટલી બધી હદે ચોંટી જતી હોય છે કે, આપણને બીજું કંઈક આગમન પણ થયું, એટલે કે જીવનમાં સારી ઘટના પણ ઘટી છે, એ તરફ જોવા દેતી નથી. એમાં પણ પ્રકૃતિ રૂઠી હોય એવું કોઈને લાગે, ત્યારે તો એ બહુ અઘરું થતું હોય છે, અને એવો જ કિસ્સો, આજે આપણે બોધકથામાં જોઈશું.



પસાભાઈ ખેતરને શેઢે બેઠા હતાં અને પોતાનું ખેતર નિહાળી રહ્યાં હતાં, અને જો આ ચોમાસું સારું જાય તો... ઋતુઓની રાણી વર્ષાનું આગમન પ્રકૃતિને નવચેતન બક્ષી રહ્યું હતું, ખુદનાં મનમાં પણ ગગાનાં લગ્ન માટે કેટકેટલાં ભાવ ઉભરાતાં હતાં. થોડીવાર પ્રકૃતિનો આનંદ લઈ પસાભાઈ ઘરે આવે છે, અને ધર્મ પત્ની પાર્વતીને સાદ કરે છે, પાર્વતી!! વર્ષાનાં વધામણાં થઈ ગયાં છે, ગગાનાં લગ્નની ઘડી પણ નજીક આવી રહી છે, અને પત્ની હાશકારો કરીને થોડીવાર પતિની બાજુમાં ઢોલિયે બેસે છે, પતિ-પત્ની બંને પુત્રવધૂના આગમનનું સ્વપ્ન જોવા લાગ્યા.

બા! બાપુજીનું ભાત લઈને ખેતરે જાઉં છું, જોઈલો તો બધું બરાબર છે ને! વહું બેટા એક ડુંગળીનો દડો અને ગોળ વધારાનો મૂકી દે, ભાભાને એ વગર રોંઢો કરવાનું ફાવશે નહીં, અને છાસમાં જોજે જરા પણ પાણી નહીં નાખતી! એ હો બા એમ કરતી રૂમઝૂમ કરતી ચંપા ખેતર બાજુ ચાલી.

ગળા સુધીનો ઘૂમટો તાણી અને ચંપા બોલી બાપજી, વેળા થઈ ગઈ છે, હવે રોંઢો કરી લ્યો! સોટી લાવો ઘડીક હું ખેતરમાં આંટો મારીને ઓલા કાબર ચકલાને કાગડા ઉડાડી આવું! નહીં તો પાક બેઠા પહેલા જ ફોલી ખાશે!

સાંજની વેળા થઈ અને પસાભાઈ ઘર ભણી પાછાં વળ્યાં! ફળિયાના ઢોલિયે જ પાર્વતીને આડી પડેલી જોઈ બોલ્યાં, એલી વાહ તારા તો નસીબ ઉઘડી ગયાં, પુત્રવધૂના આગમનથી રસોડું છૂટ્યું, પણ આ અમારે નસીબે તો હજી હળ અને બળદ જ છે! એ ના હો!! એમ કરતી પાર્વતી બોલી, તમારે રૂડા પકવાન અને રેશમી તળાઈમાં પોઢવાના નસીબ છે જ વળી, પણ ગગા સાથે શહેરમાં રહેવાની ના પાડો તો શું થાય! અને રોજ રોજ બાપજી બાપજી કહેતી આગળ પાછળ ફરતી પુત્રવધૂની લ્હાણ તમે ક્યાં નથી લેતાં! તોય તારી જેટલું તો નહીં જ ચૂલો ચક્કો છૂટ્યો, અને ધુમાડાથી કાળુ મશ થઈ ગયેલું મોઢું જો તો, કેવું ચમકવા લાગ્યું, જાણે પૂનમનો ચાંદ! છોડો હવે! પુત્ર પુત્રવધુ નું જોઈ ભાભા ને કંઈ જુવાની ફૂટી છે કે શું! તે વળી શું થયું! મારી ઘરવાળીને જ કહું છું, કંઈ પાડોશી ને થોડો કહેવા જાઉં છું! અને ઘરડા ઘરડા અંગો પણ એકબીજાને અડીને હસી પડે છે.

વહુ બેટા! ગામને પાદર આવતી શહેરની બસનો અવાજ દૂર દૂર સંભળાય છે, ગગો આવવામાં જ હશે! તો થોડા રૂપ રંગ સરખા કરી લેજો, આ ચૂલાની મશ ઉડી હશે! અને હા હવે તમે પણ થોડો આરામ કરો, આ ભાભાને તો હું વાળું કરવા આપી દઈશ! એ હા બા એમ કરીને ચંપા ઓરડા તરફ ચાલી.

અરીસામાં મોઢું જોતાં ચંપા બોલી, બાની વાત સાચી છે, આ મશને કારણે મોઢું તો જો કાળું થઈ ગયું છે! ફટાફટ મોઢું ધોઈ વળી પાછી અરીસા આગળ આવી. ગુલાબી કલરનુ ઓઢણું ઓઢ્યું, અને વાળ છૂટા કરી પસવાર્યા! કમરથી નીચે ઝૂલતા વાળ,રતુંમડા ગાલ, ગુલાબી હોઠ, કજરાળી આંખો, અને ચોળી માંથી ફાટફાટ થતા અને બહાર ડોકિયું કરતાં અંગો જોઈ, અને ચંપા પોતાનાં જ રુપ પર મોહી પડી, અને પિયું મિલનનાં સપને સરી પડી! ત્યાં ઓહ આ લટ તો જો કેટલી આડી આવે છે! આ સુરજ મુખી જેવો તારો ચમકતો ચહેરો દેખાતો પણ નથી, એમ કહી એને કડેથી પકડી, જાણે કે વૃક્ષ લત્તાને તેની બાંહોમાં જકડતું હોય! લે તમે વળી કયારે આવી ગયાં! આ ગુલાબી ઓઢણું અને ગુલાબી હોઠ ક્યારના બોલાવતાં હતાં, તે મારે તો આવવું જ પડે ને! એય ક્યાં હાલી આવ એમ કરી.... ઓહ તમે પણ શું! આ બા બોલાવશે! ના હો ક્યાંય જવાનું નથી લગ્ન પછી પૂરાં છ મહિને આવું છું સમજી! આ વખતે તો ઘરનું પણ નક્કી કરીને આવ્યો છું! બા આજે સવારથી ઉલટી જેવું થાય છે,આજ બાપજી ને ભાત દેવા ખેતરે નહીં જવાય ! શું કહ્યું વહું બેટા ! ઉલટી જેવું થાય છે! ગગા ઢોલીને બોલાવ, ને ઢોલ વગડાવો! નાના મહેમાન નાં આગમન નાં એંધાણ વર્તાઈ રહ્યાં છે. કહું છું સાંભળો છો! ગામના સુથાર વાલજીભાઈને ત્યાં આંટો મારી આવજો અને એક પારણું બનાવવાનું કહેતા આવજો! અને હા કહી દઉં છું કે સાગ સિસમનું મોર પોપટ વાળું એકદમ સરસ પારણું બનાવવાનું છે, એમાં જરાયે લોભ નહીં ચાલે, અને માથે ઓલું ફરતું ઝુમ્મર તો ખરું જ સમજ્યા! પાર્વતી અંધારું થયું પાણિયારે દીવો તો કર! આ દિવસનાં વળી કયું સપનું જોવા મંડી હતી! એ તમને ના ખબર પડે, હાલો હવે ઝટઝટ મહેમાનોનું લીસ્ટ બનાવો,ગગાના લગ્નની કંકોત્રી છપાવવી પડશે ને!

ગગાના લગ્ન થયાં ઢોલ શરણાઈ વાગી, ગામ આખું જમવા આવ્યું, ને વરઘોડિયાને સૌ એ સુખી થવાનાં આશીર્વાદ પણ આપ્યા,પણ બધું સપનામાં, અને એક દિવસ એક બસના અવાજે જીવતર રોળાઈ ગયું....અને એ દિવસથી પાર્વતી બા સુનમુન થઈ ગયાં.

અલી પાર્વતી ઉભી થા હવે જે થવાનું હતું તે થયું, છોડ હવે આપણાં નસીબ બીજું શું! પણ ગગાનાં બાપુ આ મુઈ બસ ખરે ટાણે જ ખાબકી ને આગમન પહેલાં જ ઈશ્વરે ગમનના વાવડ કેમ આપ્યા! ત્યાં જ બહારથી સાદ સંભળાયો પસાભાઈ અંદર આવું કે! આ ઓલે શહેરથી કોઈ બાઈ માણહ ક્યારનું તમારી ડેલીનું સિરનામુ પુછે છે,તે મને થયું કે હું જ ઘર બતાવતો આવું! અને એક યુવાન શહેરી યુવતી એ અંદર પ્રવેશ કર્યો. સાડીનો છેડો માથે નાખતા એ યુવતી બોલી બા બાપજી! હું સંધ્યા છું,અને તમારા દીકરા સંદીપ સાથે જ એની ઓફિસમાં કામ કરતા હતા,અમે બંનેએ લગ્ન કરી લીધા હતાં, અને આ ખબર દેવા જ એ દિવસે એ શહેરથી ગામ આવ્યાં હતાં, પણ ત્યાં બસનો એક્સિડન્ટ થયો, અને એ હંમેશા માટે અમુક વાત મનમાં લઈ ચાલ્યા ગયાં! પણ એક વાત મારે તમને બંનેને જણાવવી છે!! અને ત્યાં આવનારી યુવતીને એકદમ ઉલટી જેવું થતાં, એ ઘરના વાડામાં દોડી ગઈ! અને છેલ્લા બે અઠવાડિયાથી ઢોલિયે પડેલાં પાર્વતી બા એકાએક ઉભા થયાં! સાંભળો છો!!જાવ વાલજીભાઈને ઘેર અને પારણું બનાવવાનું છે, એમ કહેતા આવો!! પસાભાઈ તો જોઈ જ રહ્યાં. અંતે એક મહેમાનનાં આગમનનાં ઢોલ વાગ્યાં ખરાં. પાર્વતી બા ઉભા થયાં, અને સંધ્યાને ગળે લગાવી બોલ્યા, વહું બેટા આવો! આવો! હે હરિ તારો લાખ લાખ ધન્યવાદ! ગમન માં આગમન નાં વાવડ આપીને અમારી જીવન સંધ્યા થોડી રંગીન બનાવવા બદલ!

તો મિત્રો આ છે જીંદગીની સંતાકૂકડી કે જેમાં બધાને ધૂપ આવે છે, પણ એનાં સમયે છાંવ પણ આવે છે. આપણે એની ઉતાવળા થયાં વગર રાહ જોવાની હોય છે! જે આપણાથી નથી થતું.

### સ્વપ્ન જેને દેખાય છે તે જોનારો સાચો છે સ્વપ્નમાં એક જ પુરુષ છે પણ દેખાય છે

# "આંસુ"નો કદાચ કોઈ રંગ નથી હોતો કારણ કે જ્યારે તે આવે છે ત્યારે કોઈ તેને સાથ આપતું નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**સ્વપ્રમાં દૃષ્ટાને સ્વપ્ર સાચું લાગે છે. સ્વપ્રાવસ્થા એટલે અજ્ઞાન અવસ્થા અને જાગૃતાવસ્થા એટલે જ્ઞાનાવસ્થા. સ્વપ્રનો સંસાર સાચો નથી છતાં જીવને સુખદુઃખ કરે છે, એમ માયાનું જગત સાચું નથી,છતાં જીવને સુખદુઃખ કરે છે.જાગેલાને ભગવાન મળે છે, સૂતેલાને સંસાર મળે છે.**

પ્રેમ કરતાં બલિદાન શ્રેષ્ઠ છે, સુંદરતા કરતાં ચારિત્ર્ય શ્રેષ્ઠ છે, ધન કરતાં માનવતા શ્રેષ્ઠ છે, પરંતુ પરસ્પર સંબંધોને જીવંત રાખવા કરતાં બીજું કંઈ સારું નથી.આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો સર્વનું મૂળ ઉપાદાન કારણ પ્રભુ સત્ય છે અને પ્રભુમાં ભાસે તે સંસાર અસત્ય છે,પરંતુ માયાથી ભાસે છે.માયાની બે શક્તિઓ છે ૧.આવરણ શક્તિ અને ૨.વિક્ષેપ શક્તિ.માયાની આવરણ શક્તિ પરમાત્માને ઢાંકી રાખે છે. માયાની વિક્ષેપ શક્તિ ઈશ્વરમાં જગતનો ભાસ કરાવે છે. જેમ અંધારામાં દોરડાને બદલે સાપ દેખાય. જે ન હોય તે દેખાય અને જે હોય તે ન દેખાય.પોતાના સ્વરૂપનું વિસ્મરણ એ માયા છે. એ સ્વપ્ર છે.સ્વપ્ર જેને દેખાય છે તે જોનારો સાચો છે. સ્વપ્રમાં એક જ પુરુષ છે પણ દેખાય છે બે. એ જાગી જાય છે ત્યારે એને ખાતરી થાય છે કે હું ઘરમાં પથારીમાં સૂતો છું. સ્વપ્રનો પુરુષ જુદો છે. તેમ આ જગતમાં બ્રહ્મ તત્ત્વ એક જ છે, પણ માયાને લીધે અનેક તત્ત્વ ભાસે છે. માયા અનાદિ છે. માયા એટલે અજ્ઞાન.અજ્ઞાન ક્યારથી શરૂ થયું તે જાણવાની શું જરૂર છે? માયા જીવને ક્યારથી વળગી એનો વિચાર કરવો નહીં.કપડાં ઉપર ડાઘ પડ્યો હોય તો તે શાથી પડ્યો? ક્યારે પડેલો? કેમ કરતાં પડયો?કઈ શાહી હશે?વગેરે વિચાર કરવાને બદલે પડેલો ડાઘ તરત દૂર કરવો એ જ હિતાવહછે તેવી રીતે માયાનો વિચાર કરવા કરતાં માયાના પતિ પરમાત્માને



શરણે જવું એ જ કર્તવ્યમય છે.

સુદામાએ એક વખત શ્રીકૃષ્ણ પાસે માગણી કરી કે, મારે તમારી માયાનાં દર્શન કરવાં છે. શ્રીકૃષ્ણે કહ્યું, સમય આવે દર્શન કરાવીશ. ચાલો, પહેલાં ગોમતીમાં સ્નાન કરવા જઈએ. ભગવાન સ્નાન કરી પીતાંબર પહેરે છે. સુદામાએ ગોમતીના જળમાં ડૂબકી મારી, ત્યારે પ્રભુએ પોતાનીમાયાબતાવી સુદામાને લાગ્યું.ગોમતીજીમાં પૂર આવ્યું છે તે પોતે તણાતાં જાય છે માંડમાંડ તરીને એક કિનારેઆવ્યા ત્યાં એક ગામ હતું. ગામમાં પેસતાં એક હાથણીએ તેમના ગળામાં ફૂલની માળા પહેરાવી. લોકોએ સુદામાને કહ્યુંઅમારા દેશના રાજા મૃત્યુ પામેલાછે.આ ગામનો કાયદો છે કે,રાજાના મૃત્યુ બાદ આ હાથણી જેને માળા પહેરાવે તે રાજા થાય. માટે તમે અમારા રાજા! સુદામા રાજા બન્યા.એક રાજકન્યા સાથે તેમનું લગ્ન થયું. બાર વર્ષ સંસાર ચાલ્યો.બાર પુત્રો થયા. તેવામાં રાણી એક દિવસ માંદી પડી અને મૃત્યુ પામી.સુદામા રડવા લાગ્યા. લોકો કહે, તમે રડો નહીં. અમે તમને વિયોગમાં દુઃખી નહીં થવા દઈએ.તમારી પત્ની જ્યાં ગઈ છે ત્યાં તમને પણ મોકલીશું. એટલે કે પત્ની સાથે તમારે પણ અગ્નિમાં પ્રવેશ કરવો પડશે.હવે સુદામા પત્ની માટે રડવાનું ભૂલી ગયા, ને પોતા માટે રડવા લાગ્યા.પછી તે લોકોને કહે છે,મને એક વખત સ્નાન-સંધ્યા કરી લેવા દો.પછી મને સતોકરજો તે સ્નાન કરવા ગયા. ચાર પુરુષો તેની ચોકી કરતા ઊભા કે નાસી ન જાય.સુદામા ખૂબ ગભરાયા. ગભરાટમાં પ્રભુને યાદ કરે છે. રડતાં રડતાં સુદામા નદીમાંથી બહાર આવ્યા. ભગવાન હજી તો પીતાંબર પહેરી રહ્યા હતા. ભગવાન પૂછે છે, તું કેમ રડે છે? સુદામાએ બધી વાત કરી ત્યારે ભગવાન કહે,આનું નામ મારી માયા.માયા એટલે વિસ્મરણ. ન હોય અને બતાવેએ માયા. માયાના ત્રણ પ્રકાર છેઃ ૧. વમોહિકા ૨. સ્વજનમોહિકા, ૩. વિમુખજન મોહિકા. બ્રહ્મદૃષ્ટિ સતત રાખે તેને માયા પકડી શકે નહીં.માયાજીવન ને વળગી છેએ તત્ત્વદૃષ્ટિથી સાચું નથી.માયા નર્તકી છે. તે બધાને નચાવે છે. નર્તકી માયાના મોહમાંથી છૂટવું હોય તો નર્તકી શબ્દ ઊલટાવો એટલે થશે કીર્તન. કીર્તન કરો એટલે માયા છૂટશે. કીર્તનભક્તિ માં દરેક ઈન્દ્રિયને કામ મળે છે. તેથી મહાપુરુષોએ કીર્તનભક્તિને શ્રેષ્ઠ માની છે. માયાને તારવામાયા જેની દાસી છે એ માયાપતિ પરમાત્માને જ પામવા પ્રયત્ન કરો.માથાના ત્રાસ માંથી છૂટવું હોય તો માધવરાયને શરણે જવું.ભગવાન કહે છે કે,જે મારે શરણે આવે છે તે જ આ દસ્તુર માયાને તરી જાય છે. તેથી મનુષ્ય માત્ર સદા, સર્વત્ર ભગવાન શ્રીહરિનું જ પૂરા દિલથી શ્રવણ, કીર્તન-સ્મરણ કરવું. આવરણ અને વિક્ષેપએ માયાની બે શક્તિ ઓ છે. બંને શક્તિઓ ઈશ્વરને ઢાંકે છે, છૂપાવે છે. તત્ત્વ દૃષ્ટિથી જોતાં જગત નથી,છતાં આવરણ અને વિક્ષેપને લીધે જગત સત્ય ભાસે છે.

સ્વપ્રમાં દૃષ્ટાને સ્વપ્ર સાચું લાગે છે. સ્વપ્રાવસ્થા એટલે અજ્ઞાન અવસ્થા અને જાગૃતાવસ્થા એટલે જ્ઞાનાવસ્થા. સ્વપ્રનો સંસાર સાચો નથી છતાં જીવને સુખદુઃખ કરે છે, એમ માયાનું જગત સાચું નથી,છતાં જીવને સુખદુઃખ કરે છે.જાગેલાને ભગવાન મળે છે, સૂતેલાને સંસાર મળે છે. સંસારમાં જાગેલો તે છે જેને સંસારમાં સુખ તુચ્છ લાગ્યું છે,અને જેને સંસારનાં બધાં સુખો મીઠાં લાગે છે તે સૂતેલો જ છે. માયાનો આરંભ નથી કે અંત પણ નથી. કારણકે એ પોતે જ ખોટી છે પણ જાગ્યા પછી સ્વપ્રનો જેમ અંત આવે છે તેમ જ્ઞાન થયા પછી માયાનો અંત આવે છે. અજ્ઞાન અનાદિ છે, પણ અજ્ઞાનનો અંત આવી શકે છે.માયા હંમેશ ગાફેલ ને મારે છે.સાવધાનને એ મારી શકતી નથી. માયાએ છાયા જેવી છે.તમે દીવાની સામે ઊભા રહેશો તો છાયા તમારી પાછળ રહેશે, પણ દીવા તરફ પૂંઠ કરીને ઊભા રહેશો તો છાયા તમારી સામે રહેવાની.એમ જીવ પરમાત્માની સામે રહે તો માયા પાછળ રહેવાની,પણ પરમાત્માને ભૂલી તેમની સામે પૂંઠ કરીને રહે તો માયા સામે આવીને ઊભી રહેવાની.ભગવાને બ્રહ્માજીને જે ચતુઃ શ્લોકી ભાગવતનો ઉપદેશ કર્યો, તે બ્રહ્માજીએ નારદને કર્યો. નારદે વ્યાસજીને કર્યો અને વ્યાસજીએ એના પરથી અઢાર હજાર શ્લોકો વાળું ભાગવત શાસ્ત્ર રચ્યું. અસ્તુ.

### પંકજ ત્રિપાઠી એક પંડિત છે

## યજમાનની દક્ષિણાએ જીવનની દિશા બદલી: પંકજ ત્રિપાઠી



બોલિવૂડ અભિનેતા પંકજ ત્રિપાઠીનું જીવન અને તેમની કારકિર્દીની સફર ખૂબ જ રસપ્રદ રહી છે. પંકજ ખૂબ જ શિષ્ટ અને સાદગીપૂર્ણ વ્યક્તિ છે. છેલ્લા ઘણા વર્ષોમાં તેમણે પોતાની જાતને સાબિત કરી છે અને દરેક નવી ફિલ્મ સાથે તેમના અભિનયમાં સુધારો થયો છે. પંકજ ત્રિપાઠીએ ફિલ્મ ઉદ્યોગમાં ઘણો સંઘર્ષ કર્યો છે અને તેમને 'ગેંગ્સ ઓફ વાસેપુર' દ્વારા પહેલો મોટો બ્રેક મળ્યો હતો. પંકજ ત્રિપાઠી એક પંડિત છે અને સિનેમા સાથેનો તેમનો સંબંધ ત્યારે શરૂ થયો જ્યારે તેઓ એક ઘરમાં પૂજા કરવા ગયા. તેઓ નાના હતા અને જ્યારે તેઓ પૂજા કર્યા પછી જવાના હતા, ત્યારે દક્ષિણા આપવાને બદલે સમર્થકોએ પંકજ ત્રિપાઠીને આવી ઓફર આપી, જેના પછી તેમણે વારંવાર ફિલ્મો જોવાનું શરૂ કર્યું અને આ રીતે પંકજનો ફિલ્મો સાથેનો સંબંધ પહેલી વાર વિકસવા લાગ્યો. પંકજ ત્રિપાઠીએ પોતે તેમના એક ઈન્ટરવ્યુમાં આ વાર્તા કહી હતી કે તે દક્ષિણાને કારણે તેમના જીવનની દિશા કેવી રીતે બદલાઈ ગઈ.પંકજ ત્રિપાઠીએ કહ્યું, "આ ખૂબ જ રસપ્રદ વાર્તા છે. ખરેખર, તે દિવસે મારા ગામમાં કોઈ પંડિત નહોતા. કોઈએ કહ્યું કે તમે જાઓ અને તે કરાવો. તેથી હું ગયો અને પૂજા કર્યા પછી, મેં કહ્યું કે મને દક્ષિણા આપો, અમે જઈશું. હવે જો આપણે પંડિતજીની ઉંમર જોઈએ, તો અમે ૧૦મા ધોરણમાં હતા, એટલે કે ૧૨-૧૫ વર્ષના પંડિતજી. હવે યજમાનો ઊંચા કુસ્તીબાજો હતા, તેઓએ કહ્યું કે અમે તમને દક્ષિણા શું આપીશું, તમે યુવાન છો. અમે ગોપાલગંજના ત્રણેય સિનેમા હોલના અલગ-અલગ દ્વારપાલ છીએ.

# અભિનેત્રી કૃતિ સેનનું કબીર બાહિયા સાથે સ્પેશિયલ કનેક્શન

**કૃતિએ તેના ભોજનની એક ઝલક પણ શેર કરી છે.કૃતિ સેનન અને કબીર બાહિયાના અફેરના સમાચાર ઘણા સમયથી ચાલી રહ્યા છે**





અભિનેત્રી કૃતિ સેનન આ દિવસોમાં વેકેશનનો આનંદ માણી રહી છે. તે ક્રુઝ વેકેશન પર છે. તાજેતરમાં તેણે તેની તસવીરો શેર કરી છે. કૃતિના આ ફોટા પછી, ફરી એકવાર ઉદ્યોગપતિ કબીર બાહિયા સાથેના તેના અફેરના સમાચાર ચર્ચામાં આવ્યા છે.કબીર બાહિયાએ ઈન્સ્ટાગ્રામ પર પોતાના વેકેશનની ઝલક પણ બતાવી છે.

તેમની તસવીરો સંકેત આપી રહી છે કે તે પણ ક્રુઝ વેકેશન પર છે અને કૃતિ સેનન સાથે એન્જોય કરી રહ્યો છે. જોકે, કૃતિ અને કબીરે તેમના ફોટામાં એકબીજાને દેખાડ્યા નથી. પરંતુ એક જ જગ્યાએથી ફોટા જોઈને સોશિયલ મીડિયા પર ડેટિંગની અફવા ફેલાઈ ગઈ છે. કબીરે એક ફોટો શેર કર્યો છે, જેમાં તે ક્રુઝ પર જોવા મળી રહ્યો છે. બહાર ચારે બાજુ પાણી છે. બીજા ફોટામાં ડાઈનિંગ જોવા મળી રહ્યું છે અને કબીર સમુદ્રના મોજાનો આનંદ માણી રહ્યો છે.કૃતિ સેનન વિશે વાત કરીએ તો, તે મલ્ટી-કલર ડ્રેસમાં જોવા મળી હતી. તેણે ન્યૂનતમ મેકઅપ લીધો છે અને તેના વાળ ખુલ્લા રાખ્યા છે. કૃતિએ તેના ભોજનની એક ઝલક પણ શેર કરી છે.કૃતિ સેનન અને કબીર બાહિયાના અફેરના સમાચાર ઘણા સમયથી ચાલી રહ્યા છે. બંને ઘણીવાર સાથે જોવા મળતા હતા. કૃતિ કબીરના પારિવારિક કાર્યક્રમોમાં પણ હાજરી આપતી જોવા મળી હતી. તેઓ સોશિયલ મીડિયા પર એકબીજા માટે પોસ્ટ પણ કરતા રહે છે. કૃતિ સેનન હવે ડોન ૩ માં જોવા મળશે. પહેલા કિયારા અડવાણી આ ફિલ્મમાં જોવા મળવાની હતી. પરંતુ પુત્રી હોવાને કારણે, હવે કિયારાને બદલવામાં આવી છે. કૃતિ રણવીર સિંહની સામે જોવા મળશે.

### બોલિવૂડ અભિનેત્રીનું કબૂલનામું

## ફિલ્મ મેકર્સે PR સ્ટંટ માટે મારા મૃત્યુના ખોટા સમાચાર ફેલાવ્યા


એક સમયે એવી અફવા ફેલાઈ હતી કે, શિલ્પા શિરોડકરની ફિલ્મ 'રઘુવીર' નું શૂટિંગ દરમિયાન મોત થયું છે. વર્ષ ૧૯૯૫માં રિલીઝ થયેલી આ ફિલ્મ સુનીલ શેટી લીડ રોલમાં હતા, તેમની સાથે શિલ્પા શિરોડકર, સુરેશ ઓબેરોય, સુધા ચંદ્રન, મોહનીસ બહલ, અરુણા ઈરાની, ગુલશન ગ્રોવર અને પ્રેમ ચોપડા પણ હતા. ફિલ્મના શૂટિંગ દરમિયાન એવી અફવા ફેલાઈ હતી કે, શિલ્પાને ગોળી મારી હત્યા કરવામા આવી છે. જેના કારણે અભિનેત્રીના ઘરે અફરા તફરી મચી ગઈ હતી. જોકે, પછીથી મેકર્સે કહ્યું કે, આ ફિલ્મના પ્રમોશન માટેનો સ્ટંટ હતો.હાલમાં મીડિયા સાથે વાત કરતાં શિલ્પા શિરોડકરે આ ગેરસમજને યાદ કરી હતી. તેણે કહ્યું કે, 'હું કુલ્લુ મનાલીમાં હતી. મારા પિતાજી હોટલમાં ફોન કરવાની કોશિશ કરી રહ્યા હતા, કારણ કે એ સમયે અમારી પાસે મોબાઈલ ફોન નહોતો. હું ત્યા સુનીલ શેટી સાથે શૂટિંગ કરી રહી હતી. ત્યા શૂટિંગ જોઈ રહેલા લોકો વિચારી રહ્યા હતા કે, આ શિલ્પા છે કે બીજુ કોઈ...? કારણ કે, એ લોકોએ પણ મોતના સમાચાર સાભળ્યા હતા.'શિલ્પાએ વધુ વાત કરતાં કહ્યું કે,'જ્યારે હું રુમમાં પરત ગઈ, તો લગભગ ૨૦-૨૫ મિસ્ડ કોલ આવ્યા હતા. મારા પિતાજી ચિંતામાં હતા. કારણ કે, સમાચાર પત્રોમાં હેડલાઈન છપાઈ હતી કે, શિલ્પા શિરોડકરને ગોળી મારીને હત્યા કરવામાં આવી છે.'જોકે, પાછળથી ફિલ્મ મેકર્સે પ્રમોશનલ આ સ્ટંટ હતો. શિલ્પાએ કહ્યું, 'જ્યારે તેઓએ મને જણાવ્યું ત્યારે મેં કહ્યું અહીં બધુ બરોબર છે'. હા, આ થોડું વધારે પડતું થઈ ગયું હતું. એ સમયે કોઈ PR સ્ટંટ કે એવું કંઈ નહોતું. કુછ પતા હી નહિ થા. હું છેલ્લી વ્યક્તિ હતી જેને ખબર હતી કે, આવું કંઈક થવાનું છે. એ સમયે કોઈ પરવાનગી લેવામાં આવતી ન હતી. ફિલ્મ સારી ચાલી તેથી હું બહુ ગુસ્સે નહોતી.'ઉલ્લેખનીય છે કે, શિલ્પા શિરોડકર આગામી ફિલ્મ 'જટાધારા' માં જોવા મળશે, જે એક પેન ઈન્ડિયા થ્રિલર ફિલ્મ છે, જેની સાથે તે ઘણા વર્ષો પછી મોટા પડદા પર વાપસી કરી રહી છે.

### દિશા વાકાણી અંગે પ્રોડ્યુસરે તોડ્યું મૌન

# ૮ વર્ષ બાદ 'દયાબેન' તારક મહેતા શોમાં કરશે વાપસી?

**તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શો વર્ષ ૨૦૦૮માં શરૂ થયો હતો અને આ શોને ૧૭ વર્ષ થઈ ગયા છે**





છેલ્લા ૧૭ વર્ષથી, લોકપ્રિય ટીવી શો તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ચાહકોનું મનોરંજન કરી રહ્યો છે. આ ટીવી શૉ સાથે લોકોના બાળપણની ઘણી યાદો જોડાયેલી છે. આ એવા પસંદગીના શૉમાંથી એક છે જે ફક્ત હિટ જ નથી પરંતુ આ શૉના બધા પાત્રો પણ ખૂબ જ હિટ રહ્યા છે. પરંતુ શૉમાં જે પાત્ર લોકોને સૌથી વધુ ગમ્યું છે તે દયાબેનનું પાત્ર છે. લાંબા સમયથી તેને શૉમાં પાછી લાવવાની માંગ કરવામાં આવી રહી છે. આ અંગે શૉના પ્રોડ્યુસર અસિત કુમાર મોદીએ મૌન તોડ્યું છે. પ્રોડ્યુસર અસિત કુમાર મોદીએ એક ઈન્ટરવ્યૂમાં દયાબેનના વાપસી વિશે જણાવ્યું હતું કે, 'દિશા વાકાણીએ દર્શકો પર ઊંડી છાપ છોડી છે અને અમે તેને નાના પડદા પર જોયાને ૮ વર્ષ થઈ ગયા છે. તેનું પાત્ર હજુ પણ દર્શકોના દિલમાં વસે છે. તેને પાછી લાવવી મુશ્કેલ છે અને એ કામ એટલુ સરળ પણ નથી. આ માટે, યોગ્ય સમય અને યોગ્ય સંજોગોની રાહ જોવી પડશે.'આ જ અંગે વધુમાં વાત કરતા પ્રોડ્યુસરે કહ્યું કે, 'મારું પૂરેપૂરું ધ્યાન હાલ સ્ટોરીટેલીંગ પર છે. મારું એવું માનવું છે કે વાર્તા મજબૂત હોય તો દર્શકો તેને સારી રીતે માણે છે.

આથી જ્યારે વાર્તા મજબૂત હોય ત્યારે પાત્રની ગેરહાજરી વધુ અનુભવાતી નથી. આ શૉ હંમેશા એક મજબૂત વાર્તાના કારણે આગળ વધ્યો છે. જ્યાં સુધી અમે અદભુત અને રસપ્રદ કન્ટેન્ટ આપતા રહીશું, ત્યાં સુધી દર્શકો શૉ સાથે જોડાયેલા રહેશે. પછી ભલે અમુક પાત્ર શૉમાં રહે કે ના રહે.' શૉ વિશે વાત કરીએ તો, તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શૉ વર્ષ ૨૦૦૮માં શરૂ થયો હતો. આ શૉને ૧૭ વર્ષ થઈ ગયા છે અને અત્યાર સુધીમાં તેના ૪૩૧૦ એપિસોડ પ્રસારિત થયા છે. આ આંકડો ખૂબ મોટો છે અને ભાગ્યે જ કોઈ સિરિયલમાં આનાથી વધુ એપિસોડ હશે.

શૉમાં દિશા વાકાણી વિશે વાત કરીએ તો, તે પહેલા ૧૦ વર્ષ સુધી આ શૉનો ભાગ હતી. પરંતુ આ પછી દિશાએ દીકરીને જન્મ આપ્યો હોવાથી વર્ષ ૨૦૧૭માં જ શૉ છોડી દીધો હતો.

## પવન કલ્યાણ અને શ્રીલીલાની ટીમમાં જોડાઈ રાશિ ખન્ના





તેલુગુ સ્ટાર પવન કલ્યાણ આંધ્રપ્રદેશના નાયબ મુખ્યમંત્રી પણ છે. રાજકીય સક્રિયતાની સાથે તેઓ ફિલ્મી કરિયર પર પણ ધ્યાન આપી રહ્યા છે. તેમની 'ઉસ્તાદ ભગત સિંઘ' લાંબા સમયથી અટવાયેલી છે. આ ફિલ્મનું કામ ફરી શરૂ કરવા પવન કલ્યાણે કમર કસી છે. તેમાં પવન કલ્યાણ સાથે લીડ રોલમાં કિસિક ગર્લ શ્રીલીલા અગાઉથી નક્કી હતી. હવે, સેકન્ડ લીડમાં રાશિ ખન્ના પણ ફાઈનલ થઈ હોવાનું જાણવા મળ્યું છે. પવન કલ્યાણે તાજેતરમાં 'હારા વીરા મલ્લુ' અને 'OG'નું શૂટિંગ પૂરું કર્યું છે અને હવે તેમણે 'ઉસ્તાદ ભગતસિંઘ'નું કામ હાથ પર લીધું છે. લાંબા સમયથી અટવાયેલી આ ફિલ્મનું શૂટિંગ ઝડપી ગતિએ હૈદરાબાદ ખાતે ચાલી રહ્યું છે. ફિલ્મના સેટ પર પવન કલ્યાણની સાથે તેલુગુ સેન્સેશન તરીકે ઓળખાતી શ્રીલીલા પણ જોવા મળી છે. સેટ પરથી મળેલી માહિતી મુજબ, પવન કલ્યાણ અને શ્રીલીલાની ટીમમાં રાશિ ખન્ના પણ હવે જોડાઈ ચૂકી છે. પોલીસ ઓફિસરની સ્ટોરી ધરાવતી આ ફિલ્મમાં રાશિ ખન્ના સેકન્ડ લીડ રોલ કરી રહી છે. રાશિએ છેલ્લી તેલુગુ ફિલ્મ ૨૦૨૨માં કરી હતી. બે વર્ષ બાદ તેને તેલુગુ ફિલ્મ મળી છે. મોટા બજેટ અને પવન કલ્યાણ જેવા સ્ટાર સાથે મળી રહેલી 'ઉસ્તાદ ભગત સિંઘ'ના કારણે રાશિને શાનદાર કમબેકની તક મળી છે. 'ઉસ્તાદ ભગત સિંઘ'ને મેગા કમર્શિયલ પ્રોજેક્ટ તરીકે ઓળખવામાં આવે છે. રાશિએ હિન્દી ફિલ્મોમાં પગ જમાવવા ઘણાં પ્રયાસ કરી જોયાં છે. ઓટીટી પર પણ રાશિએ હાથ અજમાવ્યો છે. જો કે તેલુગુ ફિલ્મો જેવો રિસ્પોન્સ ક્યાંય ન મળ્યો હોવાથી રાશિએ ફોકસ બદલ્યું છે.

### 'સૈયારા' ૧૮ જુલાઈએ થીએટરોમાં રિલીઝ થઈ

## 'સૈયારા' માં ખરેખર કોરિયન ફિલ્મની નકલ કરવામાં આવી ?



અહાન પાંડે અને અનીત પડ્ડા અભિનિત ફિલ્મ 'સૈયારા' ૧૮ જુલાઈએ થીએટરોમાં રિલીઝ થઈ છે. આ ફિલ્મે બોક્સઓફિસ પર ધમાલ મચાવી દીધી અને રૂ. ૨૧ કરોડની કમાણી કરી લીધી છે. સૈયરા ફિલ્મ રિલીઝ થવાના પ્રથમ દિવસે જ બોક્સ ઓફિસની સાથે લોકોના હૃદયને સ્પર્શી ગઈ છે. દર્શકોને ફિલ્મ ખૂબ પસંદ આવી રહી છે. પરંતુ ફિલ્મ હિટ થતા જ હવે તેના મેકર્સ મોહિત સુરી પર એક કોરિયન ફિલ્મની સ્ટોરી ચોરી કરવાના આક્ષેપ લગાવવામાં આવી રહ્યા છે. કેટલાક ફિલ્મ વિવેચકોનું માનવું છે કે 'સૈયારા' ૨૦૦૪ની કોરિયન ફિલ્મ 'એ મોમેન્ટ ટુ રિમેમ્બર'ની કોપી સમાન છે. આ રોમેન્ટિક ડ્રામા એક ગુસ્સાવાળા મ્યુઝિશિયન કૃષ કપૂર(અહાન પાંડે) અને એક શરમાળુ યુવતિ અને પત્રકાર વાણી(અનીત પડ્ડા)ની લવસ્ટોરી પર આધારીત છે. સ્ટોરી ત્યારે ઈમોશનલ વળાંક લે છે, જ્યારે વાણીને અલ્ઝાઈમરની ખબર પડે છે, જેના સંબંધમાં મુશ્કેલી પેદા કરે છે. આ ફિલ્મને જોયા પછી સોશિયલ મીડિયા યુઝર્સે 'સૈયારા'ની તુલના જોન એચ.લી દ્વારા દિગ્દર્શિત અને સોન યે-જિન અને જંગ વુ-સુંગ અભિનિત 'અ મોમેન્ટ ટુ રિમેમ્બર' સાથે સરખામણી કરવામાં સહેજ પણ વિલંબ કર્યો નહીં. આ ફિલ્મ એક એવા યુગલની આસપાસ ફરે છે, જેની જિંદગી ત્યારે બદલાઈ જાય છે, જ્યારે યુવતીને આરંભિક અલ્જાઈમરની ખબર પડે છે અને તેના સંબંધમાંથી અલગ થવાના નિર્ણય પછી પણ યુવતી તેની સાથે રહે છે. સોશિયલ મીડિયા પર યુઝર્સ મોહિત સુરી પર આ કોરિયન ફિલ્મનો પ્લોટ ચોરવાનો આક્ષેપ લગાવી રહ્યા છે. એક યુઝરે લખ્યું કે, ફિલ્મની સ્ટોરીમાં કેટલીક ચીજ એક સમાન છે – જેમ કે અલ્જાઈમર, એક્સ સાથેની પ્રોબ્લેમ, યુવતિનું ભાગી જવું. સાથે જ ક્લાઈમેક્સમાં એ મુમેન્ટ પણ છે, જ્યાં પસાર કરેલી યાદોને રીક્રિએટ કરે છે. એક અન્ય યુઝરે લખ્યું કે, શું 'સૈયરા' ફિલ્મ 'અ મોમેન્ટ ટુ રિમેમ્બર' પર આધારીત છે? મોહિત સુરી અને દક્ષિણ કોરિયન ફિલ્મોની નકલ કરવાની તેમની આદત. 'આઈ સો ધ ડેવિલ'ની 'એક વિલેન'ની સાથે સરખામણી કરીએ તો એ થોડી અલગ વાત હતી, કારણ કે આ એક્શન રિવેન્જ ડ્રામ હતી અને એક વિલેન એક રોમેન્ટિક ડ્રામ હતી.બીજી તરફ કેટલાક યુઝર્સ બચાવ કરીને કહી રહ્યા છે કે, જો આવું જ છે તો આ એક સારું રુપાંતરણ છે. ઉલ્લેખનીય છે કે, સૈયારાના મેકર્સે આ આક્ષેપના સંદર્ભમાં કોઈ નિવેદન જાહેર કર્યું નથી કે આ ફિલ્મ કોરિયન ફિલ્મની સત્તાવાર રિમેક છે કે નહીં.

## બોયકોટ કલ્ચરથી વાણી કપૂર દુઃખી, નફરતનું ઝેર બધે પ્રસરી રહ્યું છે

પાકિસ્તાની એક્ટર ફવાદ ખાન સાથેની વાણી કપૂરની ફિલ્મ 'અબીર ગુલાલ' ભારતમાં રિલીઝ માટે તૈયાર હતી અને પ્રમોશન પણ ચાલી રહ્યું હતું. દરમિયાન પાકિસ્તાને પહેલગામમાં આતંકવાદી હુમલો કરાવ્યો અને 'અબીર ગુલાલ' પર પ્રતિબંધ મૂકાઈ ગયો. ભારતીય ઓડિયન્સ પણ આ ફિલ્મ જોવા ખાસ ઉત્સુક નથી. 'અબીર ગુલાલ'ને મળેલો ઝાકારો વાણી કપૂરને હજુ વિસરાતો નથી. વાણી કપૂરનું માનવું છે કે, બૉયકોટ અને કેન્સલ કલ્ચર વકરવાની સાથે નફરતનું ઝેર બધે પ્રસરી રહ્યું છે. ભારતમાં 'અબીર ગુલાલ'ની રિલીઝ પર સત્તાવાર પ્રતિબંધ મૂકાયો હોવાથી વાણીએ આ મામલે સીધો વિરોધ નોંધાવ્યો ન હતો અને સેન્સરશિપને મર્યાદિત રાખવાની જરૂરિયાત જણાવી હતી. વાણીએ કહ્યં હતું કે, સેન્સર બોર્ડ દ્વારા એક તરફ સર્ટિફિકેટ અપાય છે અને બીજી બાજુ સેન્સરશિપની કોઈ મર્યાદા નથી.આર્ટિસ્ટ તરીકે નવા ક્ષેત્રોમાં ખેડાણ કરવાનું શક્ય નથી બનતું કારણ કે દર વખતે બંધનો લાદી દેવાય છે.

# મેરિલ સ્ટ્રીના ઝુમખાએ સોશિયલ મીડિયા પર ચર્ચા જગાવી

**એક તરફ સિક્વલ આવી રહી છે, ત્યારે જૂની ફિલ્મની ક્લિપ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ**

અમેરિકા કે બ્રિટનની વેબ સિરીઝ હોય કે પછી હોલિવૂડ ફિલ્મ, ઈન્ડિયન હેન્ડિક્રાફ્ટના કપડાં અને જ્વેલરી છેલ્લાં ઘણા સમયથી લોકોનું ધ્યાન ખેંચી રહ્યાં છે. તેઓ ભારતીય ડિઝાઈનર પાસેથી પ્રેરણા પણ લઈ રહ્યા છે અને ભારતીય હસ્તકળાને પણ માન સાથે અપનાવી રહ્યા છે. પછી તે બ્રાડ પિટનો કચ્છી ટાંગલિયાનો શર્ટ હોય, પ્રાડાના કોલ્હાપુરી ચપ્પલ હોય, લૂઈ વિટોંની રિક્શા હોય કે પછી 'વ્હીલ ઓફ ટાઈમ' જેવી જગવિખ્યાત વેબ સિરીઝમાં ઈન્ડિયન જ્વેલરી હોય, ઈન્ડિયન ફેશન પર હવે દુનિયાનું ધ્યાન જઈ રહ્યું છે. ત્યારે એક જુની ફિલ્મનો વીડિયો સોશિયલ મીડિયા પર થોડાં સમયથી વાયરલ થઈ રહ્યો છે, તે દર્શાવે છે કે 'ડેવિલ વેર્સ પ્રાડા' ફિલ્મ તેના સમયથી કેટલી આગળ હતી, ખાસ કરીને ફેશન બાબતે.૨૦૦૬માં આવેલી ફિલ્મ 'ડેવિલ વેર્સ પ્રાડા'માં મેરિલ સ્ટ્રીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેણે મિરાન્ડા પ્રિસ્ટ્લીનનું ખુબ લોકપ્રિય પાત્ર કર્યું હતું. આ ફિલ્મના એક સીનમાં તે ઉત્તર ભારતમાં પહેરાતી કાનની ચાંદબાલી પ્રકારની ઈઅરિંગ્ઝ પહેરેલી દેખાય છે. આ એ જાણીતો સીન છે, જેમાં મિરાન્ડા પોતાની દિકરીના પર્ફોર્મન્સમાં ન પહોંચી શકવા પર, તે જેને 'ધ સ્માર્ટ ફેટ ગર્લ' તરીકે ઓળખે છે એવી એન હેથવેને નોકરી પર રાખવા પર પસ્તાવો વ્યક્ત કરે છે. આ સીનમાં મીરાન્ડા એક બ્લેક ડ્રેસ અને બ્લેક સ્ટોકિંગ્ઝ પહેરેલી દેખાય છે, તેમાં તેણે કમરમાં એક ડિઝાઈનર બેલ્ટ પહેર્યો છે અને કાનમાં ટ્રેડિશનલ ચાંદ બાલી પહેરી છે.તાજેતરમાં જ લોકોના ધ્યાનમાં આ બાબત આવી અને સોશિયલ મીડિયા પર ઘણા લોકોએ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. ઘણા લોકોએ કહ્યું હતું કે, તેમણે આ ફિલ્મ ૧૦૦ વાર જોઈ છે, પણ તેમનું ક્યારેય આ વાત પર ધ્યાન ગયું નહીં.ચાંદબાલી એક એવા પ્રકારની ઈઅરિંગ્ઝ છે, જેમાં અર્ધગોળ આકારમાં ચંદ્રનો આકાર આપવામાં આવ્યો હોય છે, હિન્દી શબ્દ ચાંદ બાલીનો અર્થ જ ચંદ્રના આકારની કળી એવો થાય છે. તે મોટા ભાગે સોના કે ચાંદીની બનેલી હોય છે, જેમાં મોતી, ઘુઘરી, રત્નો, કુંદન, મીનાકારી કે પોલ્કી જેવું ઘડામણ કરેલું હોય છે. તે મુઘલકાળથી વધુ લોકપ્રિય થઈ હોવાનું માનવામાં આવે છે, જ્યારે મુગલ બેગમો આ પ્રકારની બાલી પહેરતી હતી. રાજસ્થાન, કાશ્મીર અને પંજાબ સહિતના રાજ્યોમાં આ પ્રકારની ચાંદબાલી વધુ લોકપ્રિય છે, જે ઉચ્ચ ઘરાનાની સ્ત્રીઓ પહેરે છે. ત્યારે મેરીલ સ્ટ્રીપની આ વીડિયોથી 'ડેવિલ વેર્સ ઝુમખા' ટ્રેન્ડ થયું હતું.

# “તડકાની કસોટીમાં ખીલેલું અર્બન ફોરેસ્ટ” : બોટાદ જિલ્લા સેવા સદનની સુંદરતામાં ચાર ચાંદ લગાડતું અર્બન ફોરેસ્ટ અને કલેક્ટર કચેરી પાસે તૈયાર કરાયેલો નયનરમ્ય બગીચો

## અર્બન ફોરેસ્ટમાં સુશોભનના રોપાઓ, ઔષધિય રોપાઓ, ફળાઉ રોપાઓ અને છાયાના રોપાઓ મળી ૨૫૦૦થી વધુ રોપાઓએ ધારણ કર્યુ પ્રકૃતિનું સુંદર રૂપ

। (માહિતી) બોટાદ, તા.૨૨ ।

વર્ષાઋતુમાં જ્યારે ધરતી હરીયાળીથી ઝળહળી ઊઠે છે, બોટાદ જિલ્લા સેવા સદનની સુંદરતામાં ચાર ચાંદ લગાડતું અર્બન ફોરેસ્ટ અને કલેક્ટર કચેરી પાસે તૈયાર કરાયેલો નયનરમ્ય બગીચો પ્રકૃતિના દર્શન કરાવે છે. અને તેમાં પણ રંગબેરંગી ફૂલોનો સંગાથ કરતા પતંગિયા અને કલરવ કરતા પક્ષીઓ.. અહીં આવનાર દરેક મુલાકાતી માટે યાદગાર સંભારણું બની જાય છે.




બોટાદ જિલ્લા કલેક્ટરશ્રી ડો. જીન્સી રોયની પ્રેરણાથી સામાજીક વનીકરણ વિભાગ, બોટાદ દ્વારા જિલ્લા સેવા સદન કેમ્પસમાં અર્બન ફોરેસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે. આ અર્બન ફોરેસ્ટ અંગે તેમણે જણાવ્યું હતું કે, “સતત કામ અને રોજિંદી ઘટમાળમાં કર્મચારીઓને અર્બન ફોરેસ્ટનો આ નયનરમ્ય નજારો રાહત અને શાંતિ આપે છે. ગેજેટ્સ વચ્ચે જીવતા કર્મયોગીઓ અને અહીં આવતા નાગરિકોને થોડી ક્ષણો પ્રકૃતિની ગોદમાં વિતાવે તો નવી સ્ફૂર્તિનો સંચાર થાય તે હેતુ અહીં સિદ્ધ કરવામાં આવી રહ્યો છે.”

જિલ્લા સેવા સદન પરિસર ખાતે તૈયાર કરાયેલા અર્બન ફોરેસ્ટમાં સુશોભનના રોપાઓ, ઔષધિય રોપાઓ, ફળાઉ રોપાઓ અને છાયાના રોપાઓ મળી ૨૫૦૦થી વધુ રોપાઓ રોપવામાં આવ્યા છે. જેની ફરતે ત્રણ રાઉન્ડમાં પીળી મહેંદીના રોપા રોપીને તેમા પેવર બ્લોક વડે પાથ-વે બનાવી વનકુટિર બનાવવામાં આવી છે. ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા ઔષધિય વન, નક્ષત્ર વન અને રાશિ વન બનાવવામાં આવ્યાં છે, જેમાં ૨૭ આરાધ્ય વૃક્ષો અને ૧૨ રાશિના ૧૨ આરાધ્ય વૃક્ષો રોપવામાં આવ્યા છે. આ અર્બન ફોરેસ્ટમાં ગુલાબ ઉદ્યાન, મોગરા ઉદ્યાન, કરેણ ઉદ્યાન તેમજ મિયાવાકી ફોરેસ્ટ તેમજ પક્ષીઓના ખોરાક માટે શેતુર વન પણ તૈયાર કરવામાં આવ્યું છે. મેઘરાજાએ હેત વરસાવતા આ અર્બન ફોરેસ્ટનાએક-એકછોડઆજેપ્રકૃતિનુંનવુંગાણુંગાઈ રહ્યા છે.

આ અર્બન ફોરેસ્ટ નિહાળવા માટે પાથ-વે તૈયાર કરવામાં આવ્યો છે. લોકો શાંતિથી બેસી શકે તે માટે ગજેબો તૈયાર કરવામાં આવ્યા છે. કલેક્ટર કચેરી પાસે તૈયાર કરવામાં આવલો બગીચો રંગબેરંગી ફૂલો અને પક્ષીઓના કલરવથી ગુંજી ઉઠ્યો છે. અહીં આવતા દરેક પગલાંને પ્રકૃતિ સાથે સંવાદ કરવાનો અવસર મળે છે.

### ગરબાડા તાલુકાના મીનાકયાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આયુષ્યમાન આરોગ્ય મંદીર

# ગરબાડા ૧ ખાતે આરકેએસકે પ્રોગ્રામ અંતર્ગત એડોલેસન્ટ હેલ્થ એન્ડ વેલનેસ ડે ઉજવણી કરાઈ



। (માહિતી) દાહોદ, તા.૨૨ ।

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના મીના-કયાર પી.એચ.સી. ના આયુષ્યમાન આરોગ્ય મંદીર, ગરબાડા-૧ ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.ઉદય ટીલાવતના માર્ગદર્શન હેઠળ આર.કે.એસ.કે. પ્રોગ્રામ અંતર્ગત પિયર એજ્યુકેટર કીટ વિતરણનો કાર્યક્રમ મેડિકલ ઓફિસરશ્રી ડો સોનલ ગોહીલના મીનાક્યાર PHC ના આયુષ્યમાન આરોગ્ય મંદીર, ગરબાડા ૧ ખાતે કરવામાં આવ્યો હતો.

● પોષણયુક્ત આહાર ● એનિમિયા તેમજ આયનફોલિક ની ગોળીઓ ● માસિક દરમિયાન થતી તકલીફો તેમજ માસિક સ્વચ્છતા ● સિકલસેલ /એચ.આઈ.વી/ટીબી. ● રોડ સેફટી ● લગ્ન કરવાની ઉંમર ● કિશોરાવસ્થામાં થતા શારીરિક ફેરફારો ● તમાકુ થી થતા નુકશાન ● વાહકજન્ય રોગો, ચેપી અને બિન ચેપી રોગ જેવા મહત્વના વિષયો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.


તમામ પીયર એજયુકેટરને આઈ કાર્ડ, ફાઈલ, ટીશર્ટ, ટોપી, બોટલ, પેન, સ્કૂલ બેગ, કંપાસ બોક્ષ તેમજ કિશોરીઓને સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરશ્રી, કોમ્યુનીટી હેલ્થ ઓફીશ્રી, એડોલેસન્ટ કાઉન્સેલરશ્રી તેમજ આરોગ્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતના દક્ષિણ ડાંગમાં ‘લખપતિ દીદી યોજના’થી આદિવાસી મહિલાઓનું થયું ઉત્થાન

। (માહિતી) ડાંગ, તા.૨૨ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વિકસિત ભારતના નિર્માણમાં મહિલાઓને ખૂબ મહત્વનો આધારસ્તંભ ગણાવ્યો છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં વર્ષ ૨૦૨૩માં શરૂ થયેલી લખપતિ દીદી યોજના આજે અનેક મહિલાઓની આર્થિક ઉન્નતિનું માધ્યમ બની છે. લખપતિ દીદી યોજના સ્વસહાય જૂથો સાથે સંકળાયેલી ગ્રામીણ મહિલાઓને વ્યવસાય શરૂ કરવા માટે મદદરૂપ બને છે, જેથી તેમની વાર્ષિક આવક ૧ લાખ કે તેથી વધુ થઈ શકે. દેશની ૨ કરોડ મહિલાઓને ‘લખપતિ દીદી’ બનાવવાના વડાપ્રધાનશ્રીના સ્વપ્નને સાકાર કરવામાં ગુજરાત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

# એકાદશી રાત્રિ મહાજાગરણ સભામાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનું પ્રેરણાદાયી સંબોધન





। (માહિતી) ગાંધીનગર, તા.૨૨ ।

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન દ્વારા આયોજિત એકાદશી રાત્રિ મહાજાગરણ સભાને ઓનલાઈન માધ્યમથી સંબોધન કર્યું હતું. ‘શિક્ષાપત્રી સંગ શ્રદ્ધા’ પર આધારિત આ સત્સંગ સભામાં ગુરુકુલની ૬૫ શાખાઓના ૨૭૫થી વધુ સંતો તથા ૮૦૦૦થી વધુ પરિવારો યૂટ્યુબ અને ઝૂમ મારફતે જોડાયા હતા.

રાજ્યપાલશ્રીએ સ્વામિનારાયણ ગુરુકુલની છેલ્લા સાત દાયકાથી ચાલી રહેલી એકાદશી રાત્રિ મહાજાગરણ પરંપરાની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ માત્ર આધ્યાત્મિક જાગૃતિ પૂરતો સીમિત નથી, પણ સમાજમાં ચેતના અને સાંસ્કૃતિક મૂલ્યોને પણ જાગૃત કરે છે. તેમણે કહ્યું કે, ગુરુકુલો દ્વારા ભારતીય જીવનમૂલ્યો, સંસ્કારો અને આધ્યાત્મિકતાનો દેશ અને વિદેશમાં વ્યાપક પ્રસાર કરવામાં આવી રહ્યો છે, જે ભારતની પ્રાચીન વૈદિક પરંપરાનું રક્ષણ કરવાનું અત્યંત પ્રશંસનીય કાર્ય છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, આજે જ્યારે વિશ્વ આધુનિકતા અને ભૌતિકતામાં પોતાના જીવનના મૂળભૂત ઉદ્દેશ્યને ભૂલી રહ્યું છે ત્યારે સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો ભારતની આધ્યાત્મિક સંપત્તિને યુવા પેઢી સુધી પહોંચાડવાનું પ્રેરણાદાયી કાર્ય કરી રહ્યા છે, જે વ્યક્તિને વ્યસનમુક્ત અને જવાબદાર નાગરિક બનાવે છે અને સમાજ તથા રાષ્ટ્રને સંગઠિત અને સશક્ત કરે છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, શિક્ષાનો ખરા અર્થમાં ઉદ્દેશ્ય માત્ર રોજગાર પૂરું પાડવો નથી, પરંતુ વ્યક્તિનિર્માણ અને મૂલ્ય આધારિત સમાજની રચના કરવી છે. સ્વામિનારાયણ ગુરુકુલ આ ઉદ્દેશ્યને પૂરું કરવા માટે શિક્ષણને સંસ્કારોથી જોડે છે અને એ દિશામાં કાર્યરત છે.

રાજ્યપાલશ્રીએ દેશ અને વિદેશમાં ફેલાયેલા ગુરુકુલો દ્વારા કરવામાં આવતા પર્યાવરણ સંરક્ષણ, ગૌસંવર્ધન, આપત્તિ રાહત જેવા સામાજિક કાર્યોની પણ વિશેષ પ્રશંસા કરી અને જણાવ્યું કે ધાર્મિક સંસ્થાઓને સામાજિક જવાબદારીઓ સાથે જોડવાની આ પહેલ અનુકરણીય છે.

તેમણે વધુમાં કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી ભારતની વિરાસતને અક્ષૂણ રાખી ‘વિકસિત ભારત’ બનાવવાના યત્ન સાથે સતત આગળ વધી રહ્યા છે છે, તેમ ગુરુકુલોના સંતો ભારતના સાંસ્કૃતિક વારસાને સાચવવાનું મહાન અભિયાન ચલાવી રહ્યા છે. જો બંને દિશાઓમાં સમાનાંતર કાર્ય ચાલુ રહેશે તો રાષ્ટ્ર નવી ઊંચાઈઓને આંબશે.

રાજ્યપાલશ્રી એ પૂજ્ય ગુરુ શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી, મહંત સ્વામી શ્રી દેવપ્રસાદદાસજી, સત્ગુરુ શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી તથા સંત સમુદાયને સાદર નમન કરતાં અને જણાવ્યું કે, આવા તપસ્વી સંતો કોઈપણ રાષ્ટ્ર માટે સંપત્તિ સમાન હોય છે, જે આવનારી પેઢીઓ માટે પ્રેરણાના સ્ત્રોત બને છે.

કાર્યક્રમમાં ડલાસ (યુ.એસ.એ.)થી જોડાયેલા શ્રી ધીરુભાઈ બાબરીયા, કેલિફોર્નિયા (યુ.એસ.એ.)થી જોડાયેલા શ્રી મનુભાઈ પાટડીયા તથા ગુરુકુલના સ્નાતક અને સમાજસેવક શ્રી રાકેશ દુધાતની ઉપસ્થિતિને પણ રાજ્યપાલશ્રીએ પ્રેરણાદાયી ગણાવી અને તેમનો ખાસ આભાર વ્યક્ત કર્યો હતો.

અંતમાં રાજ્યપાલશ્રીએ સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટની એકાદશી રાત્રિ મહાજાગરણ સભાને જનમાનસમાં ચેતના, વિચાર અને સંસ્કાર જગાવતો ‘આધ્યાત્મિક મહાયજ્ઞ’ ગણાવી અને ઈચ્છા વ્યક્ત કરી કે ગુરુકુલની આ જ્ઞાનયાત્રા અનંત દિશાઓમાં વ્યાપે.

# કારગિલ વિજય દિવસની ઉજવણીના ભાગરૂપે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસન કચેરી દ્વારા રક્તદાન શિબિર યોજાઈ







। (માહિતી) વડોદરા, તા.૨૨ ।

કારગિલ વિજય દિવસની ગૌરવપૂર્ણ ઉજવણીના ભાગરૂપે, જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસન કાર્યાલય (DSWRO), વડોદરા દ્વારા DSWRO કાર્યાલય ખાતે એક ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સેવારત અને નિવૃત્ત સૈનિકો સહિત આશરે ૩૦ જેટલા લોકોએ તેમના પરિવારો સાથે ઉત્સાહભેર ભાગ લીધો હતો અને આ ઉમદા કાર્યમાં સહયોગ આપ્યો હતો. આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય હોસ્પિટલોમાં લોહીના સતત ઘટતા પુરવઠાને પહોંચી વળવામાં મદદ કરવાનો હતો. DSWRO કાર્યાલયે ભારતીય રેડ ક્રોસ સોસાયટી વડોદરા ના સહયોગથી રાષ્ટ્ર પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાના ભાગરૂપે આ રક્તદાન શિબિરનું આયોજન કર્યું હતું. આ શિબિરમાં લગભગ ૩૦ દાતાઓએ સક્રિયપણે ભાગ લીધો હતો. આ પ્રસંગે DSWRO ઓફિસર લેફ્ટનન્ટ કર્નલ ડૉ. કમલપ્રીત સાગ્ગી (નિવૃત્ત) એ જણાવ્યું હતું કે, “અમે ફૌજી છીએ, અને અમારા માટે, દેશ સર્વોપરી છે. સેવામાં હોઈએ કે નિવૃત્તિ પછી, અમે હંમેશા લોકોની સેવા કરવા માટે સમર્પિત છીએ, અને આ રક્તદાન શિબિર તે પ્રતિબદ્ધતાનો એક ભાગ છે. આ કારગિલ વિજય દિવસની ઉજવણીનો એક અભિન્ન હિસ્સો છે, અને અમે દરેકને આ ઉમદા કાર્યનો ભાગ બનવા માટે આહ્વાન કરીએ છીએ, તેમ ઉમેર્યું હતું.

# વાકો ઇન્ડિયા નેશનલ કિકબોક્સિંગ ચેમ્પિયનશિપ (સિનિયર્સ અને માસ્ટર્સ) ૨૦૨૫ માં ગુજરાતના ખેલાડીઓએ મેડલની વર્ષા વરસાવી



। (માહિતી) દાહોદ, તા.૨૨ ।

આ ચેમ્પિયનશિપમાં ૨૬ રાજ્યોના કુલ ૮૦૦ થી વધુ ખેલાડીઓએ વિવિધ ઈવેન્ટ્સ અને કેટેગરીઝમાં ભાગ લીધો હતો. ગુજરાત તરફથી ૧૫ ખેલાડીઓ, ૨ કોચ, એક રેફરી અને એક અધિકારી સહિતની મજબૂત ટીમે ભાગ લીધો હતો. આ નેશનલ ચેમ્પિયનશિપ થકી અબુ ધાબી, દુબઈ ખાતે યોજાનારી વાકો વર્લ્ડ કિકબોક્સિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૫ (સિનિયર્સ અને માસ્ટર્સ) માટે ખેલાડીઓની પસંદગી પ્લેટફોર્મ તરીકે પણ રહી હતી. વાકો ગુજરાતે કુલ ૪ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ જીતીને ગુજરાતનું નામ રોશન કર્યું છે.

આ મુખ્ય હાઈલાઈટ્સ:

ડિંકલ ગોરખા: પોઈન્ટ ફાઈટ-૬૦ કિલો સિનિયર મહિલા અને લાઈટ કોન્ટેક્ટ-૬૦ કિલોમાં ૨ ગોલ્ડ મેડલ જીત્યા.

હર્ષિત વ્યાસ: પોઈન્ટ ફાઈટ -૮૪ કિલો સિનિયર પુરુષ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો.

અરૂણ પાઠક: માસ્ટર્સ (વેટરન) કેટેગરીમાં પ્રથમ વખત ભાગ લઈને પોઈન્ટ ફાઈટ અને લાઈટ કોન્ટેક્ટ -૭૪ કિલો વેટરન પુરુષ કેટેગરીમાં ૨ સિલ્વર મેડલ મેળવી પ્રેરણાદાયક પ્રદર્શન આપ્યું.

અક્ષદા દળવી: પોઈન્ટ ફાઈટ +૭૦ કિલો સિનિયર મહિલા માં ગોલ્ડ મેડલ જીત્યા

આ સાથે ગર્લ્સ પોઈન્ટ ફાઈટ ટીમ (ડિંકલ ગોરખા, દિયા કોઠી, ઈશિતા ગાંધી અને અક્ષદા દળવી): ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો.





ટીમના રેફરી તરીકે શ્રી આકાશ બ્રહ્મભટ્ટએ યોગ્ય નિયમો અને ફેર પ્લે સુનિશ્ચિત કર્યા હતા.

ટીમના કોચ જયેન્દ્ર કોઠી અને રવિ વંઝારાએ રમતગમત દૌર્ય દરમિયાન ખેલાડીઓને ટેક્નિકલ અને ટેક્ટિકલ માર્ગદર્શન આપી મહેનતથી તૈયાર કર્યા હતા.ગુજરાત કિકબોક્સિંગ એસોસિએશનના પ્રમુખ શ્રી સિદ્ધાર્થ ભાલેઘરે તમામ મેડલ વિજેતાઓને અભિનંદન પાઠવી અને ટીમની સિદ્ધિઓ પ્રત્યે ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે ભૂતકાળના સાહસમાં સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે? પરિવારનું તમામ દેણું તમે ચૂકવી શકશો. તમારે તમારી શ્રૃંગારિક કલ્પનાઓ વિશે વધુ સપનાં જોવાની હવે જરૂર નથી, કેમ કે આજે તેમના સાકાર થવાની શક્યતા છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશે?

**મિથુન (ક,છ,ઘ) :**
આજે સવારથી જ તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપ ાસના લોકોને પ્રભાવિત કરશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. તમારો ફાજલ સમય ઘરના સુશોભિકરણ પાછળ લગાડો. તમારો પરિવાર ખરેખર આ બાબતની સરાહના કરશે. તમારા પ્રેમને કોઈ અલગ નહીં કરી શકે. આજે તમારું મન ઓફીસ ના કામ માં નહિ લાગે?

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને મદદ અને પ્રેમ પૂરો પાડશે.

**તુલા (ર,ત) :**
આજે ખાસ દિવસ છે કેમ કે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપશે. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પ ર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે. અંગત બાબતો અંકુશ હેઠળ રહેશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈએ? ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. માત્ર સ્પષ્ટ સમજદારીથી તમે તમારી પત્નીને લાગણીશીલ ટેકો આપી શકશો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે બાળકો તમારી પસંદગી મુજબનું વર્તન નહીં કરે-જે તમારો ગુસ્સો વધારી મુકશે. તમારે તમારી જાતને રોકવી જોઈએ, કેમ કે નિરંકુશ ગુસ્સો સૌને નુકસાન કરે છે અને ખાસ કરીને જે વ્યક્તિ ગુસ્સામાં છે તેને સૌથી વધુ નુકસાન કરે છે કેમ કે તેને કારણે ઊર્જા વેડફાય છે અને નિર્ણય લેવાની ક્ષમતાને મંદ બનાવે છે. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ.

**મકર (ખ,જ) :**
આજે તબિયતના મોરચે છોડીક દરકારની જરૂર છે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. તમારૂં ધૂંધળું જીવન તમારા જીવનસાથીને ટૅન્શન આપશે. નવી બાબતો શીખવાની અભિરૂચિ નોંધપાત્ર રહેશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. તમારા સ્મિતોનો કોઈ જ અર્થ નથી-હાસ્યનો કોઈ અવાજ નથી-હૃદય પણ થડકો ચૂકી ગયું છે કેમ કે તમે કોઈકનો સાથ મિસ કરી રહ્યા છો. સ્પર્ધા ઊભી થવાથી કામનું સમયપત્રક વધુ દોડધામભર્યું બની જશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ રહેશે. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું? પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. તમારા પ્રેમની બિનજરૂરી માગણીઓ સામે ઝૂકતા નહીં.

## પાકિસ્તાનના નિષ્ણાતે કહ્યું અમે ૫ પ્લેન તોડ્યા જ નથી

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૨ ।

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતના પાંચ ફાઈટર પ્લેન તોડી પાડવામાં આવ્યા હોવાના દાવાએ રાજકીય વર્તુળોમાં હડકંપ મચાવ્યો છે. જોકે, પાકિસ્તાનના જાણીતા નિષ્ણાત ડૉ. મુક્તદર ખાને આ દાવાને ખોટો ઠેરવ્યો છે. તેમણે ભારતીય ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ (CDS) જનરલ અનિલ ચૌહાણના નિવેદનને સમર્થન આપતા કહ્યું કે પાકિસ્તાન દ્વારા પાંચ કે છ વિમાન તોડી પાડવાના દાવા સાચા નથી, કદાચ એક રાફેલ અને બે ફાઈટર જેટને નુકસાન થયું હશે. યુદ્ધવિરામ અંગે ડૉ. ખાને જણાવ્યું કે ભારત અમેરિકાની મધ્યસ્થી સ્વીકારતું નહોતું અને કહ્યું હતું કે જો પાકિસ્તાન હુમલા બંધ કરશે તો જ ભારત રોકાશે. તેમણે સૂચવ્યું કે જો ટ્રમ્પને નોબેલ પુરસ્કાર મળે તો ભારતને વેપારમાં ફાયદો થઈ શકે છે, તેથી ભારતે તેમને નોમિનેટ કરવા જોઈએ. તાજેતરમાં, અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે 'ઓપરેશન સિંદૂર'ના સંદર્ભમાં પાંચ ફાઈટર પ્લેન તોડી પાડવામાં આવ્યા હોવાનો દાવો કરીને એક નવો વિવાદ સર્જ્યો છે. ભલે તેમણે કોઈ ચોક્કસ દેશનું નામ લીધું ન હોય, પરંતુ તેમના આ નિવેદનથી ભારતમાં રાજકીય ગરમાવો આવ્યો છે અને વિપક્ષે સોમવાર (૨૧ જુલાઈ, ૨૦૨૫) થી શરૂ થતા ચોમાસા સત્રમાં આ મુદ્દો જોરશોરથી ઉઠાવવાની તૈયારી બતાવી છે. આ બધાની વચ્ચે, પાકિસ્તાનના એક અગ્રણી નિષ્ણાતે ભારતના પાંચ રાફેલ વિમાનો તોડી પાડવામાં આવ્યા હોવાના પાકિસ્તાનના દાવાઓને ખોટા ગણાવ્યા છે. પાકિસ્તાની નિષ્ણાત અને પ્રોફેસર ડૉ. મુક્તદર ખાને આ મુદ્દે નિવેદન આપતા જણાવ્યું કે, તેમને લાગે છે કે ભારતના ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે સિંગાપોરમાં જે કહ્યું હતું કે પાકિસ્તાન દ્વારા પાંચ કે છ વિમાન તોડી પાડવાના દાવા ખોટા છે, તે સાચું હતું. ડૉ. ખાને સ્પષ્ટ કર્યું કે ભારતે પાંચ રાફેલ વિમાન ગુમાવ્યા નથી, પરંતુ કદાચ એક રાફેલ અને બે ફાઈટર જેટને નુકસાન થયું હશે.

### ૧૭ છગ્ગા, ૬ ચોગ્ગાઃ ૧૨૬ રન તો બાઉન્ડ્રીથી જ આવ્યા

# ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ટી૨૦માં વિન્ડિઝને 3 વિકેટથી હરાવ્યું

। (એજન્સી) કિંગ્સ્ટન, તા.૨૨ ।

જમૈકાના કિંગ્સ્ટનમાં રમાયેલી પ્રથમ ટી૨૦ મેચમાં ઓસ્ટ્રેલિયાએ વેસ્ટ ઈન્ડિઝને ત્રણ વિકેટથી હરાવ્યું હતું. વેસ્ટ ઈન્ડિઝે પહેલા બેટિંગ કરીને ૨૦ ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને ૧૮૯ રન બનાવ્યા હતા.



જવાબમાં, કેમેરોન ગ્રીન અને મિશેલ ઓવેનની અડધી સદીની મદદથી ઓસ્ટ્રેલિયાએ ૧૮.૫ ઓવરમાં જીત મેળવી લીધી હતી. ઓવેનની આ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ મેચ હતી. તેણે એક વિકેટ પણ લીધી હતી. આ જીત સાથે ઓસ્ટ્રેલિયાએ પાંચ મેચની ટી૨૦ શ્રેણીમાં વેસ્ટ ઈન્ડિઝ પર ૧-૦થી લીડ મેળવી લીધી છે. શ્રેણીની આગામી મેચ ૨૨ જુલાઈએ આ જ મેદાન પર રમાશે.ઓવેને ૨૭ બોલમાં છ છગ્ગાની મદદથી ૫૦ રન બનાવ્યા હતા. તેણે કેમેરોન ગ્રીન સાથે પાંચમી વિકેટ માટે ૪૦ બોલમાં ૮૦ રનની ભાગીદારી કરતા ઓસ્ટ્રેલિયાને લક્ષ્ય પ્રાપ્ત કરવામાં મદદ મળી હતી.

ગ્રીને ૨૬ બોલમાં બે ચોગ્ગા અને પાંચ છગ્ગાની મદદથી ૫૧ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયન ટીમે ૧૭ છગ્ગા અને ૬ ચોગ્ગાની સાથે ૧૨૬ રન તો બાઉન્ડ્રી ફટકારીને જ બનાવ્યા હતા. ૩-૦થી ટેસ્ટ શ્રેણી જીતીને ઓસ્ટ્રેલિયાએ પાંચ મેચની ટી-૨૦ શ્રેણીમાં પણ શરૂઆતમાં જ સરસાઈ મેળવી લીધી છે.

વેસ્ટ ઈન્ડિઝની શરૂઆત સારી હતી, પરંતુ તે ૨૦૦ રનનો આંકડો પાર કરી શકી ન હતી કારણ કે તેણે છેલ્લા નવ બોલમાં પાંચ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર બેન દ્વારશુઈસે ૩૬ રનમાં ચાર વિકેટ લઈને પોતાના કરિયરનું શ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું હતું. આ દરમિયાન તેણે ચાર બોલમાં ત્રણ વિકેટ લીધી. જોકે, જેસન હોલ્ડરે તેને હેટ્રિક લેવા દીધી નહીં, પરંતુ તે બીજા બોલ પર આઉટ થઈ ગયો હતો.

### ડિજિટલ પેમેન્ટે શાકભાજી વેચનારની વધારી મુશ્કેલી!

# શાકભાજી વેચનારાને GST વિભાગે રૂપિયા ૨૯ લાખની જીએસટી નોટિસ

### શંકરગૌડા હાવેરીમાં મ્યુનિસિપલ હાઈસ્કૂલ ગ્રાઉન્ડ નજીક છેલ્લા ચાર વર્ષથી શાકભાજીની નાની દુકાન ચલાવે છે

। (એજન્સી) હાવેરી, તા.૨૨ ।

કર્ણાટકના હાવેરી જિલ્લાના એક શાકભાજી વેચનારા શંકરગૌડા હદીમણીને GST વિભાગે રૂપિયા ૨૯ લાખની જીએસટી નોટિસ ફટકારી છે, જેના કારણે રાજ્યમાં ભારે ચર્ચા જાગી છે. શંકરગૌડા હાવેરીમાં મ્યુનિસિપલ હાઈસ્કૂલ ગ્રાઉન્ડ નજીક છેલ્લા ચાર વર્ષથી શાકભાજીની નાની દુકાન ચલાવે છે. જીએસટી અધિકારીઓએ તેમને નોટિસ મોકલીને જણાવ્યું છે કે, તેમણે છેલ્લા ચાર વર્ષમાં રૂ. ૧.૬૩ કરોડના વ્યવહારો કર્યા છે, જેના આધારે તેમના પર રૂ. ૨૯ લાખનો જીએસટી બાકી નીકળે છે.

શંકરગૌડાના મોટાભાગના ગ્રાહકો તેમને UPI અથવા અન્ય ડિજિટલ વોલેટ દ્વારા ચુકવણી કરે છે. જીએસટી અધિકારીઓએ આ યુપીઆઈ વ્યવહારોના ડેટાનો ઉપયોગ કરીને આ નોટિસ મોકલી છે. જીએસટી નોટિસ જોઈ ગભરાઈ ગયેલા શંકરગૌડાએ કહ્યું કે, તેઓ સીધા ખેડૂતો પાસેથી શાકભાજી ખરીદી પોતાની નાની દુકાન પર વેચે છે. તેઓ દર વર્ષે પોતાનું આવકવેરા રિટર્ન ફાઈલ કરે છે, જેના તમામ રેકોર્ડ્સ તેમની પાસે ઉપલબ્ધ છે. આટલી મોટી રકમની નોટિસ મળતા તેઓ આશ્ચર્યચકિત અને મુશ્કેલીમાં મુકાઈ ગયા છે, કારણ કે તેમના માટે આટલી મોટી રકમ ચૂકવવી અશક્ય છે. નોટિસ મળ્યા પછી તેમણે UPI દ્વારા પેમેન્ટ સ્વીકારવાનું બંધ કરી દીધું છે અને હવે ફક્ત રોકડમાં જ વ્યવહાર કરી રહ્યા છે. આ ઘટના બાદ યુપીઆઈ દ્વારા પેમેન્ટ સ્વિકારતા કર્ણાટકના અન્ય નાના વેપારીઓ માં પણ ચિંતા ફેલાઈ ગઈ છે.

### પ્રથમ વખત માનવી અને એઆઇ મોડેલ વચ્ચે ટક્કર

## વર્લ્ડ ચેમ્પિયનશીપમાં માણસે એઆઇને હરાવ્યું : સ્પર્ધા દસ કલાક ચાલી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

તાજેતરમાં એક એવી હરીફાઈ થઈ હતી જેણે સમગ્ર વિશ્વમાં ધ્યાન ખેંચ્યું હતું. આ હરીફાઈની ખૂબ જ ચર્ચા થઈ રહી છે. હાલનો સમય આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો છે. અનેક કંપનીઓએ પોતાના એઆઈ મોડેલ લોન્ચ કર્યા છે અને તેને વધુ સારા બનાવવા સતત કામ કરી રહી છે. અત્યાર સુધી તમે બે માણસો વચ્ચે હરીફાઈ જોઈ હશે પણ આ હરીફાઈ માનવી અને એક એઆઈ મોડેલની વચ્ચે જોવા મળી હતી.પ્રથમ દ્રષ્ટિએ એવું લાગે છે કે સ્પર્ધા એઆઈ મોડેલે જીતી હશે પણ આવું થયું ન હતું અને માનવીએ એઆઈ મોડેલને હરાવ્યું હતું અને જીત પ્રાપ્ત કરી હતી. આ જ કારણોસર આ હરીફાઈ ચર્ચાનો વિષય બની ગઈ છે. અમે જે સ્પર્ધાની વાત કરી રહ્યાં છીએ તે એક પોલિશ પ્રોગ્રામરના એક એડવાન્સ્ડ એઆઈ મોડેલની વચ્ચે થઈ હતી. વાસ્તવમાં આ એક કોડિંગ સ્પર્ધા હતી જેમાં પોલીશ પ્રોગ્રામરે એક એડવાન્સ્ડ એઆઈ મોડેલને હરાવ્યું હતું. આ સ્પર્ધા ૧૦ કલાક ચાલી હતી અને તેમાં માનવીનો વિજય થયો હતો પણ તે સંપૂર્ણ રીતે થાકી ગયો હતો. આ સ્પર્ધા ટોક્યોમાં થઈ હતી. પ્રોગ્રામર પ્રઝેમિસ્લાવ ડેબિયાકે એક ખાસ એઆઈ મોડેલને ખૂબ જ ઓછા અંતરેથી હરાવ્યું હતું.એટકોડર એક જાપાની પ્લેટફોર્મ છે જે કોડિંગ સ્પર્ધાનું આયોજન કરે છે. કદાચ આ પ્રથમ વખત હતું જ્યારે આવી કોઈ મોટી વિશ્વ ચેમ્પિયનશીપમાં કોઈ એઆઈ મોડેલે માનવી સાથે હરીફાઈ કરી હતી. આ ઈવેન્ટને ચેટજીપીટી બનાવનારી કંપની ઓપનએઆઈએ આયોજન કર્યુ હતું.

## નેપાળ ક્રિકેટ ટીમને BCCI ટી૨૦ વર્લ્ડ કપની તૈયારીઓમાં મદદ કરશે

। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।

નેપાળની પુરુષ ક્રિકેટ ટીમ ૨૦ વર્લ્ડ કપ ક્વોલિફાયરની તૈયારી માટે ૨૦ ઓગસ્ટથી ૪ સપ્ટેમ્બર સુધી બેંગલુરુમાં BCCI સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે તાલીમ લેશે. બંને દેશોના યુવાનોને જોડવાના ઉદ્દેશ્યથી ભારત સરકાર સાથે મળીને આ પગલું લેવામાં આવ્યું છે. આ વર્ષે ઓક્ટોબરમાં T20 વર્લ્ડ કપ ક્વોલિફાયર યોજાવાનું છે. મુખ્ય ટુર્નામેન્ટ ભારત અને શ્રીલંકામાં યોજાશે. ભારતે ગયા વર્ષે ઓગસ્ટમાં આ સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે નેપાળ ટીમની તાલીમમાં પણ ટેકો આપ્યો હતો. ગયા વર્ષે જૂનમાં યોજાયેલા T20 વર્લ્ડ કપ પહેલા નેપાળે બરોડા અને ગુજરાત ક્રિકેટ એસોસિએશનની ટીમો સાથે ત્રિકોણીય T20 પ્રેક્ટિસ ટુર્નામેન્ટમાં પણ ભાગ લીધો હતો.

### ૧૫મી ઓગસ્ટે વોશિંગ્ટનમાં ખાલિસ્તાન ફ્રીડમ રેલી યોજવાનો પણ દાવો કર્યો

# ખાલિસ્તાની આતંકી પન્નુએ ભારતને નેસ્તનાબૂદ કરી દેવાની ધમકી આપી

### પન્નુએ કેટલાક સમય પહેલા ભારતમાંથી ખાલિસ્તાન એટલે કે અલગ દેશ માટે જનમત સંગ્રહ શરુ કરવાની વાત કરી હતી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૨ ।

ખાલિસ્તાની આતંકવાદી સંગઠનના વડા ગુરપતવંતસિંહ પન્નુએ ફરી એકવખત ભારત વિરોધી ઝેર ઓંક્યું છે. પન્નુએ વીડિયો જાહેર કરીને ૧૫મી ઓગષ્ટે અમેરિકા ખાલિસ્તાન ફ્રીડમ રેલી યોજવાનો પણ દાવો કર્યો છે. ભારતને તબાહ કરી દેવાની ધમકીની સાથે પન્નુએ અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ડીસીમાં ભારતીય દૂતાવાસની બહાર રેલીની જાહેરાત કરી છે. આ રેલીના બે દિવસ પછી ખાલિસ્તાનના સમર્થનમાં જનમત સંગ્રહ લેવામાં આવશે. આ વીડિયોમાં પન્નુએ ત્રિરંગો સળગાવવાની ધમકી આપીને કહ્યું કે, તમે પાકિસ્તાન પર હુમલો કર્યો અને એ બચી ગયા અને હવે અમે ભારતને તબાહ કરી નાંખીશું.૩ મિનિટ અને ૪૧ સેકન્ડના વીડિયોમાં પન્નુએ ભારત વિરુદ્ધ ઝેર ઓંક્યું છે. તેણે કહ્યું છે કે ૧૫મી ઓગષ્ટ શીખ પંથ અને પંજાબની આઝાદીનો દિવસ નથી. ૧૯૮૪ના ગોલ્ડન ટેમ્પલ પરના હુમલા પછી આ ત્રિરંગો શ્રી અકાલ તખ્ત સાહિબ પર ફરકાવવામાં આવ્યો અને એ દિવસે જ લાઈન ખેંચી દીધી હતી. એક તરફ ભારતીય અને હિન્દુવાદી હતા અને બીજા તરફ પંજાબી અને શીખ સમુદાયના લોકો હતા તેમ તેણે જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે પન્નુએ કેટલાક સમય પહેલા ભારતમાંથી ખાલિસ્તાન એટલે કે અલગ દેશ માટે જનમત સંગ્રહ શરુ કરવાની વાત કરી હતી.

### ૧૯૫૫માં લિબરલ ડેમોક્રેટીક પાર્ટીની સ્થાપના કરાઈ હતી

# જાપાનમાં સત્તારૂઢ ઇશિબાની સરકાર બહુમતી ન મેળવી શકી

। (એજન્સી) ટોક્યો, તા.૨૨ ।

છેલ્લાં કેટલાંક વર્ષથી રાજકીય અસ્થિરતાનો સામનો કરી રહેલાં જાપાનમાં વડાપ્રધાન શિગેરુ ઈશિબાનું સત્તાધારી ગઠબંધન, મહત્વની સંસદીય ચૂંટણીમાં ઉપલા ગૃહમાં બહુમતિ મેળવવામાં નિષ્ફળ રહ્યું હતું. જેને પગલે ઈશિબા સરકારનું ભાવિ જોખમમાં મુકાયું છે. આ કારમી હાર છતાં ઈશિબાએ સત્તા પરથી રાજીનામું આપવાનો ઈનકાર કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, રાજીનામું આપી દેશમાં રાજકીય અવકાશ સર્જવાને બદલે તેઓ અમેરિકાના ટેરિફ વિરુદ્ધ લડત આપશે. ૨૪૮ સભ્યોનું સંખ્યાબળ ધરાવતાં સંસદના ઉપલા ગૃહમાં ઈશિબાની લિબરલ ડેમોક્રેટીક પાર્ટી તથા તેના સહયોગી પક્ષ કોમેઈટોને ૭૫ સિવાયની વધુ ૫૦ બેઠકોની જરૂર હતી, જોકે તેઓ માત્ર ૪૭ બેઠકો જ જીત્યાં હતાં. સતત વધતી મોંઘવારી અને અમેરિકા દ્વારા લાદવામાં આવેલાં ઊંચા ટેરિફ સહિતની સમસ્યાઓનો સામનો કરી રહેલાં જાપાનમાં ઈશિબાના પક્ષને મળેલી આ હારને કારણે સરકાર બંને ગૃહોમાં લઘુમતીમાં આવી જતાં દેશમાં ફરી રાજકીય ઉથલપાથલના એંધાણ વર્તાઈ રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ ઓક્ટોબરમાં થયેલી નીચલા ગૃહની ચૂંટણીમાં પણ ઈશિબાના પક્ષને હારનો સામનો કરવો પડ્યો હતો. ૧૯૫૫માં લિબરલ ડેમોક્રેટીક પાર્ટીની સ્થાપના પછી સંસદના બંને પક્ષે ગૃહોમાં બહુમતી ગુમાવી હોય તેવી આ પ્રથમ ઘટના છે. ચૂંટણીમાં સત્તાધારી ગઠબંધનના અત્યંત નબળાં દેખાવ છતાં દેશમાં સત્તા પરિવર્તન થવાની શક્યતા પાંખી છે, કારણકે ઉપલાં ગૃહ પાસે વડાપ્રધાન વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત પસાર કરવાની સત્તા નથી.

## રશિયા અને યુક્રેન ફરી તુર્કીયેમાં આવશે એક ટેબલ પર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

યુક્રેન અને રશિયા વચ્ચે પાછલા ઘણા સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે. આ યુદ્ધ રોકવા માટે અમેરિકાએ મધ્યસ્થી કરવવા માટે અનેક પ્રયાસો કર્યા પણ નિષ્ફળ રહ્યા હતા. ત્યારે ફરી એક વખત આ યુદ્ધનો અંત નજીક આવતો દેખાય રહ્યો છે. બંને દેશો વચ્ચે શાંતિ વાટાઘાટોના નવો તબક્કો શરૂ થવાની તૈયારીમાં છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સ્કીએ જણાવ્યું કે આગામી શાંતિ વાટાઘાટો તુર્કીયેમાં બુધવારે યોજાશે. આ વાટાઘાટોમાં યુદ્ધબંદીઓની અદલાબદલી અને યુદ્ધનો અંત લાવવા જેવા મુદ્દાઓ પર ચર્ચા થશે.

### નાલાસોપારામાં દ્રશ્યમઃ રુમમાં લાશ દાટી ઉપર ટાઈલ્સ ચણાવી

# પત્નીએ બોયફ્રેન્ડ સાથે મળી પતિની હત્યા કરી, લાશ ઘરમાં જ દાટી

। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।

નાલાસોપારામાં એક મહિલાએ તેના બોયફ્રેન્ડની મદદથી તેના જ પતિની હત્યા કરી હતી. એટલું જ નહીં તેણે ફિલ્મ 'દ્રશ્યમ'ની જેમ પતિનો મૃતદેહ ઘરના રુમમાં જ દાટી દીધો હતો અને તેના પર ટાઈલ્સ પણ લગાડી દીધી હતી. સોમવારે, પેલ્હાર પોલીસે તહસીલદારની હાજરીમાં ટાઈલ્સ ખોદીને ડેડ બોડી બહાર કાઢી હતી. હાલમાં પત્ની અને બોયફ્રેન્ડ ફરાર હોવાથી પોલીસ તેમને શોધી રહી છે. નાલાસોપારા-ઈસ્ટના ધાનિવ બાગમાં ઓમ સાઈ વેલ્ફેર સોસાયટીના રાશિદ કમ્પાઉન્ડમાં ૩૨ વર્ષનો વિજય ચૌહાણ તેની પત્ની ૨૮ વર્ષની ચમન દેવી ચૌહાણ અને ત્રણ વર્ષની દીકરી સાથે રહેતો હતો. તે મજૂરીનું કામ કરતો હતો. વિજય ચૌહાણ છેલ્લા ૧૫ દિવસથી અચાનક ગુમ થઈ ગયો હતો. વિજયના બે ભાઈઓ બિલાલપાડામાં રહે છે. તેણે વિજયની શોધખોળ શરૂ કરી હતી પરંતુ કોઈ માહિતી મળી ન હતી. વિજય કામ માટે બહાર ગયો હોવાનું તેની પત્ની ચમન દેવી તેને કહી રહી હતી. જ્યારે વિજય ચૌહાણ ગુમ હતો, ત્યારે તેની પત્ની ચમન દેવી બે દિવસ પહેલા ૨૦ વર્ષના પાડોશી મોનુ શર્મા સાથે ભાગી ગઈ હતી. સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે, ચમન દેવી અને મોનુ શર્મા છેલ્લા કેટલાક મહિનાઓથી પ્રેમ સંબંધમાં હતા. દરમિયાન, સોમવારે સવારે, જ્યારે વિજય ચૌહાણના બે ભાઈઓ તેને શોધવા તેના ઘરે ગયા, ત્યારે તેઓએ ફ્લોર પર કેટલીક નવી ટાઈલ્સ જોઈ હતી. શંકાસ્પદ, તેમણે તે કાઢી નાખી અને અંદર એક બનિયાન મળી આવી અને તેમાંથી ખુબ દુર્ગંધ આવવા લાગી હતી.

## વિશેષ

### "કિસાન સન્માન નિધિના હપ્તા અને સરકારના સહકાર થકી પ્રાકૃતિક ખેતી બની ઝીરો બજેટ ખેતી" : ખેડૂતશ્રી અશોકકુમાર પરેચા

# પ્રાકૃતિક ખેતપેદાશોનું મૂલ્યવર્ધન ખેડૂતો માટે બની રહ્યું છે નાણાકીય સમૃદ્ધિનું સાધન







। (માહિતી) મોરબી ।

પ્રકૃતિના સંવર્ધનની સાથે તંદુરસ્ત જીવન અને આવકના મહત્વના સ્ત્રોત તરીકે ખેતીના ઉત્કર્ષ માટે આજના સમય ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિની અગત્યતા દિવસેને દિવસે વધી રહી છે સરકાર ખેતીક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તનો લાવી ખેડૂતોની આવક બમણી કરવા સતત પ્રયત્નશીલ છે ત્યારે પ્રાકૃતિક કૃષિને પણ આગવું મહત્વ આપવામાં આવી રહ્યું છે અને વધુને વધુ ખેડૂતોને રાસાયણિક ખેતીને અલવિદા કહી પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યા છે.

મોરબીના લખધીરનગર (નવાગામ)ના ખેડૂત શ્રી અશોકકુમાર પરેચા કે, જેમણે વર્ષ ૨૦૨૧ માં રાસાયણિક ખેતીને બદલે ગાય આધારિત ખેતી અપનાવી હાલ પ્રાકૃતિક ખેત પેદાશોનું મૂલ્યવર્ધન કરી લાખોમાં વળતર મેળવી રહ્યા છે તેમના ફાર્મને રાજ્ય સરકાર દ્વારાબી મોડલ ફાર્મ તરીકે પસંદગી કરવામાં આવી હતી. જેથી તેમના વિસ્તારના અનેક ખેડૂતો તેમની પાસેથી માર્ગદર્શન મેળવી પ્રાકૃતિક ખેતી અપનાવી રહ્યા છે. અશોકકુમાર પરેચા જણાવે છે કે, "હું બાગાયતી ખેતી અને પરંપરાગત ખેતી બંને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી કરું છું. બાગાયતમાં ખારેક ડ્રેગન ફ્રુટ અને સરગવો તથા તેમાં મિશ્રપાક તરીકે હળદર, કઠોળ વગેરે પાક લઉં છું. મગફળી અને તલના પાકમાં તેનું તેલ કઢાવી મૂલ્યવર્ધન કરું છું પ્રાકૃતિક ખેતીથી પકવેલ માલનું મૂલ્ય વર્ધન કરવાથી નફામાં પણ સારો એવો વધારો થાય છે.વર્ષ ૨૦૨૩ થી પ્રાકૃતિક ખેતીના તમામ ઘટકો જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત, આચ્છાદન, વાસ્પા વગેરેમાં પૂરેપૂરી પારંગતતા મેળવી તેનો ઉપયોગ કરું છું. આ ઘટકો બનાવવાની સામગ્રીમાં આપણી ઘરની રોજીંદી ચીજ વસ્તુઓનો જ વપરાશ કરવાનો હોય છે, વધુમાં બજારમાંથી લેવી પડતી વસ્તુઓ માટે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિના હપ્તામાં મળતી રકમ સારી એવી કામ લાગે છે, પ્રાકૃતિક ખેતીમાં જરૂરી તમામ ઘટકો બનાવવા માટે બેરલ સહિતની સામગ્રી વસાવા પણ સરકાર દ્વારા સહાય કરવામાં આવી છે. વધુમાં જંતુનાશક કે ખાતર માટે પણ કોઈ ખર્ચ કરવાનો થતો નથી જેથી આમ જોઈએ તો અમારી પ્રાકૃતિક ખેતી ઝીરો બજેટ ખેતી બની રહી છે."

ખેતપેદાશોના મૂલ્યવર્ધનથી સમૃદ્ધિનું સર્જનના સરકારશ્રીના ધ્યેયને મોરબીના આ પ્રગતિશીલ ખેડૂત ખરા અર્થમાં સાર્થક કરી રહ્યા છે. મગફળી અને તલ જેવા પાકોમાં તેઓ તેનું તેલ કઢાવી અને વેચાણ કરે છે જેથી તેમને મગફળી કે તલ સીધું બજારમાં વેચવાની સરખામણીએ આવકમાં ઘણો વધારો થાય છે. ઉપરાંત આ તેલ માટે લોકો અગાઉથી જ ઓર્ડર લખાવે છે અને ભાવ પણ સારા મળે છે

### જામનગરની સીદી બાદશાહ જમાતનો વિવાદ ઉગ્ર બન્યો

। (એજન્સી) જામનગર, તા.૨૨ ।

જામનગરમાંથી ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. જ્યાં શહેરની સીદી બાદશાહ ચૂંટણીના વિવાદે હિંસાત્મક સ્વરૂપ લઈ લીધું હતું. સોમવારે (૨૧ જુલાઈ) જમાતના એક હોદ્દેદાર તૌસીફભાઈનું સ્કૂટર સળગાવી નાંખવા અંગે જમાતથી દૂર કરાયેલા હોદ્દદાર અને તેના પરિવારની બે મહિલાઓ સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, શહેરમાં નાગનાથ નાકા બહાર નેશનલ સોસાયટીમાં રહેતા અને મેડિકલ કોલેજમાં ફરજ બજાવતા તોશીફ હબીબ મિયાના ઘર પાસે રાખેલું પોતાનું સ્કૂટર સોમવારે મોડી રાત્રે સળગાવી દેવામાં આવ્યું હતું. ચૂંટણી વિવાદની અદાવત રાખીને સ્કૂટર પર આગ ચાંપી દેવામાં આવી હતી. સમગ્ર ઘટનાને લઈને સ્કૂટરના માલિકે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ પરથી સ્કૂટર સળગાવવા અંગે સમીર ઉર્ફે મુન્નીયો ઈસ્માઈલ વગીન્ડા તેમજ નમીરા ફરદીન વગીન્ડા અને ઈરમ નામના શખસ સામે પોલીસ ફરિયાદ દાખલ કરી છે.

#### જામીન અરજી પર સુનાવણી લંબાવાઈ


## ચૈતર વસાવાની મુશ્કેલી વધી, હજુ ૧૫ દિવસ જેલમાં રહેવું પડશે

। (એજન્સી) નર્મદા, તા.૨૨ ।

દેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા પર ભાજપ શાસિત તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવા સાથે થયેલી ઉગ્ર બોલાચાલી બાદ મારામારીનો આરોપ લગાવવામાં આવ્યો હતો. આ મામલે ફરિયાદ બાદ ચૈતર વસાવાની ૫ જુલાઈએ ધરપકડ કરવામાં આવી હતી. ત્યારથી તે જેલમાં બંધ છે. જોકે, હવે ચૈતરની મુશ્કેલીમાં વધારો થયો છે. કારણ કે, હાઈકોર્ટમાં પણ ચૈતરની જામીન અરજીની સુનાવણી ૫ ઓગસ્ટ સુધી મુલતવી રાખવામાં આવી છે.

નોંધનીય છે કે, આ પહેલાં નીચલી કોર્ટ અને સેસન્સ કોર્ટે ચૈતર વસાવાની જામીન અરજી ફગાવી દીધી હતી. જોકે, ત્યારબાદ AAPP નેતાએ ગુજરાત હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો.

ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજીની સુનાવણીની મુદત પાડવામાં આવી છે. કોર્ટે જામીન અરજી પર તાત્કાલિક ચુકાદો ન આપતા ૫ ઓગસ્ટે સુનાવણીની મુદત આપી છે. જેના કારણે ચૈતર વસાવાને હજુ ૫ ઓગસ્ટ સુધી વડોદરાની સેન્ટ્રલ



જેલમાં બંધ રહેવું રડશે. નર્મદા જિલ્લાના દેડિયાપાડા ખાતે AAPના ધારાસભ્ય ચૈતર વસાવા અને ભાજપ શાસિત તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવા વચ્ચે ગત શનિવારે (૫ જુલાઈ) ઉગ્ર બોલાચાલી બાદ મારામારીનો બનાવ બન્યો હતો. આ ઘટના ATVT (આદિજાતિ વિકાસ કચેરી)ની સંકલન બેઠક દરમિયાન બની હતી. આ મામલે તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવાએ પોલીસ ફરિયાદ નોંધાવ્યા બાદ ચૈતર વસાવાની ધરપકડકરવામાંઆવીહતી.આદરમિયાન પોલીસ અને ચૈતર વસાવાના સમર્થકો વચ્ચે ઘર્ષણ પણ સર્જાયું હતું.

#### ફ્યુઅલ સ્વિચમાં કોઇ ખામી નથી

## બોઇંગ ૭૮૭ અને ૭૩૭ની ફ્યુઅલ સ્વિચની તપાસ પૂર્ણ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ પ્લેન ક્રેશ બાદ એરલાઈન્સ કંપનીઓ સતર્ક થઇ ગઇ છે. એર ક્રાફ્ટની તપાસને લઇને વધુ ગંભીર થઇ ગઇ છે ત્યારે હવે એર ઇન્ડિયામાં રહેલા તમામ બોઇંગ ૭૮૭ અને બોઇંગ ૭૩૭ એર ક્રાફ્ટની ફ્યુઅલ કંટ્રોલ સ્વિચની લોકિંગ સિસ્ટમની તપાસ પુરી કરી લીધી છે. તેમણે કહ્યું કે ફ્યુઅલ કંટ્રોલ સ્વિચમાં કોઇ પ્રકારની ખામી મળી નથી. મહત્વનું છે કે DGCAએ સુરક્ષાને ધ્યાને રાખીને તપાસના નિર્દેશ આપ્યા હતા જે મુજબ એરલાઈન્સ દ્વારા તપાસ કરવામાં આવી. આ સાથે જ એર ઈન્ડિયાએ શું કહ્યું તે વિશે જાણીએ. એર ઈન્ડિયાએ કહ્યું કે એર ઈન્ડિયાએ પોતાના તમામ બોઈંગ ૭૮૭ અને બોઈંગ ૭૩૭ વિમાનની ફ્યુઅલ સ્વિચની લોકિંગ સિસ્ટમની તપાસ પૂર્ણ કરી લીધી છે. જેમાં કોઇ ખામી મળી નથી. આ નિરીક્ષણ અમદાવાદ એર ઈન્ડિયા પ્લેન ક્રેશ બાદ કરવામાં આવ્યું હતં જેમાં પ્લેનમાં સવાર ૨૪૧ લોકોએ જીવ ગુમાવ્યા હતા. અમદાવાદ અકસ્માત અને ૧૪ જુલાઈના રોજ જાહેર કરાયેલ DGCA ના નિર્દેશ પછી, એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસે તાત્કાલિક નિરીક્ષણ શરૂ કર્યું હતું. આ નિરીક્ષણો ૧૨ જુલાઈના રોજ શરૂ થયા હતા અને નિયમનકાર દ્વારા નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવ્યા હતા. એર એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB) ના પ્રારંભિક અહેવાલમાં જાણવા મળ્યું છે કે વિમાનના એન્જિન ટેકઓફ પછી થોડીક સેકન્ડોમાં બંધ થઈ ગયા હતા.

#### એમજીવીસીએલની ઘોર બેદરકારી

## પાદરામાં પાણીમાંથી પસાર થતા વિદ્યાર્થીને કરંટ લાગતા કમકમાટી ભર્યું મોત

### જાહેર રસ્તા પર ભરાયેલા વરસાદી પાણી અને ગટરના પાણીમાં વીજ પ્રવાહ વહેતો થતા એક નિર્દોશ બાળકનું મોત નિપજ્યું હતું

। (એજન્સી) વડોદરા, તા.૨૨ ।

વડોદરા શહેરના પાદરામાં આવેલી રાધા કૃષ્ણ સોસાયટી પાસેથી પસાર થઈ રહેલા એક વિદ્યાર્થીનું વીજ કરંટ લાગતા મોત નિપજ્યું હતું. આ યુવાન સાઈકલ લઈને ટ્યુશન જવા નીકળ્યો હતો. રસ્તામાં વરસાદના કારણે પાણી ભરાયેલું હતું. તે રસ્તા પર વરસાદી અને ગટરનું પાણી એકઠું થયેલું હતું. આવા સંજોગમાં વિદ્યાર્થી ટ્યુશન જવા માટે સાઈકલ પર નિકળ્યો હતો. ત્યાર બાદ વિદ્યાર્થી તે વરસાદથી ભરાયાલા પાણીમાંથી પસાર થતાં તેને કરંટ આવ્યો હતો.કરંટ આવતાની સાથે જ તે બાળકનું ઘટના સ્થળે જ મોત થયું હતું. કરંટ લાગતા વિદ્યાર્થી ને તાત્કાલિક ધોરણે પાદરાના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યો હતો. પરંતુ ત્યાં પહોંચતા તબીબોએ તે વિદ્યાર્થીને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ થતાં પાદરા એમજીવીસીએલની ટીમ તાત્કાલિક પણે ઘટના સ્થળ પર પહોંચીને વીજ પ્રવાહને રોક્યો હતો.



જાહેર રસ્તા પર ભરાયેલા વરસાદી પાણી અને ગટરના પાણીમાં વીજ પ્રવાહ વહેતો થતા એક નિર્દોશ બાળકનું મોત નિપજ્યું હતું. આ મામલે રહિશોમાં ભારે આક્રંદ સાથે આક્રોશ ફેલાયો હતો. વીજ તંત્રની આવી ગંભીર બેદરકારીના કારણે નિર્દોશ બાળકે પોતાના જીવ ગુમાવવો પડ્યો છે. વરસાદથી ભરાયેલા પાણી અને ગટરમાંથી ઉભરાતા પાણી રોડ પર એકઠું થયું અને તેમાં કરંટ ઉતરતા આ ભયાનક ઘટના ઘટી હતી. એમજીવીસીએલની બેદરકારીના કારણે એક માતા-પિતાએ પોતાનું બાળક ગુમાવ્યું છે. આવી બેદરકારીનો ભોગ ક્યાં સધી નિર્દોશ લોકો બનશે? સ્થાનિકો એમજીવીસીએલને આ પ્રશ્ન કરી રહ્યા છે.

### જામનગરમાં પાન મસાલાના વેપારીની ડિજિટલ પહેલ

। (એજન્સી) જામનગર, તા.૨૨ ।

આજના આધુનિક યુગમાં દરેક વેપારી પોતાનો ધંધો-રોજગાર વધારવા માટે ટેક્નોલોજીનો ઉપ યોગ કરી રહ્યા છે. હવે જામનગરના પાન-મસાલાના વેપારીઓએ પણ વધતી ટેક્નોલોજીની સાથે વેપારમાં નવીનતા લાવી છે. જામનગરમાં હવે ‘માવા એટીએમ’ શરૂ કરવામાં આવ્યું છે! હા, જેમ એટીએમમાંથી પૈસા ઉપાડી શકાય છે તેમ હવે એટીએમમાંથી મસાલા પણ મેળવી શકાશે. જેનું નામ ‘એની ટાઈમ માવો’ એવો અર્થ કરવામાં આવી રહ્યો છે. જામનગરમાં એક વેપારીએ દુકાનની બહાર એક ખાસ મશીન સ્થાપિત કર્યું છે. જ્યાંથી ગ્રાહકો ઓનલાઈન પેમેન્ટ કરીને માવો મેળવી શકે છે. આ મશીન ચોવીસે કલાક રાઉન્ડ ધ ક્લોક ઉપલબ્ધ છે. એટલે કે દુકાન બંધ હોય, વરસાદ હોય કે, વહેલી સવાર કે મોડી રાત હવે માવાના શોખીનો માટે કોઈ સમયનું બંધન નહી રહે.

## IAS અધિકારી સંજય કૌલે ગિફ્ટ સિટીના એમડી અને ગ્રુપ સીઈઓ તરીકેનો સંભાળ્યો ચાર્જ

### અગાઉ ટુરિઝરમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે સેવા આપી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

સિનિયર ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (આઈએએસ) ઓફિસર સંજય કૌલે ભારતની અગ્રણી સ્માર્ટ સિટી અને સૌપ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસીઝ સેન્ટર (આઈએફએસસી) એવા ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી)ના મેનેજિંગ ડિરેક્ટર અને ગ્રુપ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે સોમવારે ચાર્જ સંભાળી લીધો છે. તેમણે આઈએએસ ઓફિસર (નિવૃત્ત) તપન રેનું સ્થાન લીધું હતું, જેઓ ૨૦૧૯થી આ સુકાન સંભાળી રહ્યા હતા.

૨૦૦૧ની બેચના આઈએએસ ઓફિસર કૌલ પબ્લિક પોલિસી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ મેન્ટ, ટેક્નોલોજી અને ફાઈનાન્સના ક્ષેત્રે બે દાયકા કરતા વધુનો અનુભવ ધરાવે છે. આ જવાબદારી સંભાળ્યા પૂર્વે તેઓ ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલયમાં જોઈન્ટ સચિવ હતા. તેઓ અગાઉ ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડ અને ટુરિઝરમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે સેવાઓ આપવા સાથે ગુજરાતમાં કામ કરી ચૂક્યા છે.

આ નિયુક્તિ અંગે સંજય કૌલે જણાવ્યું હતું કે વિશ્વના સફળ ફાઈનાન્શિયલ અને ટેક્નોલોજી હબ બનવા તરફની ગિફ્ટ સિટીની સફરના આ નિર્ણાયક તબક્કે તેનું નેતૃત્વ સંભાળવું એ એક વિશેષાધિકાર છે.

હું અત્યાર સુધી જે મજબૂત પાયો નખાયો છે તેના પર આગળ વધવા, વ્યૂહાત્મક પહેલ હાથ ધરવા, વૈશ્વિક ભાગીદારીઓ કરવા અને ગિફ્ટ સિટીના સ્ટેટસને રાષ્ટ્રીય મહત્વના પ્રોજેક્ટ તરીકે વધુ મજબૂત કરે તેવો વિશ્વ-કક્ષાનો સિટી અનુભવ પૂરો પાડવા માટે આતુર છું. તમને જણાવી દઈએ કે મૂળ ગુજરાતના અધિકારી કૌલે સુરતની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીથી ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્યૂનિકેશન એન્જિનિયરિંગમાં તથા અમેરિકાના ન્યૂયોર્કમાં સેરાક્યુસ યુનિવર્સિટીથી પબ્લિક પોલિસીમાં પ્રોફેશનલ ડિગ્રી મેળવેલી છે.

#### કેટલાક માલિકીના ઢોર રસ્તે રઝળી રહ્યા છે

## રસ્તે રઝળતા માલિકીના ઢોરને પોતાના ઘર-વાડા માં બાંધી રાખવા મ્યુની. તંત્રની કડક સુચના

### સાથો સાથ ઢોર માલિકો સામે પણ કાર્યવાહી કરવામાં આવશે, તેવી કડક સુચના આપવામાં આવી રહી છે

। (એજન્સી) જામનગર, તા.૨૨ ।

જામનગર શહેરમાં કેટલાક માલિકીના ઢોર રસ્તે રઝળી રહ્યા છે, અને તેના માલિકો દ્વારા ફરીથી પોતાના માલિકીના ઢોરને જાહેર માર્ગો પર છોડી દઈ અડચણ કરતા હોવાથી મહાનગરપાલિકાની ટીમ દ્વારા સર્વે કરીને સુચના આપવામાં આવી રહી છે.ત્યારબાદ આવા માલિકીના ઢોર બહાર જોવા મળશે તો તમામને જપ્ત કરી લેવામાં આવશે, સાથો સાથ ઢોર માલિકો સામે પણ કાર્યવાહી કરવામાં આવશે, તેવી કડક સુચના આપવામાં આવી રહી છે. જામનગર મહાનગરપાલિકાના કમિશનર ડી.એન.મોદી, તેમજ ડે.કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા, તથા આશિ.કમિશનર ભાવેશ જાનીના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટુકડીઓ બનાવાઈ છે. જેમાં કંટ્રોલિંગ અધિકારી મુકેશ વરણવાની રાહબરી હેઠળ સોલીડ વેસ્ટ શાખાના રાજભા જાડેજા, ઉપરાંત એસ્ટેટ શાખાની ટીમ ટેક્સ બ્રાન્ચના નીતિન મહેતા સહિતની ટુકડી દ્વારા ગઈકાલે સૌપ્રથમ વંડાફળી સહિતના આસપાસના વિસ્તારોમાં જઈને સુચના આપવામાં આવી હતી, અને ત્રણ દિવસનું અલ્ટીમેટમ અપાયું છે. સાથો સાથ જે ઢોર માલિકો દ્વારા પોતાના ઘર અથવા આસપાસના વિસ્તારમાં વાડાઓ બાંધીને તેમાં પશુઓને રાખવામાં આવી રહ્યા છે, તે જગ્યા અંગેના આધાર પુરાવાઓ પણ મેળવાઈ રહ્યા છે. જેમાં કોઈ પણ પ્રકારનું દબાણ જોવા મળશે, તો તે ઢોરવાડાને દૂર કરી દેવામાં આવશે તેવી પણ સૂચના અપાઈ રહી છે. જામનગર શહેરના કાલાવડ નાકા બહાર, શંકર ટેકરી, ગુરુદ્વારા, જલારામનગર સહિતના વિસ્તાર કે જ્યાં ઢોર માલિકો દ્વારા પોતાના પશુઓને ઘર તથા વાડામાં રાખવામાં આવે છે, તે તમામ સ્થળોએ જઈને ડોર ટુ ડોર સર્વે કરવામાં આવી રહ્યું છે.

### રસ્તે જતી વિદ્યાર્થીનીને ગાયે અડફેટે લેતા ઈજાગ્રસ્ત થઇ

। (એજન્સી) ભરુચ, તા.૨૨ ।

ભરુચના જંબુસરમાં રખડતા ઢોરનો આંતક યથાવત જોવા મળી રહ્યો છે. રખડતા ઢોરે એક બાળકી પર હુમલો કર્યો હતો. રસ્તે જતી વિદ્યાર્થીનીને ગાયે અડફેટે લીધી હતી. વિદ્યાર્થિનીને ઈજા થતા હોસ્પિટલ ખસેડાઇ છે. ટંકારીભાગોળ વિસ્તારમાં ફરજ બજાવતા ટીઆરબી જવાને વિદ્યાર્થીનીને હોસ્પિટલ પહોંચાડી સારવાર કરાવી હતી. જંબુસરમાં રખડતા ઢોરનો આંતક યથાવત જોવા મળી રહ્યો છે. રસ્તે જતી વિદ્યાર્થીનીને ગાયે અડફેટે લીધી હતી. વિદ્યાર્થિની ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવમાં આવી છે. શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ વધતા લોકોમાં ભય ફેલાયો છે. લોકોનું કહેવું છે કે ઢોરના કારણે અકસ્માત પણ થઈ શકે છે. પલિકામાં અનેક રજૂઆત કરવા છતા આ સમસ્યાનું કોઈ નિરાકરણ આવતું નથી. જંબુસરમાં સ્કૂલની વિદ્યાર્થીની પર રખડતા ઢોરે હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે.

#### ઈકો કારનો કચ્ચરઘાણ નીકળી ગયા

## મહેસાણા નજીક ખેરાલુ-સતલાસણા હાઈવે પર દર્દનાક અકસ્માત થયો

### એસટી બસ અને ઈકો કાર વચ્ચે જોરદાર ટક્કર થતા પિતા-પુત્રનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતુ

। (એજન્સી) મહેસાણા,તા.૨૨ ।

મહેસાણા જિલ્લામાં ખેરાલુ-સતલાસણા હાઈવે પર તારંગા નજીક આજે વહેલી સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

અંબાજીથી રાજપીપળા જઈ રહેલી એસટી બસ અને ઈકો કાર વચ્ચે જોરદાર ટક્કર થતા પિતા-પુત્રનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ અકસ્માતમાં પાંચ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાથમિક માહિતી અનુસાર, અકસ્માત એટલો ભયાનક હતો કે ઈકો કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. ઈકોમાં સવાર બે વ્યક્તિના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત થયા હતા. મૃતકો પિતા-પુત્ર હોવાનું જાણવા મળ્યું છે, જોકે તેમની ઓળખ હજુ સુધી થઈ નથી. અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. સ્થાનિકો અને હાઈવે પરથી પસાર થતા અન્ય વાહનચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા.

તેમણે ફસાયેલા લોકોને બહાર કાઢવામાં મદદ કરી હતી. અકસ્માતની જાણ થતા ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યારે મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. હાલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. આ અકસ્માત કયા કારણોસર થયો તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

## ગુજરાતમાં બે વર્ષમાં રૂ.૧૯૧ કરોડનો વિદેશી દારૂ પકડાયો

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૨ ।

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ રહી છે. સરકાર અને ગૃહ વિભાગ ભલે ગમે તેટલાં દાવા કરે પણ ગુજરાતમાં ખુલ્લેઆમ દારૂનો વેપલો ધમધમી રહ્યો છે. યુવાઓ દારૂ-ડ્રગ્સના બંધાણી બન્યાં છે ત્યારે અમદાવાદ જેવા મેગાસિટીમાં ક્લબોમાં ચાલતી દારૂની મહેફિલ-પાર્ટી તો હિમશીલાના ટોપકાં સમાન છે. હવે તો દારૂ-ડ્રગ્સની પણ હોમ ડીલિવરી થઈ રહી છે. છેલ્લાં બે વર્ષમાં ગુજરાતમાંથી ૧૯૧ કરોડનો વિદેશી દારૂ પકડાયો છે. આ પરથી ગુજરાતમાં દારૂબંધી છે કે દારૂછુટ્ટી એ જ ખબર પડતી નથી. ભાજપના રાજમાં બુટલેગરો બેફામ બન્યાં છે. એટલું જ નહીં, હપ્તારાજને કારણે દારૂના દૂષણને કાબૂમાં લઈ શકાય તેમ નથી. જે રીતે ગુજરાતમાં વિદેશી-દેશી દારૂ ઉપરાંત ડ્રગ્સનો જથ્થો પકડાઈ રહ્યો છે તે જોતાં ગુજરાતની ઓળખ ઉડતા પંજાબની જેમ ઉડતા ગુજરાત થઈ રહી છે. છેલ્લાં બે વર્ષમાં જ ગુજરાતમાં ૨.૮૭ કરોડનો દેશી દારૂ અને ૧૧ કરોડનું બિયર પકડાયુ છે. ગુજરાતમાં હવે ડ્રગ્સ પેડલરોનું પણ વ્યાપક નેટવર્ક છે જેના કારણે શહેરો જ નહીં, હવે તો ગામડાઓમાં પણ ડ્રગ્સ વેચાઈ રહ્યુ છે. ગાંજો, અફીણ તો ઠીક, પણ હેરોઈન સહિત ડ્રગ્સ પણ બેફામપણે વેચાણ થઈ રહ્યુ છે. બે વર્ષમાં ૩૯૫૫ કરોડનું અફીણ, ગાંજો, હેરોઈન સહિત ડ્રગ્સ પકડાયું છે. આટલા વિશાળ જથ્થામાં દારૂ-ડ્રગ્સ પકડાઈ રહ્યુ છે ત્યારે પોલીસ-ગૃહ વિભાગ જાણે તીર માર્યુ હોય તેમ વાહવાહી મેળવી રહ્યું છે. સવાલ એ છે કે, દારૂ-ડ્રગ્સનો આટલો વિશાળ જથ્થો પકડાઈ રહ્યો છે.

#### પાડોશીએ પણ સગીરાને ધમકી આપીને ગુજાર્યો બળાત્કાર

## વડોદરામાં ૪૫ વર્ષના કાકાએ ૧૧ વર્ષની ભત્રીજીને હવસનો શિકાર બનાવી

### આ અંગે પોલીસે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ગણતરીના કલાકોમાં બંને આરોપીને દબોચી લીધા હતા

। (એજન્સી) વડોદરા, તા.૨૨ ।

વડોદરા રહેતા ૪૫ વર્ષના કાકાએ ૧૧ વર્ષની માસૂમ ભત્રીજીને હવસનો શિકાર બનાવી હોવાની ઘટના બની હતી. આ ઘટના કાકાના પાડોશી તથા તેમના ૪૭ વર્ષના મિત્રએ જોઈ જતા તેણે પણ ગેરલાભ ઉઠાવી સગીરાને બ્લેકમેલ કરીને તેની પર બળાત્કાર ગુજાર્યો હતો. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વડોદરામાં રહેતા પરિવારની વર્ષની પુત્રી અભ્યાસ કરે છે. ગત તારીખ ૧૮ જુલાઈના રોજ સાંજે સાત વાગ્યે સગીરા ઘરની સામે જ રહેતા કાકાના ઘરે ગઈ હતી. જ્યાં એકલતાનો લાભ ઉઠાવી કાકાએ ભત્રીજી ઉપર બળજબરીપૂર્વક બળાત્કાર ગુજાર્યો હતો. પાડોશમાં જ રહેતો કાકાનો મિત્ર સતીશ મનુભાઈ કહાર ઘટના નિહાળતા હું બધાને જાણ કરી દઈશ તેવી ધમકી આપી તેણે પણ સગીરા ઉપર બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું.હવસના ભૂખ્યા નરાધમોએ સગીરાને હવસનો શિકાર બનાવી કોઈને કહીશ નહીં તેમ કહી મામલો સમેટવા પ્રયાસ કર્યો હતો, જો કે, ડઘાઈ ગયેલ સગીરાએ માતા સમક્ષ હકીકત વર્ણવતા માતાના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. આ અંગે રાવપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ગણતરીના કલાકોમાં બંને આરોપીને દબોચી લીધા હતા. બંને આરોપીઓ વિરુદ્ધ અગાઉ પ્રોહિબિશનના ગુના નોંધાઈ ચૂક્યા છે.

